134310

દુનિયાની દુગ્ધાથી દૂર

મહાત્મા જેમ્સ ઍલનના
Above Life's Turmoil ઉપરથી

681
T4

પ્રકાશક :
શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ : અમદાવાદ

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BJ
1581
.A5T4
BK-3104

દુનિયાની દુગ્ધાથી દૂર

મહાત્મા જેમ્સ ઍલન કૃત
Above Life's Turmoil નું
ભાષાંતર

ભાષાંતર કરનાર
સદ્ગત
જાદવરાય હકુમતરાય ઠાકોર

સંપાદક
વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર

પ્રકાશકો :
વિષ્ણુપ્રસાદ રતનરામ ઠાકોર
શ્રી રામકૃષ્ણ ભુવન, ગુજરાત સોસાયટી : અમદાવાદ
રસીકલાલ વાસુદેવ મહેતા
સાંકડીશેરી, હજીરાની પોળ : અમદાવાદ
માનદ મંત્રીઓ :
શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ : અમદાવાદ

Gift
BK-3104
BJ
1581
.A5T4

આવૃત્તિ પહેલી	કિંમત	પ્રત ૧૦૦૦
સંવત ૧૯૯૮	ચાર આના	સને ૧૯૪૨

પોસ્ટેજ ૦-૧-૬

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BJ
1581
.A5
BK-3104

મુદ્રક :
કેશવ હ. શેઠ
ખડાયતા મુદ્રણકલામન્દિર,
ખાડીઆ, અમદાવાદ

UNIVERSITY LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA
MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA



મહાત્મા જેમ્સ ઍલન



શ્રી. જાદવરાય હકુમતરાય ઠાકોર

જન્મ ઈ. સ. ૧૮૫૫ — મૃત્યુ ઈ. સ. ૧૯૩૭

નિવેદન

મારા સદ્‌ગત વડીલ મુ. **જાદવરાયજી** હકુમતરાયજીએ લગભગ બાવીસ વર્ષ ઉપર તૈયાર કરેલો આ તરજુમો તેમનો દેહ પડયા પછી સાડાપાંચ વર્ષે પ્રકટ કરી શકાય છે. સને ૧૯૧૯ તથા ૧૯૨૦ના **'સુન્દરીસુબોધ'** માસિકના જુદાજુદા અંકોમાં આ પુસ્તકના પ્રથમ અઢાર પ્રકરણો છપાયાં હતાં. તે પછીનાં બે એમને એમ રહ્યાં. સને ૧૯૨૮ દરમ્યાન આ પુસ્તક છપાવવા તેમની ઈચ્છા થઈ, પ્રસ્તાવના લખાઈ, પરંતુ આ પુસ્તકને બદલે **શ્રી. જેમ્સ ઍલન**ના બીજા એક પુસ્તક નામે Life Triumphant નો તરજુમો **'ધન્ય જીવન'** નામથી સને ૧૯૩૧માં બહાર પડયો, અને આ પુસ્તકનું પ્રકાશન લંબાયું. મારા કમનસીબે, અનેક વિરુદ્ધ સંજોગોના કારણે, આ પુણ્યકાર્યમાં મારાથી તેમને વખતસર મદદ ના અપાઇ અને તેમનો દેહ જાન્યુ. ૧૯૩૭ માં પડ્યો. આજે **શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ**ના સહકારથી આ પુસ્તક પ્રકટ કરવા હું ભાગ્યશાળી થયો છું.

મારા વડીલના અનુવાદમાં જરૂર જણાઇ ત્યાં ઘટતા ફેરફાર કર્યા છે. ઉપરાંત, કોઇ કોઈ સ્થળે ફૂટનોટમાં શ્લોક, પદ વગેરે મારી સમજ મુજબ મેં ઉમેર્યાં છે. '**તત્ત્વ-ચિંતન**'ની પ્રસ્તાવનામાં મેં લખ્યું હતું તેમ, 'જગતમાં નીતિના સિદ્ધાન્તો સર્વસામાન્ય છે અને સર્વ ધર્મોનું લક્ષ્યબિંદુ એક જ છે, અને તે સત્‌-સદાચાર યા **સદ્વર્તન છે**', એ શ્લોક, પદ વગેરેની પસંદગી ઉપરથી જણાશે.

ગંધ્રક ફળિયા, **સુરત**
ભાદ્રપદ એકાદશી
તા. ૨૦-૯-૧૯૪૨

વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર

પ્રસ્તાવના

આ પુસ્તક **શ્રી. જેમ્સ એલનના** Above Life's Turmoil નામના નાના પુસ્તકનો સરળ તરજુમો યા અનુવાદ છે. તરજુમો અક્ષરશઃ બધે સ્થળે નથી થઇ શકયો, પરંતુ જ્યાં જ્યાં ફેરફાર કર્યા છે ત્યાં ત્યાં લેખકનો મૂળ ભાવ આણવા મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે.

આ પુસ્તકમાં કેટલાંક પ્રકરણો એવાં છે કે તેમાં કરેલું વિવેચન કદાચ આ વિષયને અજુગતું લાગે; પરંતુ આખા ગ્રંથના બોધપાઠો લક્ષમાં લીધાથી, "મન ઉપર કાબૂ અને આત્મજ્ઞાન" મળે એવું તેમાં દિગ્દર્શન કરેલું છે, એમ માલમ પડયા સિવાય રહેશે નહિ. એવો કાબૂ અને આત્મજ્ઞાન થાય તો, મનુષ્ય દુનિયાની દુગ્ધાને નહિ ગણકારતાં, આ દુનિયામાં રહીને જ પૂર્ણ શાંતિ ભોગવે.

આ સંસાર જેમ દુઃખ ને શોકથી ભરપૂર છે, તેમ તેમાં આનંદ પણ છે. આપણે આ સંસારમાં જન્મ લીધો છે તે પૂર્વભવના કર્મના યોગે, માતા પિતા, સ્ત્રી, છોકરાં, સગાસંબંધી, વગેરેનું ઋણ પતાવવા માટે છે. જેવું ને જેટલું ઋણ જે પ્રકારે કર્યું છે તે પ્રકારે તે ઋણ પતવે છૂટકો છે. કેટલેક ઘેર આનંદમાં દિવસો જાય છે, અને કેટલેક ઘેર કજિયાકંકાસમાં વર્ષોનાં વર્ષો વીતી જાય છે. એ બધા પ્રતાપ પૂર્વકર્મના યોગે ઘડાયા હોય છે. કેટલીક વખત

એવા પ્રસંગ આવી ચઢે છે કે, મનુષ્ય આવા કજિયાકંકાસથી કંટાળી જઈ પોતાનું ઘર છોડી જતો રહે છે. પરંતુ, એ પ્રમાણે નાસી છૂટવાથી છેડો આવતો નથી. તે જ્યાં જ્યાં જાય ત્યાં તેની આગળ એવી પ્રથમની સ્થિતિ ખડી થશે. પૂર્વકર્મના યોગે ચોક્કસ સંજોગો આવી મળવાના એ નિર્વિવાદ છે, માટે તેથી ડરી નહિ જતાં યા નાસીપાસ નહિ થતાં, એવા સંસારમાં મન ઉપર કાબૂ રાખી રહેવાથી અને ભક્તિમાર્ગે જીવન ગાળવાથી મનુષ્ય હેઠે નહિ પડતાં ઉચ્ચ પાયરીએ ચઢે છે.

સુખના સમયે **ભ**ગવાનને વિસારે મૂકવામાં આવે છે. તેવા સમયે પણ ભક્તિ કરનારા હોય છે; પરંતુ દૈવી સંપત્તિના ગુણોને અનુસરી ખરા ભાવથી ભક્તિ કરનારા તો વિરલા જ હોય છે. આવા વિરલાઓ પોતે સુખવાસી છતાં, તે સુખની દરકાર નહિ કરતાં, ભક્તિમાર્ગ આદરી, દૈવી સંપત્તિના ગુણો પ્રમાણે વર્તવાથી **રાજા અંબરીષ**, **સુધન્વા** વગેરેની માફક **ભ**ગવાનના દર્શનને પાત્ર થાય છે.

કજિયાકંકાસમાં જેના દહાડા જતા હોય તેવો મનુષ્ય શાંતિમાં દિવસો ગાળવા ઈચ્છા રાખે તો તેને એવો યોગ ફળદાયી નીવડે છે. તેની આસપાસ ઘણો યે કજિયોકંકાસ ચાલુ હોય, છતાં તેને નહિ ગણકારતાં જે વખતે જે સંજોગ આવી ચઢે તેને રાજીખુશીથી ભેટી—

આખે જગતથી અવળું કર્યું, જીવન મૂકી મૃતક આદર્યું,
મૃતક જેવું મીઠું કાંઇ નથી, સારથી સાર કાઢયું મથી.
પ્રત્યક્ષ પરોક્ષ જીવતાને ભય, પણ આખો મુવો તે નિર્ભય.

એવું જીવન ગાળે તો તે શાંતિમાં રહે છે.

આવા મનુષ્યનું મન ભક્તિમાર્ગ તરફ જલદી વળે છે.

પોતાને માથે આવી પડેલા દુઃખમાંથી છૂટવા માટે તે ખરા ભાવથી ભક્તિ કરવા પ્રેરાય છે. આવી ભક્તિ દૈવી **સંપત્તિના** ગુણોને અનુસરી કરવામાં આવે તો તેને જલદી શાંતિ પ્રાપ્ત થાય છે.

"દુનિયાની દુગ્ધાથી દૂર", એટલે દુનિયાથી નાસી છૂટવાનું નથી, તેનો ત્યાગ કરવાનો નથી, પરંતુ તેની દુગ્ધા-જંજાળ-પ્રપંચોથી દૂર (સાંસારિક પ્રપંચોની પાર) રહેવાનું છે. અર્થાત્, જેઓ **માયામાં** રચ્યાપચ્યા રહે છે તેવી રીતે તેમાં નહિ રહેતાં—

સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ,
લોક વિષે લોપાય નહિ, તે જાણ મારો દાસ.

આવી રીતે **શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને** બોધ આપેલો છે, તે પ્રમાણે રહેવાનું છે.

આ સંસારમાં મનને ફસાવનાર **માયા** છે. **માયા** આપણને કેવી રીતે લોભાવી ઊંચે ચઢાવી ફસાવે છે, તે આપણે અજ્ઞાનપણાને લીધે સમજતા નથી. દરેક મનુષ્ય પોતે પોતાને ડાહ્યો સમજે છે, પરંતુ જે વખતે **માયા** તેને ઊંધો નાંખે છે ત્યારે બીજા મનુષ્યો તેનું ડહાપણ આંકે છે. આ સંબંધી **અખા ભગતનું** સુંદર પદ આ નીચે ટાંકું છું:

"જેમ પાળે ઘેરીને ખાટકી, તેને ભક્ષ્ય ભોજન આપે ઘણું,
પછી વધ કરે વારુ કહીને, એ લક્ષણ અજાતણું.
તે મેંઢા જાણે માહરો, પાળક પોષક છે ઘણી,
તેને આપ જાય અર્પવા, મોટપ મનમાં અતિ ઘણી.
વાત્સલ્ય જાણી વામ દક્ષિણ, વણ દોર્યો કેડે ફરે,
તેને મહાજન મૂકાવા કરે, તોય તે યવન કેડે સંચરે.

હાથ ફેરવે તે થકે મન માંહી, **હેતુ** જાણે તેહને,
પણ સુનાને મન વાત અળગી, તે ભારે ભાળે દેહને.
અળગા આશય બેઉ તણા, લોભે લાગ્યો અજ હળે,
તેને યવન જાણે ભક્ષ કરું, જો ઘણેરું વપુએ વળે.
પછી ચરણ ઊંચે અધોમુખે, ને નેટ તે રાખે સરે,
માયા ફેરી રીત એવી, અંતે જીવને એમ કરે."

માયા મનુષ્યને કેવી રીતે લોભાવી ફસાવે છે એ ઉપરના દૃષ્ટાંતમાં સમજાવ્યું છે.

માયા ઘણી ઠગારી છે એવું દરેક મનુષ્ય સમજે છે, પરંતુ તે દુસ્તર હોવાથી તેને તરી પાર ઊતરવું ઘણું મુશ્કેલ થઇ પડે છે. આ **માયાને** તરવા તથા મન ઉપર કાબૂ મેળવવા માટે દરેક જણે કેવી રીતે વર્તવું તેનું સુંદર વિવેચન આ પુસ્તકના બોધપાઠોમાં બહુ સારી રીતે વર્ણવ્યું છે, જે મનન કરવાયોગ્ય છે.

આ તરજુમો છપાવવાની પરવાનગી તા. ૧૧ મે ૧૯૨૧ના રોજ **શ્રીમતી લીલી ઍલને** કૃપા કરી આપી હતી, પરંતુ તેનો લાભ કેટલાક સંજોગોને લીધે મારાથી આજ સુધી લેવાયો નહિ હતો.

આપણા ધર્મપુસ્તકોમાં શું નથી કે બીજા ધર્મનાં પુસ્તકો આપણે વાંચીએ, એવું કેટલાકનું કહેવું થાય છે. તેના ઉત્તરમાં એટલું જ કહેવાનું કે, કોઈ પણ ધર્મના પુસ્તકમાંથી વિશેષ ખુલાસા સાથે જ્ઞાન મળતું હોય તો તેવાં પુસ્તકો વાંચવામાં હરકત નથી. વાંચનનો હેતુ જ્ઞાન સંપાદન કરવાનો છે. જ્ઞાનથી જ મોક્ષ મળે છે. જ્ઞાન સંપાદન કર્યા સિવાય **અંધશ્રદ્ધાથી મોક્ષ પ્રાપ્ત થતો નથી.**

જાદવરાય હકૂમતરાય ઠાકોર

અનુક્રમણિકા

પ્રકરણ		પાનું
૧	ખરો સંતોષ યા સાચું સુખ	૧
૨	જીવનું અમરપણું	૫
૩	અહંભાવ–દેહભાવનો ત્યાગ	૧૦
૪	માયાનો પ્રભાવ	૧૪
૫	સજ્જન મનુષ્ય	૨૧
૬	સારાસાર વિવેકબુદ્ધિ	૨૫
૭	કર્મનું મૂળ શ્રદ્ધા	૩૦
૮	જીવનનો ઉદ્ધાર કરે તેવી શ્રદ્ધા	૩૭
૯	વિચાર અને કાર્ય	૪૧
૧૦	માનસિક સ્થિતિ	૪૫
૧૧	વાવવું તેવું લણવું	૪૯
૧૨	ધર્મનું રાજ્ય	૫૩
૧૩	અદલ ન્યાય	૬૦
૧૪	વિચારશક્તિનો ઉપયોગ	૬૬
૧૫	મનોનિગ્રહ	૭૧
૧૬	સંકલ્પ	૭૯
૧૭	ઉત્કૃષ્ટ કાર્યસિદ્ધિ–મોક્ષ	૮૪
૧૮	શુભકાર્યમાં સંતોષ	૮૯
૧૯	ભ્રાતૃભાવનું મંદિર	૯૩
૨૦	શાંતિનાં સુરમ્ય ક્ષેત્રો	૧૦૧

શુદ્ધિપત્ર

પાનું	લીટી	અશુદ્ધ	શુધ્ધ
[પ્રકાશકના બે બોલમાંથી]			
૧૧	૬	Beyond	Above
૧૦	૧૪	તેઓ આ ઉકેલ	તેઓ પોતે આ ઉકેલ
૨૩	૧	ચલુ	ચાલુ
,,	૮	સત્વનો	સત્યનો
૨૫	૬	ઊડા	ઊંડા
૨૯	૬	સરાસાર	સારાસાર
૪૬	૮	યેગ્ય	યોગ્ય
૪૮	૧૧	જા ાના	જાતના
૫૮	૧૨	સો	સૌ
૬૨	૧૦	એક દ	એકાદ
૭૮	૧૬	મુજ...વર્ત	મુજબ...વર્તતા
૮૫	૧૨	કુળ	ફળ
૯૫	૭	રહેલી છે.	રહેલી છે,
,,	૧૯	ઉદ્ભવે છે,	ઉદ્ભવે છે.
૧૦૮	૪	मन्दा	मन्दो

પુસ્તકની લેખનશૈલી પણ પ્રેરક છે.

વંદેમાતરમ્—તા.૧૩–૧૨–'૪૧ આવાં પુસ્તકોના વાંચન અને મનનથી વાંચકોને શુભમાર્ગ મળે છે, વાચક ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશવાનો અધિકારી બને છે.

પુસ્તકાલય—જાન્યુઆરી '૪૨...તત્ત્વજ્ઞાન પ્રેમીઓને આ પુસ્તક ખાસ ગમશે.

૧૫	મનોનિગ્રહ	૭૧
૧૬	સંકલ્પ	૭૯
૧૭	ઉત્કૃષ્ટ કાર્યસિદ્ધિ-મોક્ષ	૮૪
૧૮	શુભકાર્યમાં સંતોષ	૮૯
૧૯	ભ્રાતૃભાવનું મંદિર	૯૩
૨૦	શાંતિનાં સુરમ્ય ક્ષેત્રો	૧૦૧

હમેશ મનન કરવા જેવું એક સુન્દર અને સસ્તું પુસ્તક

તત્ત્વચિંતન

(મહાત્મા જેમ્સ ઍલન કૃત મેડિટેશન્સનું ભાષાંતર)

ભાષાંતરકાર-શ્રી. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર,

પ્ર કા શ ક—શ્રી. રામકૃષ્ણ સેવા સમિતિ-અમદાવાદ.

પાકું પૂઠું-પાનાં ૩૬૬, કિંમત રૂ. ૧-૦-૦
પોસ્ટેજ ૦-૪-૦

પુસ્તક સંબંધી મળેલા કેટલાક અભિપ્રાયો

પ્રજાબંધુ—તા. ૨૮-૧૨-'૪૧...પવિત્ર જીવન અને સત્ય પ્રાપ્તિના પ્રયાસો વડે જાણીતા લેખક મર્હૂમ મિ. જેમ્સ એલનના ' મેડિટેશન્સ ' નામના પુસ્તકનું આ ભાષાંતર આવા મોંઘવારીના સમયમાં પણ આટલી સસ્તી કિંમતે બહાર પાડીને પ્રકાશકોએ ખરેખર લોકસેવા બજાવી છે. કોઇપણ જિજ્ઞાસુને આ પુસ્તકમાંથી કશા સાંપ્રદાયિક બાધ વિના સ્વીકારી શકાય એવી સુચિંત્ય સામગ્રી મળી રહે છે. ......સરળ બોધપ્રદ વાણીમાં સુચિંત્ય વાંચન આપવાની પુસ્તકની લેખનશૈલી પણ પ્રેરક છે.

વંદેમાતરમ્—તા.૧૩-૧૨-'૪૧ આવાં પુસ્તકોના વાંચન અને મનનથી વાંચકોને શુભમાર્ગ મળે છે, વાચક ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશવાનો અધિકારી બને છે.

પુસ્તકાલય—જાન્યુઆરી '૪૨...તત્ત્વજ્ઞાન પ્રેમીઓને આ પુસ્તક ખાસ ગમશે.

ગુજરાતી—તા. ૧૮-૧-'૪૨...આ પુસ્તકની અંદર જે ચિંતનસૂત્રો છે તેની સરખામણી આપણા ભૂતપૂર્વ ચિંતકો અખો ભક્ત, કબીરજી, છોટમ, નરસિંહ મહેતા, તુલસીદાસ, પ્રીતમ વગેરેના ચિંતનસૂત્રો જોડે, એમનાં કથનો સાથે કરીને સમજવામાં વધુ સરળતા કરી આપી છે.

જન્મભૂમિ—તા. ૨૭-૫-'૪૨...આચાર ઉપરથી જ માનવતું મૂલ્યાંકન કરવાના આગ્રહી એવા એ મહાપુરુષના ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરીને શ્રી. ઠાકોરે એક જરૂરી સેવાકાર્ય કર્યું છે. ભાષાંતર મૂળને વફાદાર રહ્યું છે અને એમાં કૃત્રિમતા નથી આવી ગઈ એ તેની સફળતા છે. શૈલી સરળ છે. આપણી ભાષામાં ચિંતન-પ્રધાન સાહિત્યની જ્યારે અછત છે ત્યારે આ પ્રકારનાં પુસ્તકોનું પ્રકાશન આવકારને પાત્ર જ છે.

—o—

પુસ્તક મળવાનાં ઠેકાણાં

૧ શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ

૨ એન. એમ. ત્રિપાઠીની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

———

મહાત્મા જેમ્સ ઍલનના "લાઇફ ટ્રાયંફંટ"નો તરજુમો

ધન્ય જીવન

કર્તા

સદ્ગત શ્રી. જાદવરાય હકુમતરાય ઠાકોર

કિંમત ૦-૬-૦

પરન્તુ આ જાતના સાહિત્યનો પ્રચાર થાય તે અર્થે

ફક્ત **ચાર આના** પોસ્ટેજ ૦-૧-૬

મળવાનું ઠેકાણું—**શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ**

પ્રકાશકોના બે બોલ

મહાત્મા જેમ્સ ઍલનના સઘળા પુસ્તકોના સાર રૂપ પુસ્તક "Meditations"નું ભાષાંતર "તત્ત્વચિંતન" નામે અમે ગયે વર્ષે પ્રસિદ્ધ કર્યું હતું અને એક જ વર્ષમાં તેની સઘળી પ્રતો લગભગ ખપી ગઇ છે તે હકીકત જ તેની લોકપ્રિયતા પૂરવાર કરે છે. જનતાએ આ રીતે કરેલા સત્કારથી ઉત્તેજન પામી તેજ લેખક કૃત "Beyond Life's Turmoil" ઉપરથી "દુનિયાની દુગ્ધાથી દૂર" એ નામની આ પુસ્તિકા પ્રગટ કરવા પ્રેરાયા છીએ અને આશા છે કે જનતા તરફથી તેને એવો જ આદર મળશે.

આ પુસ્તિકા પ્રથમ સ્વ. જાદવરાય હકુમતરાય ઠાકોરે લખેલી તે ઉપરથી શ્રી. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોરે પોતાની નાજુક તબિયત હોવા છતાં ખૂબ જ પરિશ્રમ લઇ અત્યારના સ્વરૂપમાં તૈયાર કરી આપી છે એટલું જ નહિ પણ તે પ્રગટ કરવાનું તમામ ખર્ચ તેમણે પોતે જ ઉપાડી લીધું છે એ ધર્મકાર્ય બદલ અમારી સમિતિ એમની ખાસ ઋણી છે.

કદી ન જોયેલી એવી અસાધારણ મોંઘવારીના અત્યારના સમયમાં આ પુસ્તકની તેમજ આ લેખકની બીજી પુસ્તિકા "ધન્ય જીવન"ની કિંમત ફક્ત ૦-૪-૦ રાખી છે, તે શ્રી. વૈકુંઠલાલભાઇની સૂચનાને આભારી છે. સામાન્ય જનતા તેનો લાભ લઇ શકે એ એમની ખાસ ઇચ્છા છે. વળી આ પ્રકાશન દ્વારા જે કંઈ નફો રહે તે શ્રીરામકૃષ્ણ સેવા સમિતિએ રાખી લેવા તેમણે અમને લખ્યું છે. આશા છે કે જનતા આ બન્ને પુસ્તકોને વધાવી લેશે.

ભાદરવા વદ ચોથ
સંવત ૧૯૯૮
તા. ૨૮-૯-૪૨
અમદાવાદ

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ,
અમદાવાદ

શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ : અમદાવાદ : પ્રકાશનો

૧	શ્રમણ નારદ	૩૩૦૦૦
૨	શ્રી રામકૃષ્ણ પરમહંસનું સંક્ષિપ્ત જીવન ...	૩૦૦૦
૩	શ્રી રામકૃષ્ણ પરમહંસ (જીવન અને ઉપદેશામૃત)	૧૨૫૦
૪	શ્રી નાગમહાશયનો જીવનવૃત્તાંત	૧૨૫૦
૫	શ્રી રામચંદ્ર દત્તનો જીવનવૃત્તાંત (કિં. ૦–૮–૦ પો. ૦–૨–૦)	૧૨૫૦
૬	મુક્તાત્મન્ મહાપુરૂષ શ્રી નાગમહાશયના જીવનનું રેખાદર્શન	૧૭૦૦
૭	એક સંતનો અનુભવ	૧૨૬૦૦
૮	જીવલેણ ગાંડું (નશાબંધી પ્રચારાર્થે) ...	૩૭૫૦
૯	અણોજો (હિંદુ–મુસ્લીમ એકતા)... ...	૩૭૫૦
૧૦	સહકાર (ગ્રામોદ્ધાર માટે)	૨૦૦૦
૧૧	તત્ત્વમીમાંસા (સ્વતંત્ર વિચાર)	૧૦૦૦
૧૨	શ્રી રામકૃષ્ણ ઉપદેશ	૫૦૦૦
૧૩	શાન્તિદાસ (સ્વદેશી વિષે વાર્તા)	૬૮૫૦
૧૪	નવું રેલ્વે સ્ટેશન	૩૭૫૦
૧૫	આત્મસાક્ષાત્કાર થયેલા એક મહાત્મા સાથેનો પરિચય	૨૮૦૦
૧૬	કર્મનો નિયમ	૧૧૫૦૦
૧૭	**शिवमहिम्न स्तोत्रम्**	૧૦૦૦
૧૮	પરમયોગી સ્વામી રામતીર્થનાં વચનામૃતો ...	૩૦૦૦
૧૯	Shraman Narad (in English) ...	૧૦૦૦
૨૦	તત્ત્વચિંતન (કિં. રૂ. ૧–૦–૦ પો. ૦–૪–૦)	૧૦૦૦
૨૧	શ્રી. ગિરીશચંદ્ર (કિં રૂ. ૦–૬–૦ પો. ૦–૨–૦)	૧૦૦૦
૨૨	બાળકોના વિવેકાનંદ (કિં. રૂ. ૦–૨–૦ પો. ૦–૧–૦)	૪૫૦૦
૨૩	એશીઆખંડના મહાન ધર્મો (કિં. ૦–૫–૦ પો. ૦–૧–૬)	૧૦૦૦
૨૪	શ્રી માતાજી	૫૦૦૦
૨૫	સ્વામી રામતીર્થ	૧૦૦૦
૨૬	ભિક્ષુ અખંડાનંદ (કિં. ૦–૨–૦ પો. ૦–૧–૦)	૧૦૦૦
૨૭	અછૂત કોણ ?	૨૦૦૦
૨૮	માતૃદર્શન (કિં. ૦–૧૦–૦, પો. ૦–૨–૦)	૧૦૦૦
	કુલ્લે	૧,૧૬,૯૫૦

૧

ખરો સંતોષ યા સાચું સુખ

પોતાના મનનું વલણ એકસરખું મધુર રાખવું, નિર્મળ અને ડહાપણભર્યા વિચારોનું મનન કરવું, અને હરકોઈ સ્થિતિમાં સંતોષી રહેવું. આવી વરદાયી સ્થિતિ હોવાની સાથે જીવન અને વર્તન બીજાની ઉપર છાપ પાડે તેવાં રાખવાં એવી સર્વ મનુષ્યોની, અને મુખ્યત્વે કરીને જેઓ દુનિયાનું દુઃખ કમી કરવા ઇચ્છા રાખતા હોય તેમની ભાવના હોવી જોઇએ. જો કોઇ મનુષ્ય **પોતાનામાં** જે કંઈ અવિવેક, અસંતોષ, અને દોષ હોય તેમને દૂર કરી શક્યો ના હોય અને તેમ છતાં એમ ધારતો હોય કે કોઈ શાસ્ત્રનો સિદ્ધાન્ત અથવા સંપ્રદાય ચલાવવાથી દુનિયા વધુ સુખી થશે તો તે મોટી ભૂલ કરે છે. જે મનુષ્ય દરરોજ કડવા બોલ બોલતો હોય, ખોટે રસ્તે જતો હોય, અથવા અસંતોષી રહેતો હોય તે દુનિયાના દુઃખમાં હમેશ વધારો કરતો જાય છે. જે મનુષ્ય હરવખત સંતોષ રાખી પરોપકારી વિચાર કરતો રહે, અને પોતાના સંતોષીપણામાંથી ચળતો ના હોય, તે દુનિયાના સુખમાં દરરોજ વધારો કરે છે.

જે મનુષ્ય વિવેકી, ક્ષમાશીલ, પ્રેમી, અને સંતોષી થવાનું શીખ્યો નથી તે મનુષ્યનું પુસ્તકિયા જ્ઞાન અને ધર્મ સંબંધી

જ્ઞાન ભલે ઘણું હશે તો પણ, તે કંઈ જ ભણ્યો નથી કહીએ તો ચાલે. કારણ, જીવનના ગહન, ઉપયોગી, અને કાયમના બોધ તો વિવેકી, નિર્દોષ, સંતોષી, અને પવિત્ર **થવાથી** મળે છે. આપણા પ્રતિપક્ષિઓ ભલે વિરોધ બતાવતા હોય તોપણ, તેમની સાથે અખંડ મધુર વર્તન રાખવું એ મન ઉપર કાબૂ મેળવ્યાની અચૂક નિશાની છે, વિવેક જ્ઞાનનો સાગરીત છે, અને બ્રહ્મને ઓળખ્યાનું ચિહ્ન છે.

દરેકને વહાલો લાગે એવો સંતોષી જીવ અનુભવનું અને વિવેકજ્ઞાનનું પરિપક્વ ફળ છે, અને તે સંસારને સુધારી તથા બીજા લોકોને આનંદ આપી પોતાની કીર્તિરૂપી અદૃશ્ય પણ પ્રબળ ખુશબો દેશદેશાંતરમાં પ્રસરાવે છે. ખરા મનુષ્ય અને ખરી સ્ત્રીને છાજે તેવા પ્રિય અને સંતોષી ગુણવાળા થવા જેઓ ઇચ્છતા હોય અને જેમણે હજુસુધી તેવી શરૂઆત કરી નથી, તેઓ તેવો નિશ્ચય કરવા ધારે તો તેની શરૂઆત તેમણે આજે જ કરવી જોઇએ. અમારા સંજોગો અમારી વિરૂદ્ધ છે, એવું બોલશો મા. કોઇપણ મનુષ્યના સંજોગો તેની વિરૂદ્ધ કદી હોતા નથી; તે તો તેને મદદ કરવા આવે છે; અને જે બાહ્ય બનાવો ઉપર તમે તમારી મીઠાશ અને મનની શાંતિ ગુમાવો છો તે બનાવો તો તમારા વિકાસ માટે ખાસ જરૂરના છે; તે બનાવોની સામે ટક્કર ઝીલી તેમને દૂર કરવાથી જ તમે શીખી શકો, વૃદ્ધિ પામી શકો, અને પૂર્ણતાએ પહોંચી જીવના શિવ થઈ શકો તેમ છો. દોષ તો તમારા પોતામાં જ છે.

પૂર્ણ સંતોષ એ જીવાત્માની ખરી અને સુખી-સત્ય આનંદમય સ્થિતિ છે, અને જે કોઈ નિર્દોષપણે તથા નિઃસ્વાર્થ રહી વર્તે તે એ સ્થિતિને પામે ખરા.

"પ્રાણીમાત્ર ઉપર પરોપકાર બુદ્ધિ રાખો અને અતિ-લોભ, ક્રોધ તથા કરડી નજરને એવાં દબાવી દો કે તમારૂં જીવન પવનની મનોરંજક લહેરો જેવું સુંદર બને."

આ કામ તમને બહુ મુશ્કેલ લાગે છે ? જો એમ હોય તો અસંતોષ અને અશાંતિ તમારાથી ખસવાનાં નથી. તે કાર્યને સફળ કરવા સારૂ, અને થોડા સમયમાં તે પાર ઉતારીને સંતોષી સ્થિતિ અનુભવવા સારૂ તમારી આસ્થા, હોંસ અને દૃઢ નિશ્ચયની જરૂર છે.

નિરાશ થવું, ચીડિયાં કરવાં, ચિન્તા કરવી, બબડાટ કરવો, પરનિંદા કરવી, અને રોદણાં રોવાં આ બધા સડેલા વિચારો છે–મનના રોગો છે. તેઓ મગજની દુર્દશા દર્શાવે છે, અને જે આ રોગોથી પીડાતા હોય તેમણે પોતાનાં વિચાર ને વર્તન સુધારવા જરૂરના છે. ખરૂં છે કે સંસારમાં પાપ અને દુઃખ ઘણું છે, અને તે કારણે આપણા પૂર્ણપ્રેમ અને દયાભાવની જરૂર છે. **આપણાં રોદણાની જરૂર નથી.** તે તો ઠેરઠેર છે. ના, ના; આપણા આનંદી અને સંતોષી સ્વભાવની જરૂર છે, કારણ ખરી ખોટ તેની છે. આપણા જીવન તથા વર્તનની મીઠાશ સિવાય સંસારને બીજું કાંઈ વધારે સારૂં આપણે આપી શકીએ તેમ નથી; એ સિવાય બધું નકામું છે; એ જ અતિઉત્તમ છે; એ જ સાચું, કાયમનું, અવિનાશી છે, અને એમાં સઘળું સુખ તથા પરમાનંદ સમાઈ જાય છે.

તમારા પર આવી પડતી આપત્તિઓથી—તમને થતાં નુકસાનોથી–નિરાશાવાદી થશો નહિ. બીજાઓના પાપી વર્તનની નિંદા કરવાનું તથા તેની સામું થવાનું બંધ કરો, અને નુકસાનકારક તથા દુષ્ટ વિચારોથી મુક્ત હોય તેવું

વર્તન આચરવાની તમે જાતે શરૂઆત કરો. મનની શાંતિ, શુદ્ધ ધર્મ અને ખરો સુધારો એ માર્ગે જવામાં છે. તમે બીજાઓને સત્યવાદી કરવા ઇચ્છતા હો તો તમે જાતે સત્યવાદી બનો. પાપ અને દુઃખમાંથી સંસારને મુક્ત કરવા તમારી ઈચ્છા હોય તો તમારી જાતે તેમાંથી મુક્ત થાઓ. તમારા ઘરના માણસોને તેમજ આડોશીપાડોશીને સંતોષી જોવા ઇચ્છતા હો તો તમે જાતે સંતોષી થાઓ. તમે પલટાઈ જશો તો તમારી આજુબાજુની દરેક વસ્તુને તમે પલટાવી શકશો.

"શોક કરો નહિ; દિલગીર થાઓ નહિ; નિરાશાવાદી બની તમારૂં આત્મબળ ઘટાડશો નહિ; જે કાંઈ ખરાબ લાગે તે વિરુદ્ધ લવારો કરશો નહિ, પરંતુ જે કંઇ સત્ય સુંદર છે તેના ગુણ ગાતા રહેશો."

તમારામાં રહેલા સજ્જનપણાનો અનુભવ તમને જેમ જેમ થતો જશે તેમ તેમ તેવું વર્તન તમે સ્વાભાવિક-આપોઆપ દાખવશો.

૨

જીવનું અમરપણું

આ દુનિયામાં અને આ જન્મમાં મનુષ્ય અમર થઈ શકે છે; મરણ પછી અમર થવાય એ કલ્પના ખોટી છે. એ તો અંતર્જ્ઞાનની એવી દશા છે કે જે પ્રાપ્ત થયા પછી શરીરની આકુળતા, મનની હરવખત બદલાતી તથા બેચેન સ્થિતિ, અને જીંદગીમાં બનતા બનાવો તથા તેનાં પરિણામો ક્ષણિક અને તે કારણે માયારૂપ જણાય છે.

અમરપણું કાળને આધીન નથી, અને ચોક્કસ કાળ પછી મળે એવું પણ નથી. તે તો અવિનાશી-પરમાત્માનું છે. જેમ કાળ આ દુનિયામાં આપણા આ જન્મમાં છે, તેમ અવિનાશીપણું આ દુનિયામાં આ જન્મમાં મળી શકે છે. એટલે કાળને આધીન એવી નાશવંત ચીજો, જેનાથી સંતોષ મળતો નથી તેવી ચીજો ઉપરની મમતા મનુષ્ય દૂર કરે તો તે અવિનાશીને ઓળખે અને અમરપણું મેળવે.

જ્યાં સુધી મનુષ્ય પોતાના ઇન્દ્રિયજન્ય વિચારોમાં, તૃષ્ણામાં, અને રોજના ચાલુ બનાવોમાં ગરકાવ થઇ રહે, અને તે રસજનક વિચારો, તૃષ્ણાઓ અને ક્ષણિક બનાવો તેને ખાસ જરૂરના છે એવું માને ત્યાં સુધી તેને અવિનાશી-પણાનું જ્ઞાન થઇ શકે નહિ. આવો મનુષ્ય જે વસ્તુની

ઇચ્છા કરે છે, અને જેનો કદી નાશ થવાનો નથી એમ ભૂલમાં માને છે તે તેની જિજીવિષા (જીવવાની ઇચ્છા)-દેહની સતત પ્રવૃત્તિ છે, જે કાળના પ્રવાહમાં નિરંતર બનતી ઘટનાઓ અને મન તથા ઇન્દ્રિયોના સંક્ષોભયુકત વ્યાપારથી ભરેલી હોય છે. જે જે વસ્તુઓથી તેની વાસના જાગૃત થાય ને તુરત આનંદ મળે તે પાછળ જીવન ગાળીને, તેના પર મોહ રાખીને તથા તેને વળગી રહીને, અને એથી જુદી કે ઉચ્ચતર અંતર્જ્ઞાનની દશાનું જેને ભાન નથી એવો મનુષ્ય તેની ચાલુ દશા કાયમ રાખવા વખવખાટ કરે છે, અને આ પૃથ્વી પરની મોજમજા ને આનંદ જેમાં તે જાતે ગુલતાન થઇ ગયો છે તે બધાને છોડીને એક દિવસ તેણે જવાનું છે એવો તેને અણગમતો વિચાર મનમાંથી કાઢી નાંખવા ફાંફાં મારે છે.

જિજીવિષા-સતત પ્રવૃત્તિ એ અમરપણાની–મોક્ષની વિરોધી છે, અને તેમાં તલ્લીન થઇ જવું એ આત્માનો વધ કર્યા બરોબર છે. સતત પ્રવૃત્તિનો સ્વગુણ કાયમપણું નથી પરંતુ ફેરફાર છે, અને તેથી મનુષ્ય જન્મમરણના ચક્રમાં ફર્યા કરે છે.

દેહ પડવાથી મનુષ્યને અમરપણું મળતું નથી. ભૂવર્લોકના જીવોની સ્થિતિ ભૂલોકના જીવો કરતાં જુદા પ્રકારની હોતી નથી. યોગમાં અસ્થિર મનવાળા એ જીવો પરલોકમાં, તેમનું ક્ષણિક ચંચળ જીવન ગાળે છે; તેમને પણ રૂપાંતર તથા જન્મમરણ છોડતાં નથી × જે મનુષ્ય તેનું મોજી જીવન-જીવનના ક્ષુદ્ર ભોગવિલાસ ચાલુ રાખવા તલસ્યા કરે છે તે મૃત્યુ પછી પણ મૃત્યુલોકમાં જન્મ લે છે, અને જન્મમરણના

× क्षीणे पुण्ये मृत्युलोके वसन्ति ॥

ફેરાવાળું, પાછલા ભવના સ્મરણ અને ભવિષ્યના જ્ઞાન સિવાયનું બીજું જીવન ગાળે છે.

અમર મનુષ્ય તો તે કહેવાય જેમણે ઇન્દ્રિયોના અર્થો ભણીથી પોતાનું મન ખેંચી લીધું છે અને પ્રજ્ઞાસ્થિતિ-અંતર્જ્ઞાન મેળવ્યું છે, જે સ્થિતિ અચળ અને અપરિવર્તનશીલ (અવિકારી) છે અને જેને રોજના બનતા બનાવો અને ઇન્દ્રિયજન્ય સંક્ષોભો અસર કરતા નથી. × મનુષ્યના જીવનમાં ઘડીએ ને પળે કંઇને કંઇ બનાવો બનતા રહે છે, અને એ સંસારચક્રમાં—ઘટમાળમાં પામરજીવ ગરકાવ થઈ જઇ તણાયો જાય છે; આ પ્રમાણે ફસાવાથી તેને પોતાની આગળપાછળ શું બને છે તેનું ભાન હોતું નથી. જે મનુષ્ય આ ઘટમાળથી દૂર ખસી ગયો હોય છે તે મનુષ્ય અમર છે. આવો મનુષ્ય પોતાના મનને જરાપણ ડગાવ્યા વગર જનક વિદેહીની માફક સંસારમાં રહી તે ઉપર નજર રાખ્યા કરે છે, અને દઢ મનથી સંસારના ફરતા ચક્રની ભૂત, ભવિષ્ય અને વર્તમાન સ્થિતિ નિહાળે છે. પોતાના જીવનના ભરતીઓટના પ્રસંગો તથા મનને આકુળવ્યાકુળ કરે તેવા બનાવોમાં યા જીંદગીના ફેરફારોમાં મમત્વ નહિ રાખતાં, તે પોતાનું, આસપાસના મનુષ્યોનું અને પ્રજાઓનું ભાવિ શાંત ચિત્તે જુએ છે.

સાધારણ મનુષ્યનું જીવન સ્વપ્નામાં પડેલા મનુષ્યની દશા જેવું હોય છે; તે પ્રથમ જાગૃત હતો અથવા ફરીથી જાગૃત થશે એવું તેને એ દશામાં ભાન હોતું નથી. ભાન વગરના શેખચલ્લીના જેવો તે બન્યો હોય છે, બીજું કંઇ નહિ.

× ગીતાજીના બીજા અધ્યાયમાં શ્લોક પંચાવનથી સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો વર્ણવ્યાં છે તે વાંચવાથી આ લખાણ સારૂં સમજાશે.

અમર મનુષ્ય સ્વપ્નમાંથી જાગૃત થયલા મનુષ્ય જેવો હોય છે, પરંતુ તે સમજે છે કે તેનું સ્વપ્નું ખરૂં નહિ પણ ક્ષણિક ભ્રમ હતો. દેહની સતત પ્રવૃત્તિનું તેમ જ અમરપણાનું--એ બે દશાનું તેને જ્ઞાન થયું હોય છે, અને તેણે પોતાની જાત ઉપર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હોય છે. ×

સાંસારિક જાગૃત અવસ્થા અથવા આયુષ્યકાળ, જેને આદિ તથા અંત છે તેવાં પામરજીવ પોતાનું જીવન ગાળે છે. બ્રહ્માંડરચના સંબંધી અથવા ઉત્તમ અંતર્જ્ઞાન સંબંધી સ્થિતિ, જેને આદિ તથા અંત નથી પરંતુ જેમાં હમેશ ચાલુકાળ છે તેમાં અમરમનુષ્યો રમી રહે છે. આવો અમર મનુષ્ય બધા ફેરફારોમાં પોતાની દૃઢતા ને શાંતિ જાળવી રાખે છે, અને તેનો દેહ પડે તો પણ, “ હું અમર છું ” એવા અંતર્જ્ઞાનમાં રમી રહેલો હોવાથી, તેની આત્મસત્તા યાને આત્મશક્તિમાં કોઇ રીતે ખલેલ પહોંચતી નથી. (દેહના પડવાથી તેની આત્મશક્તિનો નાશ થતો નથી.) આવા મનુષ્ય માટે એવું કહેવાય છે કે, “ યમરાજાના દૂતો પણ તેને પકડી શકે નહિ, ” કારણ મૃત્યુરૂપી વહેણની બહાર તે નીકળી ગયો હોય છે, અને પોતાના સનાતન રૂપમાં એટલે આત્મામાં—બ્રહ્મમાં ભળી ગયો હોય છે. શરીરો, ઐશ્વર્ય, પ્રજાઓ અને દુનિયાનો નાશ થાય છે, પરંતુ

× જુઓ ગીતા અધ્યાય ૨ શ્લોક ૬૯.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

જાગ્રદવસ્થામાં સ્વપ્ન, સ્વપ્નનો પદાર્થ અને તેનાં પ્રમાણ એ સર્વ જેમ મિથ્યા થાય છે તેમ સંસારરૂપ સ્વપ્ન તેમાંથી જાગ્યા પછી એટલે આત્મસાક્ષાત્કાર થયા પછી મિથ્યા અને પ્રમાણશૂન્ય થાય છે.

આત્મા—બ્રહ્મનો નાશ થતો નથી, અને તેનો મહિમા કાળ કમી કરી શકે તેમ નથી. એટલે જે મનુષ્યે પોતાના મન ઉપર કાબૂ મેળવ્યો હોય છે, જે મનુષ્ય ક્ષુદ્ર વાસનાઓ સાથે એકરૂપ થતો નથી પરંતુ તે વાસનાઓને હોંશિયારીથી દોરવતાં શીખ્યો હોય છે, અને એ રીતે તે વાસનાઓનો—તે વિપથગામી શક્તિઓનો તેના મૂળ કારણ સાથે સુમેળ કરી લે છે—તેમને પુણ્યમાર્ગે લઇ જાય છે, તે જ મનુષ્ય અમર છે.

જેણે અચળ શાશ્વત સત્ય પાછળ તન મન લગાડીને સનાતનરૂપ આત્માની અમર જ્યોતિનો સાક્ષાત્કાર કર્યો છે તેમની સાંસારિક દુગ્ધાઓ કમી થઇ હોય છે, તેમનામાં ભય કે શંકાને સ્થાન હોતું નથી, અને તેમને મરણ નડતું નથી.

૩

અહંભાવ–દેહભાવનો ત્યાગ

"અહંભાવ-દેહભાવ દૂર કરવો," 'તૃષ્ણાઓને ઉચ્છેદવી" અને "વ્યક્તિત્વનો નાશ કરવો" એ સંજ્ઞાઓ વિશે ઘણા લોકોના ઘણા ગૂંચવણ ભરેલા અને ભૂલભરેલા વિચાર હોય છે. કેટલાક, તેમાં મુખ્યત્વે કરીને બુદ્ધિમાન લોકો, જેઓ તર્કવાદમાં આનંદ માને છે તેઓ આ પદોને–સંજ્ઞાઓને એક આધ્યાત્મિક મનઃકલ્પના ગણે છે, જેનો તેમના જીવન અને વર્તન સાથે સંબંધ હોતો નથી. બીજાઓ એવું માની બેસે છે કે આખી જીંદગી તદ્દન એકાંતવાસમાં અને સમાધિમાં-દેહદમન ને ઇન્દ્રિયદમન કરવામાં જ ગાળવી એવું તે શીખવે છે. આવા ગૂંચવાડા ને ભૂલો જે મનુષ્યોના મનમાં ઉદ્‌ભવે છે તે જ મનુષ્યો તેનો ઉકેલ કરી શકે તેમ છે; આ બાબત કદાચ બીજા રૂપમાં દર્શાવવામાં આવે તો, જેઓ પોતાના સનાતનરૂપ આત્માનું દર્શન કરવા ઇચ્છા રાખતા હોય, તેઓ આ ઉકેલ કંઇક સહેલાઇથી કરી શકે.

અહંભાવ દૂર કરવો અથવા તેનો નાશ કરવો એ ઉપદેશ ઘણો સહેલો છે. ખરેખર, તે એટલો સરળ, વ્યવહારોપયોગી અને નજર આગળ રમી રહેલો છે કે પાંચ વર્ષનું બાળક,

જેનું મગજ તર્કવિતર્કથી, આધ્યાત્મિક વિચારો અને કાલ્પનિક તત્ત્વજ્ઞાનના ભૂંસાથી ભરાઇ ગયું નથી તે, મોટી ઉમરના ઘણા મનુષ્યો જેમણે ગૂંચવણ ભરેલા તર્કવિતર્કમાં પડવાથી સુંદર અને સરળ ઈશ્વરી નિયમોનું જ્ઞાન ગુમાવ્યું છે તેમના કરતાં વધુ સહેલાઇથી સમજી શકે.

દેહભાવનો નાશ કરવો એનો અર્થ એ છે કે, ઊંચાં મન કરાવે, કજિયો કરાવે, અને દુઃખ રોગ તથા શોક ઉત્પન્ન કરે એવી જે જે વૃત્તિઓ જીવાત્મામાં હોય તેને તારવી કાઢી તેનો નાશ કરવો. એનો અર્થ એ નથી કે સદાચારી, સુંદર અને શાંતિદાયક એવા એકે ગુણનો નાશ કરવો. ઉદાહરણ, જ્યારે કોઈ મનુષ્ય ચીઢ અથવા ગુસ્સે થવાની અણી પર આવે અને તે વેળા મહાન પ્રયાસથી પોતાના અહંભાવને દાબીને તે ભાવના પોતાના મનમાંથી દૂર કરીને ક્ષમા અને પ્રેમભર્યું વર્તન આચરે ત્યારે, આવા મનોનિગ્રહ દરમિયાન તેના દેહભાવનો તે નાશ કરે છે એમ કહી શકાય. દરેક સજ્જન મનુષ્ય કેટલેક અંશે એવો મનો-નિગ્રહ કરે છે ખરો; પરંતુ જે મનુષ્ય તેનામાં એકલા–નર્યા દૈવી સુંદર ગુણો રહે ત્યાં સુધી તેનો પૂરેપૂરો અમલ કરે છે અને એ રીતે દરેક સ્વાર્થવૃત્તિ–સંકુચિત મનોદશા દૂર કરે છે તેણે દેહભાવનો નાશ કર્યો છે તથા સનાતનરૂપ **આત્માને** ઓળખ્યો છે એમ કહી શકાય છે.

જે દેહભાવનો નાશ કરવાનું કહેવામાં આવે છે તેનો અર્થ એવો થાય છે કે નીચે લખેલા નિરૂપયોગી અને શોક ઉત્પન્ન કરનારા માયાના દુર્ગુણોનો નાશ કરવો :

હિંસા, ભ્રાંતિ, ઈર્ષ્યા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને ગર્વ. આ દશ દુર્ગુણોનો ત્યાગ પૂરેપૂરો કરવાનો

છે, કારણ, તે બધાનો સમાવેશ કામનામાં–વાસનામાત્રમાં થાય છે. દેહભાવનાનો નાશ શાંતિ, ભક્તિ, દયા, મૈત્રિ, સંતોષ, ધર્મ, વૈરાગ્ય, વિવેકવિચાર, ક્ષમા અને અભય——આ દશ દૈવીગુણો કેળવવાનું, આચારમાં મૂકવાનું અને પાળવાનું શીખવે છે; આ બધા આત્માના—બ્રહ્મના અંગો છે, અને તેમાં આપણું જીવન ઓતપ્રોત થઇ જવાથી આપણે તેના નિમિત્તમાત્ર થઇએ છીએ, તેને ઓળખીએ છીએ અને તેની સાથે એકરૂપ થઇએ છીએ. ઉપલા દશ વિકારોના સમૂહને દેહ અથવા વ્યક્તિત્વ કહીએ છીએ; પણ જેને આપણે આત્મા—વિદેહી, અને ખરો શાશ્વત અમર જીવ કહીએ છીએ તેનું દર્શન તો દશ દૈવી ગુણો કરાવે છે.

આ ઉપરથી સમજાશે કે કોઇપણ ખરો ઉમદા શાશ્વત ગુણ, જેને માટે બોધ આપવામાં આવે છે તેનો નાશ કરવાનો નથી, પરંતુ જે વસ્તુઓ અધમ, જૂઠી અને ક્ષણભંગુર છે તેનો જ નાશ કરવાનો છે. દેહભાવ દૂર થવાથી આનંદ, સંતોષ અને સુખ જતાં રહેતાં નથી; ઊલટું, દૈવી સંપત્તિવાળા ગુણ ધારણ કરવાથી આ આનંદ, સંતોષ, અને સુખ કાયમના મળે છે. એટલે સુખભોગનો ત્યાગ નહિ પરંતુ તેની વાસનાનો ત્યાગ કરવાનો છે; આનંદનો નાશ નહિ પરંતુ તેની તૃષ્ણાનો નાશ કરવાનો છે; પ્રેમ, ઐશ્વર્ય અને સંપત્તિનો નાશ નહિ પરંતુ તે પાછળની સ્વાર્થી લોલુપતાનો નાશ કરવાનો છે. એકાંતવાસ અને સમાધિની સ્થિતિમાંજ કૃતકૃત્યતા નહિ સમજીને, જેઓ ઐક્ય અને એકદિલીની ગાંઠ બાંધે એવા સબળા ગુણોનું પાલન કરે છે તેઓ જ તે ગુણો વડે અતિ ઉમદા, અતિ ઉત્તમ, અતિ ઉપયોગી અને શાશ્વત કાર્ય કરી બતાવે છે.

જે મનુષ્યોનાં કાર્યો ઉપર્યુક્ત દશ દુર્ગુણોમાંથી અથવા તેમાંના કેટલાકમાંથી ઉદ્ભવે છે તેઓ પોતાની બધી શક્તિને હવામાં ઉરાડી દે છે–તેમને નિરૂપયોગી કરી દે છે. અને પોતાના આત્માનો વધ કરે છે. પરંતુ જેમનાં કાર્યો દશ દૈવી સંપત્તિમાંથી અથવા તેમાંના કેટલાકમાંથી ઉદ્ભવ્યાં હોય તેઓ પ્રામાણિકપણે–સચ્ચાઇથી અને ડહાપણથી વર્તે છે, અને એ રીતે તેમના જીવનનો ઉદ્ધાર કરે છે.

કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોને આનંદ મળે તેવા વિષયોમાં જે મનુષ્ય મહાલે છે અને દૈવી સંપત્તિના ગુણો તરફ લક્ષ દેતો નથી, તેને આત્મસમર્પણનો બોધ મનોરંજક લાગે નહિ; કારણ તેથી તેના અસ્તિત્વનો તદ્દન નાશ થવાનું તેને લાગે છે. પરંતુ જે મનુષ્ય દૈવી સંપત્તિના ગુણો પાળે છે તે મનુષ્ય તે બોધનું સૌન્દર્ય અને ખૂબી જુએ છે, અને તે બોધને અમરજીવનના પાયારૂપ લેખે છે. મનુષ્યો તે ગુણોને જ્યારે આચારમાં મૂકે છે ત્યારે ધંધો, વેપાર, રાજવહીવટ વગેરે દરેક સંસારી કાર્ય પવિત્ર–નિર્મળ–મેલવગરનું થાય છે, અને બુદ્ધિ, સંકલ્પ તથા કાર્ય (ક્રિયા) ને વેગ મળી તેમનો વિસ્તાર થાય છે; એટલે તેમનો નાશ થતો નથી અને તેમાં તકરાર કે ઉદ્વેગને સ્થાન હોતાં નથી.

૪

માયાનો પ્રભાવ

જીવાત્મા પોતાની પૂર્ણ ઉન્નતિ મેળવતા દરમિયાન, એટલે જીવના શિવ સ્વરૂપ થતા સુધીમાં, જુદી જુદી ત્રણ ભૂમિકામાંથી પસાર થાય છે. પહેલી ભૂમિકા પશુવૃત્તિની છે. તે દરમિયાન મનુષ્ય જીવ પોતાની કર્મેન્દ્રિયોને તૃપ્ત કરવામાં સંતોષ માને છે, અને તે વખતે તેને પાપનું અગર પોતે દૈવી અંશ છે તેનું ભાન હોતું નથી; તો પછી પોતાનું આત્મબળ કેટલું છે તે તો કેવી રીતે જાણી શકે?

બીજી ભૂમિકા દ્વંદ્વયુદ્ધની છે. તે ભૂમિકા દરમિયાન તેને પશુવૃત્તિ અને દૈવી સંપત્તિ બેઉનું ભાન હોવાથી બન્ને વૃત્તિઓમાં તે ઝોલાં ખાયા કરે છે. જીવાત્માના ઉન્નતિમાર્ગમાં માયા જે ભાગ ભજવે છે તે ભૂમિકા આ જ છે. આ ભૂમિકામાં હરવખત યુદ્ધ ચાલતું હોય છે, ચઢતી પડતી દેખાયા કરે છે, અને પાપ કરી પસ્તાવાનું થાય છે. કારણ તે મનુષ્યે ચોરાસીની લાંબી મુસાફરીનો કાળ કર્મેન્દ્રિયોને તૃપ્ત કરવામાં ગાળ્યો હોવાથી તેમની તૃપ્તિ કરવા તે હજી ચાહના રાખે છે, અને તેનો ત્યાગ કરવા નારાજ છે; વળી સાથે સાથે સ્વર્ગનું ઉત્તમ સુખ ભોગવવાની તે લાલસા

રાખે છે, અને દૃઢ નિશ્ચય પર આવતો નહિ હોવાથી દિલગીર થાય છે.

પોતાનામાં જે દૈવી અંશ રહ્યો છે તે તરફ તેનું લક્ષ તણાવાથી આ બીજી ભૂમિકા છેવટે તેને ભારે ખેદ તથા દુઃખની થઇ પડે છે. એવે વખતે જ જ્ઞાનની જે ત્રીજી ભૂમિકા છે તેમાં જીવાત્મા દાખલ થાય છે. આ ભૂમિકામાં માણસ માયાનો તથા પાપનો ત્યાગ કરે છે અને શાંતિમાં રહે છે.

માયાનો પ્રભાવ કાયમનો રહે છે એવું ઘણા લોકો ધારે છે તે ખોટું છે. તે એક ક્ષણભંગુર કસોટીની દશા છે, જેમાંથી જીવાત્માએ પસાર થવું જોઇએ. પરંતુ એ પ્રમાણે એ દશામાંથી પસાર થવાનું ચાલુ જીવનમાં બનશે કે કેમ, અને આ ભવમાં (ચાલુ કાળમાં) આ જન્મમાં તે નિર્મળ અને ઉત્તમ શાંતિનો સાક્ષાત્કાર થશે કે કેમ, તેનો આધાર તેના માનસિક અને આધ્યાત્મિક પ્રયત્નો ઉપર તેમજ પોતાના સનાતનરૂપ આત્માને શોધી કાઢવા સારૂ જેટલું બળ અને ઉત્સાહ દાખવે તે ઉપર રહેલો છે.

મોહમમતાને તેની અનુષંગી પીડા સાથે આ દુનિયામાં અને ચાલુ જન્મમાં જ દૂર કરી શકાય તેમ છે; પરંતુ તેને જ્ઞાનથી જ દૂર કરી શકાય. તે અજ્ઞાનની અથવા અર્ધજ્ઞાનની દશા છે. પૂર્ણજ્ઞાની જીવ માયાની પાર ગયો હોય છે. જે વખતે માયાનો મૂળ પ્રકાર અને હેતુ મનુષ્ય પૂર્ણરીતે સમજશે તે જ વખતે તે તેને દૂર કરશે, અને ચોરાસીના ફેરાના કષ્ટમાંથી મુક્ત થશે. જ્યાંસુધી તે અજ્ઞાન છે ત્યાંસુધી ધાર્મિક ક્રિયા, ઘણી ઘણી પ્રાર્થનાઓ, અને ગીતા ભાગ-

વતની કથા કરે કરાવે તો પણ તેથી તેને શાંતિ મળવાની નથી.

જો કોઈ મનુષ્ય પોતાના દુશ્મનનું બળ, વ્યૂહરચના અથવા છુપાઇ રહેવાના સ્થળની માહિતી મેળવ્યા સિવાય તેને જીતવા જાય તો તેમાં તેની સજજડ હાર થાય. એટલું-જ નહિ પણ દુશ્મનના હાથમાં સપડાઇ પણ જાય. તેથી જે મનુષ્ય પોતાના દુશ્મનો—માયા, અહંતા, મમતાને જીતવા ઈચ્છા રાખતો હોય તેણે તેના રહેવાના ગઢ તથા છુપાઇ રહેવાની જગા ખોળી કાઢવી જોઇએ, અને પોતાના કિલ્લાનાં અરક્ષિત દ્વાર જ્યાંથી દુશ્મન સહેલાઇથી દાખલ થઈ શકે તેમ હોય તે પણ ખોળી કાઢવાં જોઈએ. આ કાર્ય માટે વખતોવખત ચિંતન કરતા રહેવાની, સતત જાગૃતિ રાખવાની અને હંમેશ આકરૂં આત્માવલોકન કરવાની જરૂર છે. આવું આત્માવલોકન માયામાં ફસાયલા જીવની જ્ઞાનદૃષ્ટિ સમક્ષ તેના સ્વાર્થી અને મગરૂર હેતુઓ (કયા છે તે) ખુલ્લા કરે છે. સાધુઓનું ધર્મયુદ્ધ તે આ છે. દરેક મનુષ્યજીવ તેની પશુવૃત્તિની ઘોર નિદ્રામાંથી જાગૃત થાય છે ત્યારે જે યુદ્ધમાં પરોવાય છે તે યુદ્ધ આ છે.

મનુષ્યો અહંતા—માયા—મમતા ઉપર જય મેળવી શકતા નથી અને યુદ્ધ બેસુમાર લંબાય છે તેનું કારણ, લગભગ તમામ મનુષ્યોની બે ભ્રમણા છે : (૧) માયાનું મૂળ બાહ્ય વસ્તુઓમાં છે, અને (૨) તેમની ભલમનસાઇને લીધે તેઓ ફસાય છે. જ્યાંસુધી આ બે ભ્રાંતિમાં મનુષ્ય ઘોળાયા કરશે ત્યાંસુધી તેની ઉન્નતિ થવાની નથી. જ્યારે આ ભ્રાંતિઓને દૂર કરશે ત્યારે તે એક પછી એક કાર્યસિદ્ધિ ઝડપથી મેળવશે અને સ્વર્ગીય સુખશાંતિનો સ્વાદ ચાખશે.

આ બે ભ્રાંતિને સ્થાને છણી કાઢેલાં બે બ્રહ્મસૂત્રો દાખલ થવાં જોઇએ. પહેલું, **બધી માયાનું મૂળ ભીતરમાં છે; બીજું, મનુષ્યના ભીતરમાં આસુરીવૃત્તિ હોવાથી તે ફસાય છે.** દેવ, ભૂત, પિશાચ અથવા એવી બાહ્યવસ્તુઓ માયાનાં મૂળ છે એવા વિચાર મનમાંથી કાઢી નાંખવા જોઇએ.

માયાનું મૂળ તથા કારણ મનની તૃષ્ણામાં રહેલું છે. તેને દૂર કરવામાં આવે અથવા તેને નિર્મળ બનાવવામાં આવે તો બાહ્યવસ્તુઓમાં અથવા વિજાતીય શક્તિઓમાં જીવાત્માને પાપકર્મ કરાવવા અથવા માયામાં ફસાવવા કંઈપણ શક્તિ નથી. બાહ્યવસ્તુઓ માયાનાં કારણ નહિ પણ નિમિત્ત છે. જે મનુષ્ય ફસાયો હોય તેની તૃષ્ણામાં આ કારણ સમાયલું હોય છે. તે કારણ—તે શક્તિ જો બાહ્યવસ્તુઓમાં હોય તો બધા મનુષ્યો એકસરખી રીતે તેમાં ફસાઇ પડે, માયા દૂર થાય નહિ, અને દુઃખમાંથી છૂટવાની કંઇપણ આશા સિવાય યુગોના યુગો પર્યંત તેઓ તેમાં સડયા કરે. પરંતુ તેનું ઉત્પાદનસ્થાન મનુષ્યની તૃષ્ણામાં રહેલું હોવાથી તેનો ઉપાય તેના હાથમાં છે, અને તેથી તે પોતાની તૃષ્ણાને—કામનાઓને નિર્મળ કરી બધી માયાને દાબી શકે તેમ છે. અમુક તૃષ્ણાઓ અથવા માનસિક સ્થિતિઓ જેને તે દૂષિત ગણતો આવ્યો છે તે તેના ભીતરમાં હોવાથી મનુષ્ય ફસાય છે. આવી તૃષ્ણાઓ—કામનાઓ લાંબા કાળ સુધી કદાચ મરી ગયલી લાગે, અને તેથી મનુષ્ય એમ ધારે કે મેં તે દૂર કરેલી છે. એવામાં મનને લલચાવતી એકાદ વસ્તુ તેની સમક્ષ એકાએક આવી

ચઢે છે, મરી ગયલી વાસના જાગૃત થાય છે, અને તેજ વખતે તેની તૃપ્તિ કરવા તે ઇચ્છા કરે છે (તે પડે છે). માયાનું બળ તે આ.

મનુષ્યમાં રહેલું સજ્જનપણું કદી ફસાતું નથી. સજ્જનપણાથી-સદાચારથી માયાનો નાશ થાય છે. લલચાઇને જે ફસાય છે તે તો મનુષ્યમાં રહેલું દુર્જનપણું છે. મનુષ્ય જે પ્રમાણમાં માયામાં લપટાયલો હોય તે પ્રમાણમાં તેનું મન મેલું હોય છે. જેમ જેમ મનુષ્ય તેનું મન શુદ્ધ બનાવશે તેમ તેમ માયાનો પ્રભાવ કમી થશે. કારણ, અનીતિની અમુક વાસના દૂર થવાથી, મનને જે વિષય પ્રથમ આકર્ષતો હતો તે વિષય, તેને અનુકૂળ સ્થાન મનમાં નહિ મળવાથી, શકિતહીન અને નિર્જીવ બને છે. પ્રમાણિક મનુષ્યને ગમે તેવી સારી તક મળે તો પણ ચોરી કરવાનું મન કરશે નહિ; જે મનુષ્ય આહારવિહારમાં સંતોષી બન્યો છે તે અકરાંતિયો અથવા છાકટો બનશે નહિ; જ્ઞાની મનુષ્ય ક્રોધ કરશે નહિ, ચીઢાશે નહિ અથવા વેર લેશે નહિ; અને વેશ્યાસ્ત્રીના મોહક હાવભાવ નીતિમાન મનુષ્યનું મન ડગાવી શકશે નહિ.

મનુષ્ય કઇ બાબતમાં અજ્ઞાની અને પાપી છે તે તેની લઘુતા-મમતા દેખાડી આપે છે, અને એ મમત્વ જ તેને જ્ઞાન અને નીતિના ઉચ્ચ શિખરે લઈ જવા સાધનભૂત થશે. લઘુતાના પ્રસંગો આવ્યા સિવાય જીવાત્મા પ્રગતિ કરી શકે નહિ, અને દઢતા આવે નહિ; જ્ઞાન કે સાચો સદ્‌ગુણ પણ તેનામાં હોઇ શકે નહિ; અને તેનામાં આવી વાસના કદાચ દબાઇ ગઇ યા મરી ગઇ હોય તો પણ તેને

કાયમનાં સુખ કે શાંતિ નહિ મળે. (એ તો તેની કસોટી થાય ને તેમાં પાર ઊતરે તે પછી જ મળે.) માયાના પ્રકારને લક્ષમાં લેવામાં આવે ને તેના પર જીત મેળવાય ત્યારે પૂર્ણતાએ પહોંચવાની, એટલે જીવના શિવ થવાની ખાતરી થાય છે. દેહને લગતી દરેક પાપી તૃષ્ણા ને વાસનાની જ્ઞાનરૂપી યજ્ઞમાં આહુતિ આપીને તેને દૂર કરવા જે કોઇ મનુષ્ય ઇચ્છા રાખતો હોય તે પૂર્ણજ્ઞાની થઈ શકે-શિવપણું મેળવી શકે. મનુષ્યોને જ્યાંસુધી માયામાં ફસાવાનો ભય છે ત્યાંસુધી તેમનાથી **પરમસત્ય** ઓળખાતું નથી, અને ઘણું શીખવાનું બાકી રહે છે; તેથી બધા મનુષ્યોએ પોતાના સનાતનરૂપ **આત્મા-શિવ-બ્રહ્મની** ખોળ ખંત રાખી કરતા રહેવું.

જે કોઇ ફસાઈ પડે છે તેમણે સમજવું કે તેઓ પોતાની મેળે જ ફસાય છે. એક વિદ્વાન કહે છે કે, "દરેક મનુષ્ય પોતાની વાસનાઓમાં તણાયો જાય છે ત્યારે જ તે ફસાય છે." તમે ફસાઓ છો તેનું કારણ તમારા ભીતરમાં જે પશુવૃત્તિ રહી છે તેને તમે અનુસરો છો, અને તેનો ત્યાગ કરવા તમે રાજી નથી. જે ખોટા વિનાશી દેહમાં સાચું જ્ઞાન નથી, જે દેહ પોતાના વિષયોની જે તે વખતે તૃપ્તિ સિવાય બીજું સમજતો નથી કે સમજવા ઇચ્છતો નથી, એક ઇશ્વરીનિયમનું કે દૈવીસત્તાનું જેને ભાન નથી, એ જ તેના અધઃપતનનાં કારણ છે. દેહને પોતાનો માની લીધાથી જુદા જુદા ત્રણ પ્રકારનાં-આધિ, વ્યાધિ અને ઉપાધિનાં-દુઃખો તમે વખતોવખત ભોગવો છો.

એવા જૂઠા દેહમાં દરેક દુઃખનું મૂળ, દરેક આશાનો સડો, દરેક ઉપાધિનો પાયો રહેલો છે. તેનો ત્યાગ કરવા

જ્યારે તમે તૈયાર થશો, તેનું અજ્ઞાન-અનીતિ-અને એકલપેટાપણું પૂરેપૂરૂં સમજવા ને તેનાં કાળાં કર્મ અગાધ છે એવું કબૂલ કરવા તમે તૈયાર થશો, ત્યારે જ તમે તમારી જાત ઉપર કાબૂ મેળવી આત્મજ્ઞાનવાળું જીવન ગાળી શકશો. તે વેળા તમારી ભીતરમાં ઇશ્વરનો અંશ છે—**રામ** વસે છે તેનું, તથા જે દૈવીગુણ કોઇપણ પ્રકારની વાસનાની તૃપ્તિ ઇચ્છતો નથી અને જેનો વાસ જ્યાં દુઃખ આવે નહિ અને જ્યાં માયાનો પગ નથી એવા કાયમના સુખશાંતિના **સ્થાને** છે તેનું તમને ભાન થશે. અભ્યાસના યોગે દિન-પર દિન તમારી અંતર્દષ્ટિ દઢ થશે-ખીલશે ત્યારે એક સમય એવો આવશે કે જ્યારે (તમારો અંતરાત્મા સચરાચર બાહ્યસૃષ્ટિ સાથે એકરૂપ થયો હોવાથી) જે સર્વવ્યાપી ઇશ્વરના અનેકરૂપનું લાખો મનુષ્ય પૂજન કરે છે પરંતુ જેને થોડાક જ સમજી શકે છે અને તેથીયે થોડા દિલમાં ઉતારી શકે છે, તેમની સાથે તદ્રૂપ થઇ—**वासुदेवः सर्वमिति**—જીવન્મુક્તની દશા અનુભવતા—તમે બોલી ઊઠશો કે, "આ દુનિયાની રાણી માયાદેવી મને ફસાવવા આવી ખરી, પરંતુ તેને ઊભા રહેવા મારામાં એકે સ્થાન મળ્યું નહિ."

૫

સર્જન મનુષ્ય

ઉચ્ચપ્રતિના નીતિના ધોરણે વર્તનાર દરેક મનુષ્યની જિંદગીમાં એવા વખત આવે છે કે જ્યારે તે ધોરણોમાં તેની કેટલી શ્રદ્ધા છે, અને તે સંબંધી તેનામાં કેટલું જ્ઞાન છે તેની ભારે કસોટી થાય છે; અને તે કસોટીમાંથી તે કેવી રીતે પસાર થાય છે તે ઉપરથી, દેવાંશી મનુષ્ય તરીકે રહેવા પૂરતું અને જીવનમુક્ત પુરૂષોના સત્સંગમાં રહેવા પૂરતું બળ તેનામાં છે, કે માયાના-દેહના ગુલામ ને મજુર તરીકે જ હજીયે તે ચાલુ રહેવાનો છે તેનો નિર્ણય થાય છે.

ખોટું કાર્ય કરાવીને પૈસેટકે સુખી રાખે, અથવા જે ખરૂં હોય તેને વળગી રહીને ગરીબાઇ તથા કષ્ટ ભોગવાવે, એવાં રૂપ આવી કસોટીના પ્રસંગે માયા ધારણ કરે છે. આ કસોટી એવી કડક હોય છે કે ઉપરચોટિયો ખ્યાલ રાખી જોતાં, માયામાં ફસાનાર મનુષ્યને એવું જણાય છે કે, જો હું ખોટો માર્ગ હાથ ધરીશ તો જિંદગી પર્યંતનું દ્રવ્ય ખચિત મળશે, પરંતુ સાચે માર્ગે જઇશ તો પૂરેપૂરી પાયમાલી થશે.

ધર્મ અને **નીતિ**ના માર્ગે ચાલવામાં જે દુઃખ અને આપત્તિ આવી પડવાનો સંભવ દેખાય છે તેનાથી મનુષ્યો ઘણી વખત ડરી જાય છે, અને પોતાનો નિશ્ચય છોડી દે છે. પરંતુ માયાના આવા ભયંકર સ્વરૂપને મારી હઠાવવાની દઢતા હોય તો, એ ભીતરચોર માયા તે વેળા તેના મિત્રનો સ્વાંગ ધારણ કરી તેનો દૈવી ઉપદેશક હોય તેમ ધીમે રહી કહેશે કે, " તમારાં બૈરાંછોકરાંનો વિચાર કરો, જે બધાનો તમારા પર આધાર છે તેમના તરફ નજર કરો, તે બધાને પાયમાલ કરીને તેમને તમે ભૂખે મારવા માંગો છો ? "

આવી કસોટીમાંથી જે કોઇ પાર ઉતરે છે તે ખરેખરી દઢતાવાળો અને નીતિમાન હોવો જોઇએ. એવો મનુષ્ય જીવનની ઉચ્ચભૂમિકા, જ્યાં તેનાં જ્ઞાનચક્ષુઓ સુંદર વસ્તુઓ જોવા ભાગ્યશાળી થાય તેમાં તરત દાખલ થાય છે, તથા જે પાયમાલી ને દળદર અચૂક આવશે એવું તેને દેખાતું (તેને ભ્રમ હતો) તે આવતાં નથી; તેને સારો યશ મળે છે, હૃદય શાંત થાય છે અને કલેજે ટાઢક વળે છે. પરંતુ જે મનુષ્ય-એવી કસોટીમાં નિષ્ફળ નીવડે છે તેને, પૈસેટકે સુખી થવાનો જે ખ્યાલ હતો તેવું કંઇ થતું નથી, તેના હૃદયમાં ઉદ્વેગ રહે છે, અને હૃદય ડંખે છે.

નીતિના માર્ગે ચાલનાર છેવટે નિષ્ફળ જશે નહિ-નિરાશ થશે નહિ, અને અનીતિના માર્ગે ચાલનાર છેવટે તરી શકશે નહિ. બધી વસ્તુઓના ભીતરમાં ન્યાય રહ્યો છે. તે મહાન નિયમ લોકહિત માટે છે, અને તે જ કારણે સજ્જન મનુષ્યને કોઇ પ્રકારનો ભય હોતો નથી, તે કશાથી નાઉમેદ થતો નથી, ગરીબાઇ, લોકલાજ કે નામોશીથી તે ડરતો નથી.

ચાલુ મોજશોખો અને ભૌતિક સુખ વસ્તુઓ જતા રહેવાના ભયથી જે મનુષ્ય પોતાના ભીતરમાં રહેલા બ્રહ્મનો ઇન્કાર કરે છે તે દુઃખી થાય છે, લૂંટાય છે, હલકો પડે છે, અને છૂંદાય છે; કારણ, તેણે તેના **અમર આત્મા**ને દુઃખી કર્યો છે, લૂંટયો છે, હલકો પાડયો છે, અને છૂંદ્યો છે. એથી ઊલટું, દઢ સદ્‌ગુણવાળો અને નિષ્કલંક પ્રમાણિકતાવાળો મનુષ્ય, તેના ભીતરની નામર્દાઇને તાબે થતો નથી અને સનાતનરુપ આત્માનો—સત્વનો આશ્રય લે છે, તેથી તેની આવી દશા કદી આવતી નથી. માર ખાવાથી અને બેડી પહેરેથી મનુષ્ય ગુલામ થતો નથી; જેનું મન—જેની ઇન્દ્રિયો વશ નથી એ જ ખરો ગુલામ છે.

નિન્દા, ખોટાં આળ કે દ્વેષભાવ નીતિમાન મનુષ્યને ડગાવી શકતાં નથી; તે કડવા શુકન કાઢતો નથી, તેને પોતાનો બચાવ કરવા કે પોતાનું નિર્દોષપણું સાબિત કરવાની જરુર રહેતી નથી. દ્વેષી મનુષ્યોના હલ્લા સામે તેનું નિર્દોષપણું અને પ્રમાણિકતા એ જ તેની ઢાલ હોય છે. તેણે તેના ભીતરની આસુરી વૃત્તિઓને દબાવી દીધી હોવાથી તે વૃત્તિઓ કદીપણ તેના માથે ચઢી બેસતી નથી. તે અસારમાંથી સાર, દ્વેષમાંથી પ્રેમ, અપકીર્તિમાંથી કીર્તિ ઉપજાવી તેની વાસનાઓને—આસુરી વૃત્તિઓને સારે માર્ગે વાળે છે. આવા મનુષ્યની નાલેશી, અદેખાઇ, અથવા તેના સંબંધી ખોટી હકીકત તો તેના અંતરાત્મા—બ્રહ્મરુપી હીરાનું તેજ વધુ બહાર આણે છે, અને તેના ઉચ્ચ અને પવિત્ર ભાગ્યનો મહિમા વધારે છે.

સજ્જન મનુષ્યની સખત કસોટી થાય ત્યારે તેણે ખુશી થવું અને આનંદ પામવો. દૈવી સંપત્તિના જે ગુણો તેણે

ગ્રહણ કર્યા છે તે શુદ્ધભાવથી તે પાળે છે તેની સાબિતી સારૂ તેને સંધિ મળી તે માટે તેણે ઉપકાર માનવો, અને એવો વિચાર આણવો કે, "શુભ સંધિનો સમય આ છે; સનાતનરૂપ સત્યનો જય મેળવવાનો દિવસ હાલમાં જ છે; મારૂં સર્વસ્વ જાય તો યે નીતિનો માર્ગ હું છોડીશ નહિ." આવા વિચાર કરેથી તે અપકારનો બદલો ઉપકારથી વાળશે અને ખોટે માર્ગે ચાલનાર સારુ દયા ખાશે.

નિંદાખોર, ચાડિયો ને કુકર્મી, ભલે થોડો વખત ફાવી જાય, પરંતુ જગતમાં ન્યાય પ્રવર્તે છે. સજ્જન મનુષ્ય થોડો વખત નિષ્ફળ ગયો દેખાશે, પરંતુ તે અજીત છે, અને તેને હરાવી શકે એવું હથિયાર, દશ્ય કે અદશ્ય એવી એકે દુનિયામાં, હસ્તી ધરાવતું નથી.

૬

સારાસાર વિવેકબુદ્ધિ

અધ્યાત્મજ્ઞાનની ખિલવણી માટે એક જ સદ્‌ગુણ સર્વોત્કૃષ્ટ છે અને તે સારાસાર બુદ્ધિ છે.

મનુષ્યમાં જ્યાં સુધી સારાસાર બુદ્ધિની દૃષ્ટિ ખુલે નહિ ત્યાં સુધી અધ્યાત્મજ્ઞાનમાં તેની પ્રગતિ અત્યંત ધીમી અને અચોક્કસ રહેશે. તેનું કારણ એ છે કે કસોટી કરનારા, સાબિત કરનારા, ઊંડા ઊતરનારા આ સદ્‌ગુણ સિવાય તે અજ્ઞાનમાં ગોથાં ખાયા કરે છે. ખોટું શું ને ખરૂં શું, અસલ શું ને નકલ શું એ તે સમજી શકતો નથી, અને તેની પશુવૃત્તિથી પ્રેરાયલી અંતરની કામનાઓને શુદ્ધ બુદ્ધિથી પ્રેરાયલી સાત્ત્વિક વૃત્તિઓ સમજીને ખરા ખોટાનો ખીચડો કરી દે છે.

એક આંધળા મનુષ્યને અજાણી જગોએ મૂકયો હોય તો તે બહાર નીકળવા ફાંફાં મારશે, તેથી તેને ઘણો ગભરાટ થશે, અને ઘણી વખત પછડાશે ને ઉજરડા પડશે. તે મુજબ સારાસાર બુદ્ધિ વગરનો મનુષ્ય માનસિક અંધાપો ભોગવે છે, અને અજ્ઞાનરૂપી અંધકારમાં દુઃખદાયક ફાંફાં મારે છે. એ સ્થિતિમાં સદ્‌ગુણ તથા દુર્ગુણની પરીક્ષા થઇ શકતી

નથી, અને રૂઢીઓને વેદવાક્ય સાથે તથા અભિપ્રાયોને સિદ્ધાન્ત સાથે ભેળસેળ કરી દીધા હોય છે. તે વેળા વિચારો અને બનાવો, સજીવ તથા નિર્જીવ વસ્તુઓ, જાણે એકબીજા સાથે સંબંધ વિનાનાં હોય એવું તેને દેખાય છે.

મનુષ્યનું મન તથા જીવન ધાંધલથી મુક્ત હોવાં જોઇએ. સૂક્ષ્મ, સ્થૂળ અને આધ્યાત્મિક મુશ્કેલીઓ દૂર કરવા તેણે તૈયાર રહેવું જોઇએ, અને આફતો તથા કાલચક્રના કહેવાતા ફેરફારો આવી પડે ત્યારે શંકાવિશંકા, સંકલ્પવિકલ્પ અને ભ્રાંતિની જાળમાં, ઘણાં મનુષ્યોની માફક, તેણે સપડાઇ જવું ના જોઈએ. ગમે તેવા આકસ્મિક પ્રસંગ માટે તેણે કમર કસી તૈયાર રહેવું જોઈએ. પરંતુ આવી માનસિક લાયકાત અને દ્રઢતા સારાસાર બુદ્ધિ વગર થોડી પણ મળી શકે નહિ; અને સારાસાર બુદ્ધિની ખિલવણી તો તુલનાશકિતને જાગૃત કરી તેનો સતત ઉપયોગ કરેથી જ થઇ શકે છે.

અંગને કસરત આપ્યાથી જેમ સ્નાયુ મજબૂત થાય છે, તેમ મનને કામમાં રોકવાથી તેની ખિલવણી થાય છે. કોઇપણ દિશામાં મનને ખંત રાખી રોકવાથી તે દિશામાં માનસિક બુદ્ધિ તથા શક્તિ ખીલી ઊઠશે. બીજા લોકોના વિચાર અને અભિપ્રાયોનો વખતોવખત મુકાબલો કરવાથી તથા તેમને છણી નાંખવાથી ફક્ત ટીકા કરવાની શકિત ખીલે છે; પરંતુ સારાસાર બુદ્ધિ ટીકા કરતાં વધુ ઉચ્ચ તે સત્વવાળી છે. જે કડવાશ અને આપવડાઇ ટીકાકાર વખતોવખત દર્શાવે છે તે, સારાસાર બુદ્ધિવાળા સદ્‌ગુણી મનુષ્યમાં હોતાં નથી, અને તે કારણથી તેવો મનુષ્ય દરેક વિષયને પોતાના મન મુજબ નહિ જોતાં, તે જેવા રુપમાં હોય તેવા રૂપમાં–તેના સાચા સ્વરૂપમાં જુએ છે.

સારાસાર બુદ્ધિ એ દૈવીગુણ હોવાથી તેની ખિલવણી ફક્ત આધ્યાત્મિક રીતથી એટલે **પોતાના** વિચાર, અભિપ્રાય અને વર્તન બાબત ચોકસાઈ કરી, તેમની કસોટી કરી, તેમને છણી કાઢેથી જ થઈ શકે તેમ છે. ટીકા કરવાની ને પારકા દોષ જોવાની શકિતનો ઉપયોગ બીજાના અભિપ્રાય તથા વર્તન ઉપર કઠોર રીતે નહિ કરતાં તેટલી જ સખ્તાઈથી પોતાની જાત ઉપર કરવો જોઇએ. પોતાના દરેક અભિપ્રાય, દરેક વિચાર અને દરેક જાતના વર્તન સંબંધી મનુષ્યે પૂરેપૂરી ચોકસાઈ કરવી, અને આ કસોટી ન્યાયયુક્ત સખ્તરીતે થવી જોઇએ. આ રીતે જ ગૂંચવણોનો નાશ કરતી સારાસાર બુદ્ધિ ખીલવી શકાશે.

કોઈ પણ મનુષ્ય આવી માનસિક ખિલવણી શરૂ કરે તે પહેલાં તેનામાં **શિષ્યભાવના** ઉત્પન્ન થવી જોઇએ. આનો ભાવાર્થ એવો નથી કે બીજાના દોરવાયા તેણે દોરવાવું; પરંતુ જે વિચાર તેની સૂક્ષ્મ બુદ્ધિ આગળ ટકી શકતો ના હોય કે તેના ઉચ્ચ આશયોની જ્વાળા સમક્ષ સંકોચ પામી જતો હોય, તેવા વિચારને જો તે વળગી રહ્યો હોય તો તેનો તેણે ત્યાગ કરવો, એવો એનો અર્થ છે. "મારૂં કાર્ય વાસ્તવિક છે", એવું જે મનુષ્ય બોલે, અને પોતે ખરો છે કે કેમ તેની ખોળ કરવા—પોતાની જાતને પ્રશ્ન કરવા નારાજ હોય તે, તેના વહેમ અને વિચારોમાં કૂટાયા કરશે, અને તેનામાં સારાસાર બુદ્ધિ આવશે નહિ પરંતુ "મારૂં કાર્ય વાસ્તવિક છે કે કેમ", એવો પ્રશ્ન નમ્રતાપૂર્વક પૂછીને જે મનુષ્ય પોતાના પક્ષનો–દલીલનો ખરા દિલથી ને સત્યનિષ્ઠાથી ચોકસાઇ કરી નિર્ણય કરશે, તે સાચા ખોટાનો તુરત નિર્ણય કરી શકશે, અને સારાસાર બુદ્ધિરૂપી અમૂલ્ય ખજાનો મેળવશે.

જે મનુષ્ય પોતાના મન સંબંધી સૂક્ષ્મ રીતે વિચાર કરવા અને પોતાના પક્ષનું બારિક રીતે અવલોકન કરવા કરે છે તેણે, તેનામાં સારાસાર બુદ્ધિ આવે તે અર્થે નૈતિક હિંમત ખિલવવી જોઇએ.

સત્યના-બ્રહ્મના નીતિ નિયમો સમજી શકવા અને તેની પારદર્શક જ્યોત ગ્રહણ કરવા સારૂ મનુષ્યે પ્રથમ એકનિષ્ઠ અને નિડર થવું જોઇએ.

સત્યની શોધ જેમજેમ વધુ કરવામાં આવે છે તેમ તેમ તેનું જ્ઞાન વધતું જાય છે. તેની ચોકસાઇ કરવાથી અને તેનું સંશોધન કરવાથી તે ઝાંખું પડતું નથી-તેનો પ્રકાશ કમી થતો નથી.×

માયા સંબંધી જેમ જેમ વધુ શંકા વિશંકા કાઢતા જઇએ તેમ તેમ તે વધુ ગાઢી થતી જાય છે, એટલે તેમાં વધુ લપટાઇએ છીએ; પણ તીવ્ર-ઊંડા વિચારનો પ્રવેશ થતાં તે નાસી જાય છે.

સો વાતની એક વાત એ છે કે, મનુષ્યે સાચો માર્ગ હાથ ધરવો ને ખોટાનો ત્યાગ કરવો.

જે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી ચિંતન-મનન કરતો રહે છે તે સારાસાર વિચાર કરતાં શીખે છે. જે સારાસાર વિચાર કરે છે તે અવિનાશી બ્રહ્મને-આત્માને શોધી કાઢે છે.

× જુઓ ગીતા અ૦ ૨ શ્લોક ૪૦

नेहाभिक्रम नाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥

શુભ કર્મનો પ્રારંભ નિષ્ફળ જતો નથી એ અર્થ.

અવિચારી મનુષ્યો ઉચાટમાં રહીને દુઃખ ભોગવે છે ને તેમને આત્મજ્ઞાન થતું નથી.

મનન કરનાર મનુષ્યો સુખશાંતિ ભોગવે છે અને તેમને અવિનાશી બ્રહ્મનું જ્ઞાન થાય છે.

વિકારી અને વહેમી મનુષ્યો આંધળા જેવા હોય છે. તેઓ સારાસાર વિચાર કરી શકતા નથી. તેઓ તેમની આસુરી વૃત્તિઓને છૂટી મૂકી તેમના આત્માનો વધ કરતા રહે છે.

૭

કર્મનું મૂળ શ્રદ્ધા

શાણા મનુષ્યોના બોધવચનોમાં **શ્રદ્ધા** શબ્દ મહત્વ ધરાવે છે, અને દરેક ધર્મમાં તે શબ્દ અગત્યનો ભાગ ભજવે છે. એક ધર્મગુરુના કહેવા મુજબ, મુક્તિ અથવા ઉદ્ધાર માટે અમુક પ્રકારની શ્રદ્ધા રાખવાની જરૂર છે. બીજા એક ધર્મગુરુએ તો ભારપૂર્વક કહ્યું છે કે, ખરી શ્રદ્ધા એ જ બ્રહ્મ પામવાનું પ્રથમ ને આવશ્યક પગથિયું છે. કારણ ખરી શ્રદ્ધા વગર ખરૂં વર્તન હોઇ શકે નહિ; અને જે મનુષ્ય પોતાના મન ઉપર કાબૂ રાખીને તે મુજબ વર્તવાનું શીખ્યો નથી તે મનુષ્યને બ્રહ્મના મૂળાક્ષરનું જ્ઞાન હજુસુધી થયું નથી એમ કહેવામાં હરકત નથી.

અમુક સંપ્રદાય, તત્ત્વદર્શન કે ધર્મમાં શ્રદ્ધા હોય તે જ શ્રદ્ધા ખરી, એવું મહાન ધર્મગુરુઓનું કહેવું નથી; પરંતુ મનુષ્યનું **માનસિક વલણ**-તેના મનનો ઝોક-જે તેનો **આખો જીવનક્રમ** ગોઠવે છે, તે કઈ બાજુએ વળે છે એ, તેની શ્રદ્ધા શેમાં છે તે દેખાડી આપે છે. જેવી શ્રદ્ધા તેવું વર્તન હોવાથી, શ્રદ્ધા અને વર્તન જુદાં ગણાય નહિ.

બધાં કર્મનું મૂળ શ્રદ્ધા છે, તેથી જ મન કે હૃદયમાં જેવી શ્રદ્ધા હોય તેવી શ્રદ્ધા જીવનમાં વર્તનરૂપે પ્રગટ થાય છે. દરેક મનુષ્યના અંતરમાં જેવી શ્રદ્ધાનાં મૂળ રોપાયાં હોય તેવી શ્રદ્ધાને પૂર્ણરીતે અનુસરીને તે કાર્ય કરે છે, અને જીવન ગાળે છે.× શ્રદ્ધા એક પ્રકારની હોય અને વર્તન તેથી ઊલટા પ્રકારનું હોય એ બનવું તદ્દન અશક્ય છે. દાખલા તરીકે, કોઇપણ મનુષ્યને ન્યાય અને અન્યાયમાં, પ્રેમ અને દ્વેષમાં, કલહ અને શાંતિમાં, વિનાશીમાં અને અવિનાશીમાં એકીસાથે શ્રદ્ધા હોય એ અશક્ય છે. દરેક મનુષ્યની શ્રદ્ધા આવા **બે વિરોધી પ્રકારની નહિ**, પરંતુ એક જ પ્રકારની હોય છે, અને તે તેના દરરોજના વર્તન ઉપરથી જણાઇ આવે છે. જે મનુષ્યને ન્યાયમાં શ્રદ્ધા છે, જે મનુષ્ય તેને શાશ્વત અને અવિનાશી શક્તિરૂપે લેખે છે તે મનુષ્ય, જિંદગીની અસમાનતા—કોઈ રંક તો કોઇ રાય એ—જોઈને ચીઢાતો નથી, અથવા નિરાશ થતો નથી, પરંતુ દરેક કસોટી અને મુસીબતમાં શાંત અને સ્વસ્થ રહે છે. સર્વત્ર ન્યાયનું રાજ્ય પ્રવર્તે છે, અને જે અન્યાય કહેવાય છે તે તો ક્ષણિક અને ભ્રમણા છે એવું તે માનતો હોવાથી, ન્યાય વિરુદ્ધનું વર્તન તે આચરતો જ નથી.

જે મનુષ્ય પોતાના જાતિભાઇઓના અન્યાય સંબંધી હરવખત ગુસ્સે થયા કરે છે, તેની પોતાની સાથે ખોટું

× જુઓ—ગીતા અધ્યાય ૧૭, શ્લોક ૩

सत्त्वानुरुपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥

જેવું જેવું અંતઃકરણ તેવે તેવે રૂપે શ્રદ્ધા થાય છે.

વર્તન ચલાવ્યા બાબત બબડે છે, અથવા પોતાની આસપાસ જ્યાં ત્યાં ખામી હોવા બદલ દિલગીરી બતાવ્યા કરે છે, તે પોતાના વર્તનથી ને મનના વલણથી બતાવી આપે છે કે, "અન્યાય"ને તે માને છે. આ વિરુદ્ધ (એનું પોતાનું વલણ તો જુદું છે એ બતાવવા) તે ગમે તેવું બોલે તોપણ, સૃષ્ટિમાં અવ્યવસ્થા અને અંધાધુંધી પ્રવર્તી રહ્યાં છે એવી તેની અંતરની માન્યતા હોય છે. આનું પરિણામ એ આવે છે કે, ચિંતા અને કલેશના વિચારો તે કર્યા કરે છે, અને તેનું વર્તન ખોડખામીવાળું-ભૂલચૂક ભરેલું-દૂષિત હોય છે.

પરંતુ જે મનુષ્યને પ્રેમ ઉપર અને તેની દૃઢતા યા સ્થાયીપણા પર તથા તેની શકિત ઉપર શ્રદ્ધા છે, તે હરકોઈ સંજોગમાં પ્રેમ દર્શાવે છે ને તેમાંથી કદી ચસકતો નથી, અને મિત્ર તથા શત્રુ સાથે એકસરખી રીતે પ્રેમથી વર્તે છે. જે મનુષ્ય બીજાની નિંદા કરી તેમને દોષ દે છે, જે બીજા લોકો માટે ઘસાતું બોલે છે અથવા તેમને તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે તેને, પ્રેમમાં નહિ પણ દ્વેષમાં શ્રદ્ધા છે. પ્રેમ સંબંધી તે ભલે લાંબાં લાંબાં ભાષણો આપે અથવા મોટા મોટા નિબંધો લખે, તો પણ તેની શ્રદ્ધા ક્યાં છે એ તેનાં સઘળાં કર્મો દેખાડી આપે છે.

શાંતિમાં શ્રદ્ધા રાખનાર તેના શાંત વર્તનથી ઓળખાઈ આવે છે. એવો મનુષ્ય કજિયામાં જોડાય એ તદ્દન અસંભવિત છે. તેને કોઇ મારે તો પણ તેનું વેર તે લેતો નથી, કારણ શાંતિદેવીના દર્શન તે કરી ચૂક્યો હોય છે, એટલે કજિયારૂપી દાનવને તે નમે એવું કદી બને નહિ. જે મનુષ્ય કજિયા દલાલ તરીકે, ન્યાયના ખાં તરીકે, અથવા ચોઢના દરેકેદરેક

પ્રસંગે પોતાનો બચાવ કરવા મંડી જાય છે તેની કજિયામાં શ્રદ્ધા છે; તે કદી શાંત રહે નહિ.

વળી જે મનુષ્યને અવિનાશી સત્યમાં શ્રદ્ધા છે તે પોતાના વિનાશી જીવભાવનો ત્યાગ કરે છે, એટલે જે વિકારો, તૃષ્ણાઓ, અને અપલક્ષણો દેહની તૃપ્તિની ઇચ્છા રાખ્યા કરે છે તેમાં તેનો જીવનવ્યવહાર હોતો નથી-તેનાથી તે દૂર રહે છે; અને આવો ત્યાગ કરવાથી તેનું લક્ષ અવિનાશી સત્યમાં-આત્મામાં સારી રીતે ચોંટે છે, અને તે વિવેકજ્ઞાનવાળું ગુણિયલ અને નિષ્કલંક જીવન ગાળે છે. જેને પોતાના જીવભાવ ઉપર શ્રદ્ધા છે તે તેની કર્મેન્દ્રિયોને લાડ લડાવી તેમને તૃપ્ત કરે છે અને બડાસો મારે છે; તેના કાર્યમાં તે વખતોવખત નાઉમેદ થાય છે, તેના પર ઉપાધિ આવી પડે છે અને તે માનભંગ થાય છે.

સત્યનો-કર્મનો નિયમ માનનાર ઉપર દુઃખ આવતું નથી, કારણ સૌ દુઃખના મૂળ સ્વાર્થનો તેણે ત્યાગ કરેલો હોય છે.

આ ઉપરથી સમજાશે કે કેટલાક મનુષ્યો શાશ્વત અને અવિનાશી શકિત, જેનાથી મનુષ્યનું જીવન નીતિનિયમ મુજબ ચાલે છે તેની હસ્તી સ્વીકારે છે, જ્યારે બીજા એવી કોઇ શકિત નહિ હોવાનું માને છે. જે મનુષ્ય એવી શકિત નહિ હોવાનું માને છે તે તેનાં સાંસારિક કાર્યોમાં તથા સમગ્ર જીવનવ્યવહારમાં નિષ્ફળ નીવડે છે.

ન્યાય, દયા, અને પ્રેમનાં દૈવીસૂત્રોમાં શ્રદ્ધા એ જ ખરી શ્રદ્ધા છે, અને તેવી શ્રદ્ધા એ જ ખરા વર્તનનું મૂળ

છે એવું બુદ્ધ ભગવાને કહેલું છે. બીજાં ધર્મપુસ્તકોમાં પણ એવી **શ્રધ્ધાદ્વારા મોક્ષ** મળે છે એવું દર્શાવેલું છે. આવી જેને શ્રદ્ધા છે તે ઉપર કહેલાં સૂત્રોને અનુસરીને પોતાનું જીવન ઘડે છે, તેની વિરુદ્ધ નહિ. આવો મનુષ્ય પોતાનું હૃદય શુદ્ધ બનાવી પોતાના જીવને પૂર્ણપદે પહોંચાડે છે, એટલે શિવરૂપ બને છે.

ઉપલાં દૈવીસૂત્રો નહિ હોવાની માન્યતાને-તેના અસ્વીકારને બધા ધર્મો અશ્રદ્ધા કહે છે, અને આ અશ્રદ્ધાનું પરિણામ યા ફળ પાપી, દુઃખી અને અજ્ઞાની જીવનમાં જોવામાં આવે છે.

જેમની સાચી શ્રધ્ધા છે તેઓ નિષ્કલંક, જ્ઞાની જીવન-મહાત્માનું જીવન ગાળે છે; જ્યાં ખોટી પોકળ શ્રદ્ધા છે ત્યાં પાપ છે, દુઃખ છે, મન તથા પ્રાણ ઉપર યોગ્ય કાબૂ હોતો નથી; અને તેવાજ મનુષ્યને ક્લેશ તથા ચિંતા હોય છે. "કરણી તેવી પાર ઊતરણી," એ ઉપરથી આ સત્ય સમજાશે.

મને બુદ્ધદેવમાં શ્રદ્ધા છે, મને શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, મહંમદ, ક્રાઇસ્ટ વગેરેમાં શ્રદ્ધા છે, એવું જુદા જુદા ધર્મોના મનુષ્યોને આપણે બોલતા સાંભળીએ છીએ. પરંતુ બુદ્ધદેવ વગેરેમાં શ્રદ્ધા એનો અર્થ શો ? એનો અર્થ એ કે તેમની આજ્ઞાપત્રિકાદ્વારા જે જે સિદ્ધાંતો તેમણે જાહેર કર્યા, અને તે સિદ્ધાંતો મુજબ બોધ લેવા લાયક મહાત્માઓનું પૂર્ણ જીવન તેમણે ગાળ્યું તે સિદ્ધાંતોમાં તથા તેમની વાણીમાં શ્રદ્ધા. જેઓ બુદ્ધદેવ વગેરેમાં શ્રદ્ધા હોવાનું બોલે છે છતાં વિષયવાસનાની તૃપ્તિ કરવામાં, બીજા ઉપર ખાર રાખવામાં તથા તેમને દૂષણ દેવામાં તેમનું આખું જીવન ગાળે છે

તેઓ તેમના પંડને છેતરે છે. (તેમની શ્રદ્ધા બોલવા પૂરતી છે.) તેવા લોકોને બુદ્ધદેવ વગેરેમાં નહિ પરંતુ તેમની ભૌતિક-પશુવૃત્તિમાં શ્રદ્ધા છે. જેમ કોઇ નિમકહલાલ નોકર, તેના શેઠનો હુકમ માથે ચઢાવવામાં આનંદ માને છે, તેમ જેમને બુદ્ધદેવ વગેરેમાં શ્રદ્ધા છે તેઓ તેમની આજ્ઞા મુજબ વર્તે છે, અને એ રીતે પાપમાંથી મુક્ત થાય છે. "હું તેમની આજ્ઞા બરોબર રીતે પાળું છું કે કેમ," એવો પ્રશ્ન બુદ્ધદેવ વગેરેમાં આપણી શ્રદ્ધાની કસોટી કરવા માટે પૂછવો ઉત્તમ છે. એવી શ્રદ્ધા હોવાનું કહીને તે મુજબ જે વર્તતો નહિ હોય તે લબાડ છે, તેના બોલવામાં સત્યતા નથી. પરંતુ જે મનુષ્ય પોતાનું બોલ્યું પાળે છે તે જ મનુષ્ય ઈશ્વરી આજ્ઞા પૂર્ણ રીતે પાળે છે.

નિષ્પક્ષપાતપણે સખ્ત કસોટી કર્યા પછી જણાશે કે, મનુષ્યના વર્તનનું મૂળ શ્રદ્ધા છે. દરેક વિચાર, દરેક આદત, દરેક કાર્ય અમુક પ્રકારની ઠસી ગયલી શ્રદ્ધામાંથી ઉદ્ભવે છે, અને જેમ જેમ મનુષ્યની શ્રદ્ધામાં રૂપાંતર થતું જશે તેમ તેમ તેના વર્તનમાં ફેરફાર થશે. જેમાં આપણી શ્રદ્ધા હોય છે તેમાં આપણું મન ચોંટે છે. આપણું વર્તન આપણી શ્રદ્ધા મુજબ હોય છે. જ્યારે કોઇ બાબત ઉપરથી આપણી શ્રદ્ધા ઊઠી જાય છે ત્યારે તેમાં આપણું મન લાગતું નથી, અથવા તે મુજબ આપણે વર્તતા નથી; જૂનાં રદ્દી કપડાંની પેઠે તેને આપણે દૂર કરીએ છીએ. મનુષ્યોને તેમની તૃષ્ણામાં, જૂઠાણામાં ને બડાશ મારવામાં શ્રદ્ધા હોવાથી તેનો તેઓ ત્યાગ કરતા નથી; તેઓ માને છે કે તે વડેજ તેમને લાભ અને સુખ મળશે. તેમની શ્રદ્ધા જ્યારે નીતિ અને નમ્રતાના દૈવીગુણો તરફ વળશે ત્યારે ઉપર કહેલા દોષોમાં તેઓ સપડાશે નહિ.

હમેશ સત્યનો જ જય થાય છે, એ શ્રદ્ધા મનુષ્યને ખોટા આચરણથી મુક્ત રાખે છે. ગુરુમાં અગર મહાત્મામાં શ્રદ્ધા હોવાથી તેઓ પાપકર્મ કરતા નથી. સદ્‌ગુણમાં શ્રદ્ધા હોવાથી દુર્ગુણ આચરતા નથી, કારણ જેવી શ્રદ્ધા તેવું વર્તન હોય છે. દૈવીજ્ઞાન સંબંધી મનુષ્યની શ્રદ્ધા કેવી છે તેની તપાસ કરવાની જરુર નથી; તે બિનજરૂરી છે. કારણ, જો કોઈ મનુષ્ય આસુરીપાપવૃત્તિમાં પડી રહેતો હોય અને તે, "બુદ્ધ ભગવાને લોકોના ભલા માટે સંસાર ત્યજ્યો," અથવા "તેઓ ઇશ્વરના અવતાર હતા," અથવા તે પોતે "ધર્મ પ્રમાણે વર્તે છે," વગેરે બોલી બતાવે તેનો અર્થ શો–એ શ્રદ્ધા શા કામની ? "અમુક મનુષ્ય કેવું જીવન ગાળે છે ?", "કસોટીના પ્રસંગે તે કેવી રીતે વર્તે છે ?", આ પ્રશ્નો પૂછવા જેવા છે. આ પ્રશ્નોના જવાબથી તે મનુષ્ય આસુરી કે દૈવીસંપત્તિને માને છે તેની ખાતરી થશે.

સદ્‌ગુણના પ્રતાપમાં જેને શ્રદ્ધા છે તે મનુષ્ય ગુણિયલ, આધ્યાત્મિક અથવા ભગવતીજીવન ગાળે છે; કારણ, સદ્‌ગુણમાં ઇશ્વરનો વાસ છે, અરે, તે ઇશ્વરનું રૂપ છે; અને જે મનુષ્યને સર્વોત્કૃષ્ટ કલ્યાણકારી પ્રભુમાં મક્કમ અને અચળ શ્રદ્ધા છે તે તેના પાપ ને દુઃખમાંથી જલદી મુક્ત થઇ જાય છે.

૮

જીવનનો ઉદ્ધાર કરે તેવી શ્રદ્ધા

કહેવાય છે કે મનુષ્યનું આખું જીવન ને વર્તન તેની શ્રદ્ધામાંથી ઉદ્‌ભવે છે. વળી એવું પણ કહેવાય છે કે, મનુષ્યની જીંદગીને તેની શ્રદ્ધા સાથે કંઇ સંબંધ નથી. બન્ને કથનો ખરાં છે. આ બે કથનોની પરસ્પર વિરૂદ્ધતા સ્પષ્ટ દેખાઇ આવે છે. મગજની શ્રદ્ધા અને હૃદયની શ્રદ્ધા—એવી તદ્દન જુદા જુદા પ્રકારની બે શ્રદ્ધા છે એવું લક્ષમાં લેવામાં આવે તો આ વિરુદ્ધતાનો જલદી ઉકેલ આવશે.

મગજની અથવા બુદ્ધિની શ્રદ્ધા એ અગત્યની અને કાર્યજનક યા પ્રેરક શ્રદ્ધા નથી; એ તો ઉપરચોટિયા અને આનુષંગિક–અમુક કારણને લીધે નીપજેલી શ્રદ્ધા છે, અને તેનાથી મનુષ્યનું જીવન ઘડાતું નથી, એવું હરકોઈ નિરીક્ષણ કરનાર સહેલાઇથી સમજી શકે છે. ઉદાહરણ માટે કોઈપણ સંપ્રદાયના થોડા માણસોનો મુકાબલો કરો. તેમની બધાની ધર્મસંબંધી એક જ પ્રકારની શ્રદ્ધા હશે, એટલું જ નહિ પણ તે ધર્મના તેના તે જ સિદ્ધાંતો અક્ષરશઃ કબુલ

રાખતા હશે, અને તેમ છતાં તેમનાં વર્તન ઘણા જુદા પ્રકારનાં હશે. એક મનુષ્ય ઘણા ઉમદા દિલનો તો બીજો હલકા મનનો હોય છે; એક નમ્ર ને વિવેકી તો બીજો અસભ્ય ને ઝાંઝી હોય છે; એક પ્રમાણિક તો બીજો અપ્રમાણિક; એક તેની કુટેવો મુજબ છૂટથી વર્તે છે તો બીજો તેવી કુટેવોથી દૂર રહે છે. આ ચોખ્ખું દેખાડી આપે છે કે ધર્મ સંબંધી (મનની) શ્રદ્ધા એ મનુષ્યના જીવનમાં મહત્વનો ભાગ ભજવતી નથી.

ધાર્મિક જ્ઞાન સંબંધી મનુષ્યની શ્રદ્ધા એ સૃષ્ટિ, ઈશ્વર, ધર્મપુસ્તક વગેરે બાબત તેના મનોગત વિચારો બતાવે છે, પરંતુ તેના **હૃદયમાં ગુપ્ત લપાઈ રહેલી શ્રદ્ધા** તો તેની બુદ્ધિની પાછળ, તેના છેક ભીતરમાં રહેલી હોય છે. મનુષ્યનું **સમગ્ર** જીવન આ ભીતરની શ્રદ્ધા વડે ઘડાય છે અને સુધરે છે. ધર્મના જ્ઞાન સંબંધી ઉપર કહેલા મનુષ્યોનો એક જ મત થાય, જ્યારે તેમના કાર્યો એકમેકથી વિરૂદ્ધ વર્તનવાળા હોય, તેનું કારણ એજ કે, **હૃદયની ખરી શ્રદ્ધા સૌમાં એકસરખી હોતી નથી.**

ત્યારે આ હૃદયની શ્રદ્ધા તે કેવી હોય છે?

જે બાબતને મનુષ્ય ચાહે છે, જેને તે વળગી રહી હૃદયમાં પોષે છે તે આ (જાતની) શ્રદ્ધા છે. મનુષ્ય આ પ્રમાણે કેટલીક બાબતોને ચાહે છે અને તેમને વળગી રહી તેના હૃદયમાં પોષે છે, તેનું કારણ એ જ કે તેમાં તેને શ્રદ્ધા છે, અને એવી શ્રદ્ધા હોવાથી તેમના પર પ્રીતિ રાખી તે મુજબ વર્તે છે, એટલે તેનું જીવન–તેનું આચરણ–તેની શ્રદ્ધાના પરિણામરૂપે (છાયા રૂપે) હોય છે. પરંતુ જે ખાસ સંપ્રદાયમાં તેની બુદ્ધિ અનુસાર શ્રદ્ધા

હોય છે તે સંપ્રદાય સાથે તેના જીવનને, તેની રહેણીને, કાંઈપણ સંબંધ હોતો નથી. નાપાક–અનીતિની બાબતમાં શ્રદ્ધા રાખનાર મનુષ્ય તેને વળગી રહેશે; બીજો જેને તેમાં શ્રદ્ધા નથી તે તેનો ત્યાગ કરશે. શ્રદ્ધા વગર કોઇપણ બાબતને મનુષ્ય વળગી રહે નહિ. કાર્ય પહેલાં **હમેશ** શ્રદ્ધા હોય છે, તેથી મનુષ્યોનાં કાર્યો અને જીવન (વર્તણુક) તેમની શ્રદ્ધાના ફળરૂપે હોય છે.

એક જ સંપ્રદાયના ગુરુચેલા એક દુ:ખી નિરાધાર મનુષ્યની નજીક થઈ પસાર થયા. તેમને તેમના વડીલો તરફથી ઊતરી આવેલા ધર્મના જ્ઞાન સંબંધી ઉપદેશ મળ્યો હતો, અને તેમની બુદ્ધિ અનુસાર તેમાં તેમની શ્રદ્ધા હતી ખરી; પરંતુ તેમના હૃદયમાં દયા ઊતરી નહિ હતી, તેથી તેમનું વર્તન ને રહેણીકરણી તે અનુસાર થયાં. બીજા એક સર્જન હતા, જેમને ધર્મના જ્ઞાનસંબંધી કદાચ ઉપદેશ મળ્યો હશે કે નહિ—આવું પુસ્તકિયા જ્ઞાન તેમને જરૂરનું નહિ હતું, પરંતુ તેમના હૃદયમાં દયા હતી, અને તેથી તેમણે પેલા દુ:ખી મનુષ્ય તરફ દયાભાવ દેખાડ્યો.

એ તો ચોક્કસ છે કે **સદાચારમાં શ્રધ્ધા** અને **દુરાચારમાં શ્રદ્ધા**, એ એજ શ્રદ્ધા મનુષ્યના જીવન પર ખરી અસર કરે છે.

જે મનુષ્ય સદાચારની બાબતોને શ્રેષ્ઠ ગણે છે તે તેવી બાબતો ઉપર પ્રેમ રાખે છે અને તેવું જીવન ગાળે છે. જે મનુષ્ય દેહને લગતી અનીતિની બાબતોને શ્રેષ્ઠ ગણે છે તે તેવી બાબતો ઉપર પ્રેમ રાખે છે, અને તેમને વળગી રહે છે. **ઝાડની કિંમત ફળ ઉપરથી થાય છે.**

ઈશ્વર, શ્રીકૃષ્ણ અને ગીતા સંબંધી મનુષ્યની શ્રદ્ધા હોવી એ એક બાબત છે; તેનાં કાર્યો જે દ્વારા તેનું જીવન દેખાઈ આવે છે તે બીજી બાબત છે. એટલે કોઇપણ મનુષ્યની ધાર્મિકજ્ઞાન સંબંધી શ્રદ્ધાને વજન આપવું નહિ, પરંતુ તેના મનમાં ઘોળાયા કરતા વિચારો, બીજા મનુષ્યો પ્રત્યેનું તેના મનનું વલણ, અને તેનાં કાર્યો કેવાં છે એ સઘળું તેની અંતરની શ્રદ્ધા ખરા કે ખોટા માર્ગે દોરાયલી છે એ ચોક્કસ રીતે બતાવી આપશે.

૯

વિચાર અને કાર્ય

જેમ ઝાડમાંથી ફળ અને ઝરામાંથી પાણી, તેમ વિચારમાંથી કાર્યનો ઉદ્દ્ભવ થાય છે. કાર્યનો ઉદ્દ્ભવ કારણ વગર એકાએક થતો નથી; તે તો લાંબા કાળ સુધી ગુપ્ત રીતે વૃદ્ધિ પામેલા કારણનું ફળ હોય છે; ગુપ્ત રીતે ઘણા વખતથી જે બળની જમાવટ થતી હતી તેનું તે પરિણામ હોય છે. જમીન અને હવામાં લાંબા કાળ સુધી થયેલી ગુપ્ત ક્રિયાઓના કારણે ઝાડ ઉપરથી ફળ અને ખડકમાંથી પાણી નીકળ્યાં, એ કુદરતની ક્રિયાઓના સંયોગનાં પરિણામ હોય છે. તે જ પ્રમાણે કેટલાક કાળ સુધી જેવા વિચારો મનમાં ઘોળાયા કરતા હોય તેવા વિચારોનાં સારાં યા માઠાં ફળ પાકે છે, એટલે જ્ઞાનના વિચાર હોય તો સુંદર કાર્યો, અને પાપના વિચાર હોય તો કાળાં કર્મો પરિણમે છે.

જે મનુષ્યને બીજા લોકો અડગ નિશ્ચયવાળો માનતા, અને તે પોતે પણ તેમ માનતો, તેવો કોઇ મનુષ્ય ભારે લાલચને લીધે અઘોર પાપમાં એકાએક ફસાય ત્યારે, જે

વિચારો દ્વારા તેનું પતન થયું તે વિચારોની ગુપ્ત શ્રેણીને ખુલ્લી કરવામાં આવે તો, તેની આ અધોગતિ એકાએક-આકસ્મિક અથવા વગર કારણે નહિ હતી એમ સમજાશે. ઘણાં વર્ષોથી જે વિચારો મનમાં ઘોળાયા કરતા હતા તેની સમાપ્તિ રૂપે-તેના બહાર ઉઘાડા પડેલા આખરના પરિણામ રૂપે આ અધોગતિ થઇ હતી. તે મનુષ્યે પોતાના મનમાં કુવિચારને એક વખત આવવા દીધો, અને બીજી તથા ત્રીજી વાર તેને વધાવી લઇ પોતાના હૃદયમાં વાસો આપ્યો. ધીમે ધીમે આવા વિચાર કરવાની તેને ટેવ પડી; તે બાદ તેનું સેવન થયું, તેથી આનંદ માન્યો, ને તેને પુષ્ટિ આપી. આ પ્રમાણે પેલા વિચારની વૃદ્ધિ થતી ગઈ, અને તેમાં એટલી દૃઢતા ને બળ આવ્યાં કે તેને તેવી સંધી મળી આવી, અને પેલો વિચાર સ્ફુરી નીકળી કાર્યરૂપે દેખાયો. જેમ કોઇ ભવ્ય મકાનનો પાયો તેની નીચે પાણી મરવાથી ધીમે ધીમે ખોદાઈ જાય, અને તે મકાન છેવટે પડી જાય, તેવી રીતે જે અડગ નિશ્ચયવાળો મનુષ્ય પોતાના મનમાં દુષ્ટ વિચારોને ઘૂસવા દે છે, અને પોતાની શાખને ગુપ્ત રીતે ધોકો લગાડે છે, તે આખરે પડયા સિવાય રહેતો નથી.

પાપના અને લોભના વિચારો ઉદ્દભવે ત્યારે તેનું સ્વાભાવિક પરિણામ તેવું જ આવે છે, એવું મનુષ્યને સમજાય ત્યારે તેવા વિચાર દૂર કરવાની તેને સૂઝ પડે છે, તે દૂર થઈ શકશે એમ તે માને છે, અને તેની આ માન્યતા વહેલી મોડી ખરી પડે છે. માટે જો કોઇ મનુષ્ય પોતાના મનમાં નિર્દોષ શુભ વિચારો આવવા દઇ, તેનું મનન કરી, તેને પુષ્ટિ આપ્યા કરે તો તેવા વિચારો, ખરાબ વિચારોની પેઠે, વૃદ્ધિ પામશે, ધીમે ધીમે તેમનું

બળ વધશે અને છેવટે એવા સંજોગો આવી મળશે કે તે વિચારો શુભ કાર્યરૂપે પરિણમશે.

"કોઇ પણ છાની વાત આખરે પ્રસિદ્ધિમાં આવ્યા વગર રહેતી નથી," અને જે કંઇ વિચાર મનમાં સેવવામાં આવે તે, સૃષ્ટિની સ્વાભાવિક પ્રેરક શકિતના બળે, તેના ગુણ દોષ પ્રમાણે, સારાં યા માઠાં કર્મ રૂપે આખરે બહાર આવ્યા વિના રહેતો નથી. ધર્મગુરુ અને વિષયલંપટ બન્ને પોતપોતાના વિચારોના પરિણામે તે સ્થિતિએ પહોંચેલા હોય છે; અને હાલ તેઓ જે સ્થિતિ ભોગવે છે તે સ્થિતિ, જે વિચાર રૂપી બિયાં તેમણે પોતાના હૃદય રૂપી બગીચામાં રોપ્યાં ને વાવ્યાં, અને પાછળથી પાણી પાઈ ઉછેરી કેળવ્યાં તેના ફળ રૂપે છે.

પાપ ને લોભના પ્રસંગ આવે ત્યારે તેમની સામે ટક્કર ઝીલી તેમને દૂર કરી શકાશે એમ કોઇએ ધારવું નહિ. તે જાતે શુદ્ધ વિચાર કરતો રહે તો જ તે તેમને દૂર કરી શકશે. ખોટાં આચરણ તરફ ઢળતી તેની રુચિને, જો કોઇ મનુષ્ય પોતાના હૃદયમાં અને દૈનિક વ્યવહારમાં દરરોજ ખંત રાખી દૂર કરે, અને તે સ્થળે (તેને બદલે) ખરા અને બોધ-દાયક વિચારોને દાખલ કરતો રહે તો, દુષ્કૃત્યને બદલે સુકૃત્ય કરવાની સંધિ-સુસંગોગ તેને આવી મળે છે. કારણ, મનુષ્યના પ્રકૃતિગુણને અનુસરતી જે વસ્તુ હોય તે જ તેના તરફ આકર્ષાય છે, અને જ્યાં સુધી મનુષ્યના હૃદયમાં તે વસ્તુને આવકાર દે એવું લક્ષણ હોય નહિ ત્યાં સુધી તેવી લાલચ તે મનુષ્ય તરફ આકર્ષાતી નથી.

વાંચનાર ! યોગ્ય સંભાળ રાખી વિચાર કરતા રહો;

કારણ, સારા યા માઠા, જે ગુપ્ત વિચારો આજે તમે કરો છો તે વહેલા મોડા તેવા જ કાર્યરૂપે પ્રકટ થવાના છે. જે મનુષ્ય તેના મનમાં દુષ્ટ વિચારોને દાખલ થવા દેતો જ નથી, અને પ્રેમના વિચારો, નીતિના ઉત્તમ સદ્‌ગુણવાળા સુંદર વિચારો હરવખત કર્યા કરે છે, તે મનુષ્ય તે વિચારોનું ફળ પાકશે ત્યારે શાંતિ ઉપજે એવાં પવિત્ર કાર્યો કરશે, અને કોઈપણ લાલચ તેની સામું ખડી થશે તો તેને મારી હઠાવવા કદી ગાફેલ રહેશે નહિ.

૧૦

માનસિક સ્થિતિ

વિચારવંત મનુષ્ય તરીકે તમારે સમજી લેવું કે તમારી કારકિર્દિ સુધારવા અથવા બગાડવાનો નિર્ણય તમારા પ્રબલ માનસિક વલણ ઉપર રહેલો છે. તમારામાં હાલ કેટલું જ્ઞાન છે અને હવે પછી કેટલી નિપુણતા–સિદ્ધિ મેળવી શકશો તે પણ તે વલણ કહી આપશે. તમારા પ્રકૃતિગુણોનું કહેવાતું પરિમિતપણું યા સીમા એ તો તમારા જ વિચારોએ આંકેલી હદ છે; તે તમે પોતે ઊભી કરેલી છે; તેમને ટૂંકી કરી શકાય, લંબાવી શકાય, અથવા જે સ્થિતિમાં છે ત્યાં કાયમ રાખી શકાય તેમ છે. ×

તમારા વિચારના ઉત્પન્ન કરનાર તમે છો, એટલે તમારી જાત તથા સ્થિતિના ઘડનાર તમે જ છો. વિચાર એ કારણદર્શક અને ઉત્પાદક છે, અને તે તમારા જીવન તથા વર્તનમાં પરિણામરૂપે દેખા દે છે. જિંદગીમાં આકસ્મિક બનાવો જેવી વસ્તુ નથી. જીવનમાં જે કડવાશ યા મીઠાશ દેખાય છે તે તમારા વિચારોને અનુમોદન આપતા પડઘા–પરિણામરૂપે હોય છે. મનુષ્ય જેવા વિચાર કરે છે તેવો તેનો સંસારવ્યવહાર–જીવનચક્ર ચાલે છે.

× **નોંધ.** ' હું શું કરી શકું, ' ' મારી શક્તિ કેટલી ', આવા વિચાર કરનાર તમે છો, અને **अहं ब्रह्मास्मि** એ વિચાર પણ તમે જ કરી શકો છો.

તમારૂં પ્રબળ માનસિક વલણ શાંત ને પ્રેમમય હશે તો તમને સુખ અને આનંદ પ્રાપ્ત થશે; જો તે ટંટાખોર ને દ્વેષી હશે તો દુઃખ અને આપત્તિરૂપી વાદળાં તમારા પર આવી પડશે. ખરાબ ભાવનાથી શોક પેદા થાય છે; શુભ ભાવનાથી સુખશાંતિ મળે છે.

તમારા સંજોગો તમારાથી જુદા હોવાનું તમે ધારો છો, પરંતુ તે તો તમારી વિચારસૃષ્ટિ સાથે ગાઢી રીતે જોડાયલા હોય છે. યોગ્ય કારણ વગર કંઇપણ બનતું નથી; જે થાય છે તે વાજબી થાય છે. એકે બાબત નિર્માણ થયલી હોતી નથી; દરેક બાબત આપણે જેવી ઘડીએ તેવી ઘડાય છે.

જેવા તમારા વિચારો તેવું તમારૂં વર્તન. પ્રેમના પ્રમાણમાં પ્રેમનું આકર્ષણ થશે. તમારી હાલની સ્થિતિ તમારા વિચારોએ આણી છે; હવે પછી જેવા વિચાર કરશો તેવી તમારી ભવિષ્યની સ્થિતિ હશે. વિચારોના પરિણામમાંથી તમે છટકી શકશો નહિ, પરંતુ તે પરિણામો ભોગવીને બોધ લઇ શકશો, અને તે સ્વીકારશો એટલે તમને આનંદ થશે.

જે સ્થળે તમારો પ્રેમ (તમારી સતત તીવ્ર મનોવૃત્તિ) યોગ્ય રીતે સંતોષાશે તે સ્થળે તમે હમેશ જશો. તમારો પ્રેમ અધમ હશે તો અધમ સ્થળે જઈ પહોંચશો; જો તે પુણ્યલક્ષી-ઉચ્ચાશયી હશે તો તેવા સ્થળે જશો.

તમારા વિચારો બદલી નાંખો એટલે તમારી સ્થિતિ બદલાશે. આ સંસારનું ઋણ પતાવવાની જવાબદારી તથા તેનું ગૌરવ કેટલું છે તેનો વિચાર કરો. તમે શક્તિસંપન્ન છો, શકિતહીન નથી. આજ્ઞાભંગ કરવામાં, અનીતિના માર્ગે જવામાં, અને અજ્ઞાનદશામાં પડી રહેવામાં જે મનોબળ-

જે મનોવૃત્તિ તમે બતાવો છો તે જ બળ તમે આજ્ઞાપાલનમાં, નીતિના માર્ગે જવામાં, અને જ્ઞાન મેળવવામાં વાપરી શકો તેમ છો. જેની ઇચ્છા તમે કરશો તે તમે શીખી શકશો. અજ્ઞાન રહેવું પસંદ હશે તો અજ્ઞાન રહેશો; જ્ઞાન મેળવવા રાજી હશો તો તે તમને મળશે. જ્ઞાનદૃષ્ટિ-ચતુરાઇ મેળવવી હશે તો તે મળશે; નીતિ-સાધુતા ઉપર પ્રેમ હશે તો તેનો સાક્ષાત્કાર તમને થશે. દરેક વસ્તુ તમારી સામે ખડી છે, અને તેમાંથી કઇ પસંદ કરવી તેનો આધાર તમારા વિચાર પર રહેલો છે.

એક માણસ અજ્ઞાન દશામાં પડી રહેવામાં મઝા માને છે, તેથી તે મૂર્ખ રહે છે, અને મૂર્ખાઇભર્યા વિચારો કરે છે. બીજો જ્ઞાન મેળવામાં મઝા માને છે, તેથી તે જ્ઞાની થાય છે, અને ડહાપણભર્યા વિચારો કરે છે. × કોઇપણ

× જુઓ ગીતા અધ્યાય ૬ શ્લોક ૫-૬

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥
बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥

સર્વ કોઇએ પોતાનો ઉદ્ધાર પોતે જ કરી લેવાનો છે, અને પ્રકૃતિ ગમે તેટલી બલવત્તર થાય તો પણ તેનો જય કરી આત્મોન્નતિ કરવી એ વાત સર્વ કોઈના સ્વાધીનમાં છે.

જે જિતેન્દ્રિય છે તે પોતે જ પોતાનો બંધુ છે, પરન્તુ જેણે આ શરીરેન્દ્રિયના સમુદાયરૂપ આત્માને જીત્યો નથી, તેનો આત્મા જ શત્રુપણે વર્તે છે.

કોઈ માણુસ અજ્ઞાન વડે કોઇ નિર્જન અરણ્યમાં ભૂલો પડી ગયો હોય, ધરામાં પડી ગયો હોય, કાદવમાં ખૂંચી ગયો હોય, તો તે જેમ પોતાની જ મેળે કાંઇ સાધન મેળવી બહાર આવે છે તેમ અહીં પણ સમજવું.

મનુષ્યને બીજો મનુષ્ય રોકી શકતો નથી; તે પોતે જ પોતાને રોકી શકે. કોઇ મનુષ્ય બીજાને લીધે દુઃખમાં સપડાતો નથી; પોતે કરેલાં કર્મોને લીધે જ તે દુઃખ ભોગવે છે. નિર્મળ વિચારરૂપી ભવ્ય દરવાજે જશો તો ઉત્તમોત્તમ ભૂમિકામાં દાખલ થઇ શકશો; અનિતિના વિચારરૂપી અધમદ્વારે જશો તો છેક નરકાગારમાં જઇ પડશો–તમારૂં અધઃપતન થશે ×

બીજાઓ તરફ તમારૂં જેવું વલણ હશે તેવો તેનો સંપૂર્ણ પ્રત્યાઘાત તમારા ઉપર થશે, અને તમારા જીવનના દરેક કાર્યમાં તેની છાયા–તેની અસર દેખાશે. દરેક સ્વાર્થી અને મલિન વિચારનું પરિણામ કોઇપણ [illegible] દુઃખના રૂપમાં તમારી ચાલુ હાલત દરમિયાન તમને આવી મલશે. નિઃસ્વાર્થનો નિર્મળ વિચાર કરેથી તમને આનંદ આવી મલશે. તમારા સંજોગો–તમારી દશા એ તો **પરિણામ** છે, અને તેના કારણ તમારા ભીતરમાં અદૃશ્ય રહેલાં છે. તમારા વિચારોના જનક–પિતા તરીકે તમારી હાલની તેમજ ભવિષ્યની સ્થિતિ ઘડનાર તમે છો. તમે પોતે કોણ છો એ સમજતા થશો ત્યારે તમારી જિંદગીનો દરેક બનાવ ધર્મના અદલ ત્રાજવે તોલાય છે એ જોઈ શકશો. જ્યારે એ નિયમ મગજમાં ઊતારશો ત્યારે, સંજોગોના નચાવ્યા નાચો એવા તમે અંધ ને બાયલા નથી એમ તમે તમારી જાતને ગણશો, અને તે પછી જ તમે ખરા મર્દ અને જ્ઞાની ગુરુ થશો. (સંજોગોના ઘડનાર થશો.)

× **असुर्या नाम ते लोका अन्धेन तमसाऽऽवृताः**
तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥

ઇશાવાસ્યોપનિષદ્–૩

આત્માનો વધ કરનારની દુર્ગતિ થાય છે.

૧૧

વાવવું તેવું લણવું

વાવણીની વેળાએ ખેતરોમાં અને ગામની નેળોમાં જશો તો ખેડુતો અને બાગવાનો નવી તૈયાર કરેલી જમીનમાં બિયાં વાવવા લાગી ગયા છે એવું તમને જણાશે. એ ખેડુતો અગર બાગવાનોમાંના એકાદને તમે પૂછશો કે, એ બિયાંમાંથી કઇ જાતનો પાક તે મેળવવા ધારે છે તો તે તમને બેશક, મૂર્ખ ગણશે અને કહેશે કે, એમાં કંઇ 'ધારવાપણું' છે જ નહિ; એ તો જાણીતી વાત છે કે જેવું વાવીએ તેવું લણીએ, એટલે કોદરા, બાજરી, શાકભાજી, જેવો પાક મેળવવો હોય તેવું જ વાવવું જોઇએ.

કુદરતના દરેક કાર્ય અને ક્રિયામાંથી જ્ઞાની મનુષ્યને કંઇ ને કંઇ શીખવાનું મળે છે. દુનિયામાં પ્રકૃતિનો એક એવો નિયમ નથી જે મનુષ્યના મન પર તથા મનુષ્ય-જાતિના જીવન પર ગણિતના જેવી જ ચોકસાઇથી અસર કરતો નહિ હોય. ધર્મગુરુઓનાં સર્વ વચનો–ઉપદેશો આ સત્ય વાતને દૃષ્ટાંતરૂપે દર્શાવે છે, અને તે સઘળાં કુદરતની સાધારણ બાબતોમાંથી તારવેલાં છે. મનમાં તથા જીવનક્રમમાં બી વાવવાની એક રીત છે, એટલે માનસિક વાવેતર કરી જેવું બી વાવ્યું હોય તેવો પાક મળે છે. વિચાર, વાણી ને

વર્તન, એક જાતનાં વાવેલાં બિયાં છે, અને જગતના અનિવાર્ય નિયમ મુજબ બીની જાત પ્રમાણે પાક આપે છે.

જે મનુષ્ય દ્વેષી વિચાર કરે છે તે તિરસ્કાર પામે છે; જે પ્રેમભર્યા વિચાર કરે છે તેને બધા ચાહે છે. જે મનુષ્યનાં વિચાર વાણી ને વર્તન નિખાલસ હોય છે તેને તેવા મિત્રો આવી મળે છે. કુટિલ મનુષ્યને કુટિલ મિત્રો મળી આવે છે. જે મનુષ્ય ખોટા વિચાર અને ખોટાં કર્મોનું વાવેતર કરીને ઈશ્વર પાસેથી સુખ મેળવવા પ્રાર્થના કરે છે તે તો ખેડુતે કોદરા વાવીને ઘઉંનો પાક માંગવા જેવું છે. જેને આનંદ મેળવવા ઇચ્છા હોય તેણે આનંદજનક કાર્યો કરવાં જોઈએ; જેને સુખી થવા ઇચ્છા હોય તેણે બીજાનાં સુખના વિચાર કરવા જોઈએ.

વળી વાવેતર માટે બીજી એક વસ્તુ લક્ષમાં રાખવાની છે. ખેડુતે જમીનમાં તેના બધા બીનું વાવેતર કરવું ખરૂં, પરંતુ તે પછી તેનું પરિણામ કુદરત ઉપર છોડી દેવું. લોભ કરી બી રાખી મૂકશે તો બી તથા તેનો પાક બન્ને ગુમાવશે; કારણ, બી સડી જઈને નાશ પામશે. વાવવાથી બીનો નાશ થાય છે ખરો, પરંતુ એ નાશથી તો થોકબંધ પાક પેદા થાય છે. તેજ પ્રમાણે જિંદગીમાં દાન કરતા રહેવાથી–દિલ મોટું રાખવાથી પ્રાપ્તિ થતી રહે છે. × જે મનુષ્ય એમ બોલે કે, જ્ઞાન ગ્રહણ કરવા જેવો લાયક મનુષ્ય દુનિયામાં કોઇ નહિ મળવાથી મારૂં જ્ઞાન બીજાને

× સરખાવો

आदानं हि विसर्गाय, અને ધરમ કિયે ધન ના ઘટે.

(તુલસીદાસજી)

અપાય તેમ નથી, તો તે મનુષ્યમાં તેવું [આપવા જેવું] જ્ઞાન નથી, અને જો હશે તો થોડા વખતમાં કટાઈ જશે. સંગ્રહ કરવો એ ગુમાવ્યા બરોબર છે; એકલા પોતાના જ સ્વાર્થ સારૂ રાખવું એ તો તે વસ્તુ વિનાના થયા બરોબર છે.

જે મનુષ્ય પોતાનું દ્રવ્ય વધારવાની ઇચ્છા રાખે છે તે પણ, પોતાની પાસે જે કાંઈ થોડી મૂડી હોય છે તે, તેની તિજોરીમાંથી બહાર કાઢીને વેપારમાં રોકે છે, અને તે પછી જ નફાની રાહ જોશે. જ્યાંસુધી તેની કિંમતી માલમતા –દ્રવ્યને ઘરમાં ભરી રાખશે ત્યાંસુધી તે ગરીબ રહેશે એટલુંજ નહિ, પરંતુ દિન પર દિન વધુ ગરીબ થતો જશે, કારણ, આવક નહિ ને ખર્ચ તો ચાલુ રહેવાનો. એટલે જે વસ્તુ ઉપર તે પ્રેમ રાખે છે તે વસ્તુ–તેમાં વધારો નહિ થવાથી—તે મનુષ્ય છેવટે તો ગુમાવશે જ. પરંતુ દ્રવ્યનું વિવેકપૂર્વક રોકાણ કરે એટલે બહાર કાઢે, અને પેલા ખેડુતની માફક તેના દ્રવ્યરૂપી બીયાંનું વાવેતર કરે તો તેમાં વધારો એટલે નફો મેળવવાની રાહ તે બેલાશક જોઇ શકે, અને આવા નફાની આશા રાખવી ખોટી નથી.

મનુષ્યો ઈશ્વર પાસે શાંતિ ને શુદ્ધબુદ્ધિની, ન્યાય ને આનંદની માંગણી કરે છે, પરંતુ તેમને તે મળતાં નથી, તેનું કારણ એ છે કે, તેઓ તે મુજબ વર્તતાં નથી, તે સારૂ વાવેતર કરતાં નથી. મેં એક પ્રસંગે એક ધર્મગુરુને ક્ષમા માટે ખરા દિલથી પ્રાર્થના કરતો સાંભળ્યો હતો, અને તે પછી તરત જ આ ઉપદેશ દરમિયાન શ્રોતાજનોને "પોતાના ધર્મના વિરોધીઓ પ્રત્યે જરાપણ દયા નહિ બતાવવી," એવું કહેતો સાંભળ્યો. આ જાતની

ભુલવણી–આત્મવંચના–અફસોસજનક છે. શાંતિ અને આનંદ મેળવવાનો માર્ગ શાંતિના તથા આનંદનાં વિચાર, વાણી ને કાર્યોદ્વારા જ જડે છે, એ મનુષ્યોએ શીખવાનું છે. ×

કજિયાકંકાસના, અનીતિના અને માંહેમાંહે વેર કરાવે એવાં બી વાવીને શાંતિનો, શુદ્ધબુદ્ધિનો અને સંપનો સુંદર પાક માંગવાથી તે મલી જશે એમ મનુષ્યો માને છે ! ક્રોધી અને કજિયાખોર મનુષ્ય શાંતિ માટે પ્રાર્થના કરે એ દેખાવ કરૂણાજનક નથી વારુ ? મનુષ્યો જેવું વાવેતર કરે તેવું તેઓ લણે છે, તેથી હરકોઇ મનુષ્ય પોતાનો સ્વાર્થ દૂર કરીને પરોપકાર બુદ્ધિના, વિવેકના અને પ્રેમના બિયાંનું બહોળું વાવેતર કરે તો ચાલુ જન્મમાં અને વગર વિલંબે આનંદનો પાક લણી શકશે.

જે કોઇ મનુષ્ય આફતમાં આવી પડ્યો હોય, સંકડામણમાં હોય, શોકાતુર યા દુઃખી હોય તેણે પોતાના મનને પૂછવું કે–

"કેવા વિચારરૂપી બિયાં હું વાવતો આવ્યો છું ?"

"હાલમાં હું કેવાં બિયાં વાવું છું ?"

"બીજા લોકો તરફ મારું વર્તન કવું છે ?"

"આધિ, વ્યાધિ, ઉપાધિરૂપી કયાં બિયાં મેં વાવ્યાં છે કે આજે આ કડવાં ફળ મારે ચાખવાં પડે છે ?"

તેણે પોતાનું અંતર તપાસવું એટલે ખરી હકીકત માલમ પડશે અને તે માલમ પડશે એટલે આપસ્વાર્થી સઘળાં બિયાંને પડતાં મૂકીને ફક્ત નિઃસ્વાર્થનાં–પરોપકારનાં બિયાં તે વાવવા માંડશે. દરેક મનુષ્યે ખેડુત પાસેથી વિવેક-જ્ઞાનનો સરળ બોધપાઠ શીખવા જોઈએ.

× **तन्मे मनः शिवसंकल्पमस्तु ।**
મારું મન પવિત્ર વિચાર કરવાવાળું બનો.

૧૨

ધર્મનું રાજ્ય

એક સમય એવો હતો જ્યારે × પક્ષાપક્ષી કરતાં દેવ-દેવીઓમાં મનુષ્ય માનતો હતો. પરંતુ મનના તરંગોએ અજ્ઞાન દશામાં ઊભાં કરેલાં આ કાલ્પનિક પૂતળાઓમાં, મનસ્વીપણે વર્તતાં આ દેવદેવીઓમાં લોકોની પહેલાં જેવી શ્રદ્ધા રહી નથી (શ્રદ્ધા ઊડી ગઇ છે). મનુષ્યોએ તેમને માટે ઘણા-ઘણા કજિયા કરીને તેમનો બચાવ કર્યો, પરંતુ છેવટે થાકીને આ ઝઘડાઓથી તેઓ કંટાળ્યા છે. વર્ષોથી પૂજાતી આવતી આવી મૂર્તિઓનો ત્યાગ કરી જ્યાંથી ત્યાંથી તેમને તેઓ હવે વિસર્જન કરે છે.

ખારીલો, દ્વેષી અને અદેખો એવો જે દેવ પોતાના દુશ્મનોની પડતી જોવામાં આનંદ માને, પક્ષાપક્ષી કરતો

× ગ્રીક કવીશ્વર હોમરે તેમના ઇલિયડ નામના જગવિખ્યાત મહાકાવ્યમાં, અમુક દેવદેવીઓ પોતપોતાનાં પક્ષનાં સૈન્યોને પ્રેરણા કરી યુદ્ધ મચાવે છે, અને એ રીતે સંહારમાં ભાગ લે છે એ વર્ણવ્યું છે, તે સંબંધનો કદાચ આ ઉલ્લેખ હોય. પશુઓ અને માણસોનાં બલિદાન આપી અમુક દેવદેવીઓને સંતોષી તેમને પોતાના પક્ષમાં લેવાનું આસુરી વર્તન હજુ યે આપણે ક્યાં જોતા જાણતા નથી ?

જે દેવ આપણી સ્વાર્થી અધમ તૃષ્ણા તૃપ્ત કરે, જે દેવ પોતાના ખાસ સંપ્રદાયના સેવકોનો જ ઉદ્ધાર કરે, જે દેવ બીજા સંપ્રદાયના લોકોનો બહિષ્કાર કરીને પોતાના સંપ્રદાયના લોકો ઉપર કૃપા દેખાડે (આપણે તેમને દેવ કહેતા એ ખોટું હતું) એ દેવો આપણા અજ્ઞાનપણાના દેવો હતા; એ દેવો આપણા જેવા જ મતલબી, આપણા જીવે ઊભાં કરેલાં બનાવટી પૂતળાં હતાં. એ રેંજીપેંજી દેવોનો ત્યાગ, શંકાવિશંકાથી, રડતાં કકળતાં કર્યો, અને એકબીજાનાં લોહી રેડી મૂર્તિઓ ભાંગી કાઢી. પરંતુ એમ કરવામાં ઇશ્વરને આપણી નજરથી દૂર રાખ્યા નહિ હતા (આપણો આશય ઊંચો હતો.) એ રીતે આપણે એ મહાન ને શાંત પ્રેમમૂર્તિની નજીક પહોંચતા ગયા. સ્વાર્થનાં-મતલબી પૂતળાંનો નાશ કરવાથી જે શકિતનો-જે સત્તાનો નાશ થઇ શકતો નથી તેને આપણે કંઇક સમજવા લાગ્યા, અને તે પ્રેમમય, શાંતિમય, આનંદમય દેવનું વધુ સમજપૂર્વક જ્ઞાન થયું.× એ દેવમાં વેર ને પક્ષપાતનું અસ્તિત્વ નથી; એ તેજોમય પ્રભુની સમક્ષ ભય, શંકા અને સ્વાર્થરૂપી અજ્ઞાન ઊભાં નહિ રહેતાં નાસી છૂટે છે.

સૃષ્ટિના ઉન્નતિક્રમમાં મનુષ્યના સ્વાર્થ અને માયારૂપી ખોટા દેવો ચાલ્યા જાય એવો સમય આવી પહોંચ્યો છે.

× જુઓ, ધીરા ભગત.

દુનિયા તો દિવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે,
કર્તા વસે પાસે રે, મૂરખને નવ સૂઝે—(ટેક)
જીવ નહિ તેને શિવ કહી માને, પૂજે કાષ્ઠ પાષાણ,
ચૈતન્ય પુરુષને પૂઠે રે મૂકે, એવી અંધ જગ અજાણ,
અરકને અજવાળે રે, પારસમણિ નવ સૂઝે૦

આખી સૃષ્ટિ એક ચૈતન્યમય આત્માની બનેલી હોવાનું જૂનું દર્શન દુનિયા ઉપર નવા રૂપમાં ફરીથી પ્રગટ થવા લાગ્યું છે, અને તેથી જે પામર દેવો મોહમાયાનો આશ્રય લેતા હતા તેઓ જ્ઞાનના આ પ્રકાશથી હચમચી રહ્યા છે.

જે દેવને ફોસલાવી શકાય, જે દેવ પૂજારીની ઇચ્છા તૃપ્ત કરવા જતાં સંસારનો સઘળો ક્રમ ઉલટાવી, નિરંકૂશપણે અને સ્વચ્છંદરીતે અમલ ચલાવે, તેવા દેવમાં મનુષ્યોને શ્રદ્ધા રહી નથી, અને તેમની ખુલેલી દૃષ્ટિથી—જ્ઞાનના નવા પ્રકાશથી-હૃદયમાં આનંદ પામતા તેઓ તેમનું મન નીતિ ન્યાયના દેવ તરફ વાળે છે.

તેઓ તેમના દેહના સુખ અને તૃપ્તિ માટે નહિ પરંતુ જ્ઞાન માટે, સમજશકિત માટે અને વિવેક માટે, તેમજ દેહના બંધનમાંથી છૂટવા માટે તે ઇશ્વર તે-સત્તા-તરફ વળે છે. એ માર્ગે જવાથી તેઓ તેમની ખોળમાં નિષ્ફળ જતા નથી, તેમજ તેઓ ખાલી હાથે ને વીલેમુખે પાછા ફરતા નથી. દરેક વિચાર, દરેક આવેગ, દરેક વચન અને દરેક કાર્ય તેમના ગુણદોષને પૂર્ણરીતે અનુસરતું પરિણામ લાવે છે એવો કર્મનો નિયમ-એવું ધર્મનું રાજ્ય તેઓ પોતાના અંતરમાં જુએ છે. પ્રેમના વિચાર સુંદર આનંદમય વાતાવરણ આણે છે; દ્વેષી વિચાર માઠી દુઃખદાયક સ્થિતિ આણે છે. સારાં તેમજ માઠાં વિચારો ને કાર્યો પેલા સર્વોત્કૃષ્ટ નિયમના ધર્મના કાંટે તોળાય છે-એટલે સારા વિચાર ને કાર્યો આનંદ, તથા માઠા વિચાર ને કાર્યો ઉદ્વેગ આણે છે. આ ખોળ લાગવાથી તેઓ કર્મના નિયમના નવા માર્ગે ચઢે છે. આ માર્ગે ચઢવાથી તેઓ બીજાની ઉપર

આળ ચઢાવતા નથી, શંકા લાવતા નથી. કારણ, તેઓ હવે સમજે છે કે ઇશ્વર સદ્રૂપ છે, વિશ્વવ્યાપી નિયમ સાચો છે, બ્રહ્માંડરચના ખરી છે, અને જો કંઇયે ખોટું હોય તો તેઓ જાતે જ ખોટા છે, અને તેમની મુક્તિ તેમના પોતાના જ હાથમાં, તેમના પોતાના પ્રયત્નો ઉપર, તથા જેમાં સદાચારનો અંશ હોય તેનો સ્વતઃ અંગીકાર કરીને તથા જેમાં દુરાચારનો અંશ હોય તેનો તદ્દન ત્યાગ કરવા ઉપર રહેલો છે. હવે તેઓ શ્રોતા તરીકે નહિ રહેતાં પ્રભુનો ઉપદેશ આચારમાં મૂકે છે, અક્ષરબ્રહ્મનું કાર્ય કરે છે (પ્રભુભકિતમાં લીન થાય છે), જ્ઞાન મેળવે છે, ઉપદેશ લે છે, વિવેકજ્ઞાનમાં આગળ વધે છે, અને દેહના બંધનમાંથી છૂટી શુચિતમ મુક્તજીવન ગાળે છે.

ઇશ્વરીનિયમ પૂર્ણ છે અને તે મનુષ્યની આંખ ઉઘાડે છે–તેને જ્ઞાન આપે છે. મનુષ્ય અપૂર્ણ રહે તો તે તેના અજ્ઞાનપણાના કારણે, તેની અંધમૂર્ખાઇને લીધે જ છે. શિવપણું–પૂર્ણજ્ઞાનમયસ્થિતિ–એ પૂર્ણ નિયમનું જ્ઞાન બતાવે છે, તેને જે કોઇ મેળવવા કોશિષ કરે છે તેમને મળે છે. પ્રકૃતિના નિયમોને અનુસરનાર દરેકનો તેની ઉપર હક છે. આપણે આપણા સ્વાર્થભાવને કોરે મૂકીને દેહભાવને ભૂલી જવાનું—'હું તે આ દેહ નહિ' એવું જીવન ગાળીએ તો એ—શિવપણું—ચાલુ જન્મમાં જ સિદ્ધ થાય છે, અર્થાત્ આપણ સૌને એ સ્થિતિ મળી શકે તેમ છે.

જે મનુષ્યો પોતાના 'હક' મેળવવા ખાતર, પોતાના 'લાભ' જાળવવા ખાતર, અને પોતાના 'મત' ખાતર લઢવા વઢવામાં મંડયા રહે છે તેમને, તથા જેમના

કાર્યોમાં 'હું' ભાવ રહ્યો છે અને જેઓ સ્વાર્થ તથા અહંભાવરૂપી રેતાળભૂમિ ઉપર ચણતર ચણે છે તેમને, આત્માનું જ્ઞાન, તેનો અનિર્વચનીય આનંદ, તેની શાંતિ, અને ગુપ્ત બળ મળી શકે નહિ. પરંતુ જે લોકો કજિયાના મૂળનું, આધિ તથા વ્યાધિનાં કારણોનું નિકંદન કરે છે તેમને તે મળે છે. ખરેખર, તેવાજ લોકો આત્માના–શિવના સેવકો છે, જગતગુરુના શિષ્યો છે, પરમાત્માના ભકતો છે.

આત્મા–બ્રહ્મના અનુયાયીઓ આજે પણ દુનિયામાં છે. તેઓ મનન કરે છે, લખે છે, ભાષણો આપે છે, અને તે મુજબ વર્તે છે. રે, આપણામાં પેગંબરો પણ છે, અને તેમની ખ્યાતિ આખી દુનિયામાં ફેલાઇ રહી છે. પવિત્ર આનંદનો ગુપ્ત ઝરો દુનિયામાં જોરથી વહેતો શરૂ થયો છે, તેથી સ્ત્રીઓ ને પુરુષોમાં અપૂર્વ મહત્વાકાંક્ષા અને આસ્થા ઉત્પન્ન થયાં છે, અને જેઓ જોઇ કે સાંભળી શકતા પણ નથી તેમના મનમાં યે વધુ સુંદર અને વધુ જ્ઞાનની–ઉચ્ચાશયી ને પુણ્યલક્ષીજીવન ગાળવાની ઉત્કંઠા થઇ છે.

ધર્મનું રાજ્ય ચાલે છે, અને તે મનુષ્યોના હૃદયમાં તથા જીવનમાં પ્રવર્તે છે. જેમણે નિઃસ્વાર્થના નિર્મળ માર્ગે જઇને સનાતન પરમાત્માનું મંદિર શોધી કાઢયું છે તેઓ ધર્મનું રાજ્ય ચાલે છે એ સમજી શકયા છે.

મનુષ્યની ખાતર ઇશ્વર પોતાનું સ્વરૂપ બદલતો નથી. કારણ, તેમ થાય તો પરમજ્ઞાની અજ્ઞાની થયા ગણાય. મનુષ્યે અલ્પજ્ઞ મટીને સર્વજ્ઞ થવું જોઇએ, તેનો અર્થ એ કે અજ્ઞાનીએ જ્ઞાની થવું. તે નિયમનો ભંગ થઇ શકે નહિ;

તેમ થાય તો અવ્યવસ્થા થઇ જાય. મનુષ્યે તે નિયમને અનુસરવું જોઈએ; તે શાંતિ, સુવ્યવસ્થા અને ન્યાયને અનુસરીને રચાયલો છે.

પોતાની કામનાઓ—વાસનાઓને આધીન રહેવું એના જેવું દુઃખદાયક બંધન બીજું એકે નથી. જન્મમરણના નિયમને પૂર્ણ આધીન થઈ રહેવું એના જેવી મુક્તિ બીજા કશામાં નથી. તે નિયમ એવો છે કે, મનુષ્યે પોતાનું હૃદય નિર્મળ કરવું, મનની શુદ્ધી કરવી, જેથી 'મારું' 'તારું' નાશ પામીને સર્વત્ર પ્રેમરસથી છલકાતું આપણું સમગ્રજીવન બને. કારણ, **સમદર્શીપણું**—સૌ તરફ એકસરખો પ્રેમ એ જ દૈવી નિયમ છે-એ જ ઈશ્વરનું રાજ્ય છે. પ્રેમ બધાને આલિંગન આપે છે, કોઇને તરછોડતો નથી; સૌ કોઇ ચાલુકાળમાં પ્રેમમય થઇ શકે છે, કારણ, તેનો વારસો બધાને એકસરખો મળેલો છે. ×

આહા ! મનોહર મૂર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ ! મનુષ્ય પોતે ચિદ્ અંશ છે એમ સમજીને ચાલુ જન્મમાં જ નિર્વાણપદ મેળવી શકે એ જાણવું કેવું આનંદજનક છે ?

ઓ, માયા ! વિનાશી દેહ ઉપર પ્રીતિ રાખીને અવિનાશી આત્માનો મનુષ્ય ત્યાગ કરે, એ દયાજનક નથી ?

તે નીતિ નિયમને આજ્ઞાધીન રહેશો એટલે પાપ અને વિનાશી દેહભાવનો નાશ થશે, અને નિર્મળ આનંદ તથા અખંડ શાંતિની પ્રાપ્તિ થશે.

× **सबसें ऊंची प्रेमसगाई**—સૂરદાસજી

સ્વાર્થી ઈચ્છાઓને અનુસરવું એટલે આધિ વ્યાધિરુપી વાદળાં, જે અવિનાશી બ્રહ્મના પ્રકાશ ઉપર અંધકાર આણે છે તેનાથી પોતાના આત્માને ઢાંકયા બરોબર * અને પોતાની જાતને ખરા આનંદથી અલગ રાખ્યા બરોબર છે. + કારણ, 'મનુષ્ય જેવું વાવશે તેવું જ લણશે.'

ખરેખર, ધર્મનું રાજ્ય ચાલે છે અને તે સર્વકાલ સુધી છે; ન્યાય ને પ્રેમ તેના સનાતન મંત્રીઓ છે.

---

* ઘૂંઘટકા પટ ખોલ રે, તોકો પીવ મિલેગે—કબીરજી

+ **हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।**
तत्त्वं पूषन्नपावृणु सत्य धर्माय दृष्टये ॥

અર્થ—સોનાં જેવા ચકચકિત ઢાંકણથી સત્યનું મુખ ઢંકાઇ ગયું છે. હે **પૂષન્** (જગતને પોષણ દેનારા સૂર્ય), સત્યની શોધ કરનારો જે હું, તેને સત્યનું મુખ દેખાય તે માટે તે ઢાંકણું તું દૂર કર. ઈશાવાસ્ય ઉપનિષદ્. ૧૫

૧૩

અદલ ન્યાય

સ્થૂલ સૃષ્ટિ તેના જુદા જુદા પ્રકારના બળોની સમાનતાને લીધે ટકી રહી છે, અને તેનો નાશ થતો નથી.

સૃષ્ટિનું સદસત્ (સત્—અસત્)નું ધોરણ તેની સમાનશક્તિના અદલ ન્યાયને લીધે ટકી રહ્યું છે, અને તે તૂટી જતું નથી.

સ્થૂળ દુનિયામાં વાયુ વિનાની જગો હોય તો આધ્યાત્મિક દુનિયામાં અશાંતિ હોય; અર્થાત્ ત્યાં અશાંતિ હોય જ નહિ.

સૃષ્ટિમાં તોફાનો, ભાંગફોડ, તથા વસ્તુઓનાં રૂપાંતર થતાં રહે છે, પરંતુ તેના ભીતરમાં જે પૂર્ણ શાશ્વત આધાર છે તેમાં કાંઈ ફેરફાર થતો નથી. મનુષ્યને આધિ, વ્યાધિ અને ઉપાધિ ઘણાં વળગેલાં છે, તો પણ તેના છેક અંતરમાં શાશ્વત આનંદ, અનંત શાંતિ, અને અખંડ ન્યાયનો વાસ છે.

ત્યારે સૃષ્ટિમાં અન્યાય છે જ નહિ કે શું? અન્યાય છે અને નથી પણ ખરો. મનુષ્ય જે પ્રકારનું જીવન ગાળે છે, અને જ્ઞાનની જે ભૂમિકા ઉપરથી દુનિયાને જોઇ તુલના કરે છે, તે ઉપર તેનો આધાર રહ્યો છે. જે મનુષ્ય મોહમાયામાં પડયો રહે છે, તે બંધે અન્યાય જુએ છે; જેણે મોહમાયા

દૂર કરી છે તે જિંદગીની દરેકેદરેક સારી માઠી અવસ્થામાં ન્યાય પ્રવર્તતો જુએ છે. અન્યાય એ મોહમાયાની ખોટી, રાગદ્વેષની ગૂંચવણે ઊભી કરેલી સ્થિતિ છે, અને જેઓ તે સંબંધી વિચાર કર્યા કરે છે, તેમને તે ખરી દેખાય છે. જિંદગીમાં ધર્મ એ જ શાશ્વત સત્ય છે, અને આ દેહ તે 'હું' છું, એવા દેહભાવરૂપી દુઃખદાયક સ્વપ્નામાંથી જાગૃત થઈ જેઓ બહાર નીકળ્યા છે તેમને તેનો પ્રકાશ—તેનો પ્રભાવ દેખાય છે.

મોહમાયા અને દેહભાવની પાર જવાય નહિ ત્યાંસુધી દૈવી ન્યાય નિયમ સમજી શકાય નહિ. અપકાર ને નુકસાનનો વિચાર સરખો પણ મનમાં રહ્યો હોય તેને વિશ્વપ્રેમરૂપી નિર્મળ અગ્નિમાં હોમી દીધા સિવાય નિરંજન ધર્મરાજાનો ખ્યાલ આવી શકશે નહિ.

જે મનુષ્ય એમ ધારે છે કે, "મારી અવગણના થઇ, મને દુઃખ દેવામાં આવ્યું, મારૂં અપમાન થયું, મારી સાથે ગેરવર્તન ચલાવવામાં આવ્યું ' તે ન્યાય શું છે એ સમજી શકતો નથી. દેહના મમત્વમાં અંધ થયલો હોવાથી તે શિવ—આત્માના શુદ્ધ સિદ્ધાંતો સમજી શકતો નથી, અને પોતાના નુકસાન બદલ વિચાર કર્યા કરતો હોવાથી હમેશ દુઃખમાં સડયા કરે છે.

મોહમાયાના પ્રદેશમાં જુદાજુદા વિકારોની સતત લડાઇ ચાલુ હોય છે, અને તેમાં જે લોકો સપડાયલા છે તેઓ દુઃખી થાય છે. જગતમાં આઘાત સાથે પ્રત્યાઘાત, કર્મ સાથે ફળ, કારણ સાથે પરિણામ જોડાયલાં હોય છે. તે

બધાના ભીતરમાં તથા બધાની પર પરમધર્મરાજા છે, જે ઘણી જ બારિક રીતે અને ભૂલચૂક વગર જુદાંજુદાં બળોને-વેગોને નિયમમાં રાખે છે, અને અદલ ન્યાયથી કર્મ પ્રમાણે ફળ આપે છે.× જે લોકો કજિયા કંકાસમાં જોડાયા હોય છે તેઓ આ ધર્મરાજને જોતા નથી, ને જોઇ શકે પણ નહિ. દેહના વેગોનું જોર નરમ પડ્યા સિવાય આ ધર્મરાજને જોઇ શકાય નહિ.

આશા, તૃષ્ણા, હિંસા, ભ્રાંતિ, ઈર્ષા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અને ગર્વ એ મોહમાયાનો વિસ્તાર છે. અંધ બનાવે તેવા મોહમાયાના એકાદ વિકારમાં જે મનુષ્ય થોડો યે સપડાયો હોય તે કેવી રીતે ધર્મરાજને જોઇ શકે અથવા પરમાત્મતત્વને હૃદયમાં ઉતારી શકે ? બળતા મકાનની આગમાં સપડાયલા મનુષ્યને કહીએ કે, 'તું નિરાંતે બેસી આગ લાગવાનું કારણ ખોળી કાઢ,' તેના જેવી આ વાત છે !

ફક્ત ઉપરટપકે જોવાથી દરેક કાર્ય જાણે આપોઆપ ઊભું થયું હોય, અને તેને કોઇ કારણ અને પરિણામ સાથે સંબંધ રહ્યો ના હોય એવું મનુષ્યો સમજતા હોવાથી, તેમને બીજાનાં કાર્યોમાં અન્યાય દેખાય છે. સદસતની સૃષ્ટિમાં મનુષ્યોને કારણ અને પરિણામનું જ્ઞાન નહિ હોવાથી, તે શકિતના ન્યાયરૂપ ત્રાજવે ક્ષણેક્ષણે થતું તોલ તેઓ જોઇ શકતા નથી, તેથી તેઓ પોતાનાં કાર્ય ખોટાં

× જુઓ—ધીરા ભગત

"ગજ કાતરણી લઇને બેઠા, દરજી તો દીનદયાલ

"વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ."

હોય એવું કદી ગણતા નથી, પરંતુ બીજાના તેવાં ગણે છે ! એક છોકરો સૂતેલા જાનવરને મારે છે, તેથી તે નાદાન છોકરાને તેના ઘાતકીપણા માટે એક મોટો મનુષ્ય મારે છે, તે ઉપરથી તેના કરતાં વધુ જબરો મનુષ્ય તે છોકરા તરફ ઘાતકીપણું બતાવવા માટે પેલા મનુષ્યને મારવા ઉતરી પડે છે ! દરેક જણ પોતાને વાજબી (ન્યાયી) અને દયાળુ ગણીને બીજાને ખોટો ને ઘાતકી લેખે છે ! મોટે ભાગે તે છોકરો તો તે જાનવર તરફનું તેનું વર્તન વાજબી ને જરૂરનું માનશે ! આવી રીતે અજ્ઞાનથી દ્વેષ અને કજિયો ચાલુ રહે છે.

જિંદગીમાં ખરો માર્ગ નહિ જડવાથી, રાગદ્વેષમાં આ રીતે જીવન ગાળતાં, મનુષ્યો અંધ થઇને પોતાની ઉપર દુઃખ વહોરે છે. તેઓ દ્વેષની સામું દ્વેષ, ક્રોધની સામું ક્રોધ, ટંટાફિસાદની સામું ટંટાફિસાદ કરે છે. જે મનુષ્ય બીજાને મારી નાંખે છે તે પોતે જ મરાય છે. બીજાનું પચાવી પાડી જીવન ગાળનાર ચોર પોતે જ લૂંટાય છે. જે જાનવર બીજાનો શિકાર કરે છે તેનો જ શિકાર થઇ તે મરણ પામે છે. આળ ચઢાવનાર ઉપર આળ ચઢે છે નિંદા કરનારની નિંદા થાય છે, અને ધમકી આપનાર-ઝાંસા કરનાર હેરાનગતિ પામે છે.

'આ ધોરણે ખૂની પોતાના જ પેટમાં છરો મારે છે.'

'અન્યાયી ન્યાયાધીશનો બચાવ કરનાર કોઇ હોતું નથી.'

'જૂઠાને તેના જૂઠાણા માટે શિક્ષા મળે છે.'

'ખાતર પાડનાર ચોર ને લૂંટારાએ લૂંટેલું પાછું આપવું પડે છે.'

'કર્મનો નિયમ આવો છે.'

મોહમાયાની સવળી (ક્રિયાસાધક) અને અવળી (નિષ્ક્રીય) બાજુ પણ હોય છે. મૂર્ખ અને કપટી, જુલમગાર અને ગુલામ, કજિયો કરનાર અને વેર વાળનાર, ધૂતારો અને વહેમી–સિદ્ધસાધકની ગરજ સારે છે, અને કર્મના નિયમ મુજબ ન્યાય આપવા ખાતર ભેગા થાય છે. એકબીજાનું દુઃખ ઊભું કરવામાં મનુષ્યો અજાણતાં સહાયભૂત થાય છે. "આંધળો આંધળાને દોરે છે, અને બેઉ ખાડામાં પડે છે." આધિ, વ્યાધિ, ઉપાધિ અને કાલચક્રના ફેરફાર એ મોહમાયારૂપી ફૂલનાં ફળ છે.

રાગદ્વેષવાળો મનુષ્ય જ્યાં ફક્ત અન્યાય જુએ છે ત્યાં સર્જ્જન મનુષ્ય, જેણે રાગદ્વેષ દૂર કર્યા છે તે, કર્મ અને તેનું ફળ જુએ છે—અલૌકિક ન્યાય જુએ છે. અન્યાય જેવી કોઈ વસ્તુ છે એવું તે માનતો નહિ હોવાથી, પોતાની ઉપર અન્યાય ગુજર્યો છે એવું તે કદી કહેતો નથી. પોતાના આત્માને તેણે દુઃખી કર્યો યા છેતર્યો નહિ હોવાથી, તેને બીજું કોઇ દુઃખ દઇ યા છેતરી શકે નહિ એવું તે જાણે છે. મનુષ્યો તેના તરફ ગમે તેટલો ક્રોધ કરે અથવા બેવકુફીથી વર્તે તો પણ તેથી તેને કાંઇ દુઃખ થતું નથી, કારણ તે સમજે છે કે, જે કંઇ તેની ઉપર આવી પડે છે (ભલે તે નિંદા કે સતામણી હોય) તે તેણે પોતે જ શરૂઆતમાં કરેલાં કર્મોના પરિણામરૂપે છે. તેથી તે બધી બાબતોને શુભ લેખે છે, બધામાં આનંદ માને છે, દુશ્મનો ઉપર પ્રેમ રાખે છે, જે એને શ્રાપ આપે તેને આશીર્વાદ દે છે, અને સમજે છે કે આવા અજ્ઞાન પણ કલ્યાણકારી

સાધનો સિવાય તે મહાન ધર્મરાજા (કર્મના નિયમ) પ્રત્યેનું પોતાનું સદસત્‌નું દેવું આપવા તે શક્તિમાન થાત નહિ.

સર્જ્જન મનુષ્યમાં રોષ, ખાર, ગરજમતલબીપણું, અને અહંભાવ ગળી ગયલા હોવાથી તે સમતોલ–સમદર્શી બન્યો હોય છે, અને તેથી પરમાત્મા જે આખી સૃષ્ટિને સતત સમધારણમાં રાખે છે તેમની સાથે તદ્રૂપ થયો હોય છે. રાગદ્વેષનાં અંધબળોની પર જવાથી તે તે શક્તિઓનું બળ સમજે છે, અને પહાડ ઉપર એકાંતસેવન કરનાર મનુષ્ય તળેટી આગળના વાવાઝોડાને જેમ ગભરાટ વગર જુએ છે, તેવી જ રીતે તે તે શક્તિઓને શાંત અંતર્દષ્ટિથી જુએ છે. તેને મન અન્યાય છે જ નહિ, એટલે અજ્ઞાનના પરિણામે દુઃખ, અને જ્ઞાનના પરિણામે સુખ તેની નજરે પડે છે. મૂર્ખ અને ગુલામને તેની સહાનુભૂતિની જરૂર છે; એટલું જ નહિ, પરંતુ દગાખોર અને જુલમગારને પણ તેની દયાની તેટલી જ જરૂર છે, એવું તે સમજે છે, અને તેથી તે સૌના દુઃખની દાઝ જાણે છે.

અદલ ન્યાય એ જ અલૌકિક પ્રેમ છે. જ્યાં કારણ હોય ત્યાં કાર્ય થયા વગર રહે નહિ, અને તેના પરિણામમાંથી નાસી છૂટવા બારી હોતી નથી.

જ્યાંસુધી મનુષ્ય દ્વેષ, ખાર, ક્રોધ અને નિંદાને વશ હોય ત્યાંસુધી સ્વપ્નવશ થયલા મનુષ્યની માફક તે પોતાને અન્યાય થયાનું સમજે છે, અને અન્યાય સિવાય બીજું કાંઇ તેની નજરે પડશે પણ નહિ. જેણે તામસી, અંધ કરે તેવા વિકારોને દૂર કર્યા હોય છે તેજ સમજે છે કે, સર્વની ઉપર કદી ભૂલ કરે નહિ એવો ન્યાયાધીશ–ધર્મરાજા બિરાજે છે અને આખી સૃષ્ટિમાં અન્યાય જેવી વસ્તુ છે જ નહિ.

૨૪

વિચારશક્તિનો ઉપયોગ

વિચારશક્તિ આંધળી છે, અને તે મનુષ્યને આત્મા-બ્રહ્મ તરફ દોરવી જવાને બદલે આડે માર્ગે લઇ જાય છે, એવું આપણે સાંભળીએ છીએ. આ વાત જો સાચી હોય તો, વિચારશક્તિ વગરના થવું યા રહેવું, અને તે પ્રમાણે થવા બીજાને કહેવું એ વધારે સારૂં છે. પરંતુ ખરી વાત તો એ છે કે, આ દૈવી વિચારશક્તિ ખંત રાખીને કેળવી હોય તો તેથી શાંતિ અને મનની સ્થિરતા પ્રાપ્ત થાય છે, અને સંસારના સંદિગ્ધ વિષયો અને ગૂંચવણોને આનંદથી દૂર કરવા મનુષ્ય શક્તિમાન થાય છે.

એ તો ખરૂં છે કે વિચારશક્તિ કરતાં વધુ ઉચ્ચ, રે, આત્માના-બ્રહ્મના ચૈતન્ય કરતાં યે વધુ ઉચ્ચ એક જ્યોત છે, પરંતુ વિચારશક્તિની મદદ વગર તેને સમજી શકાય તેમ નથી. જેઓ વિચારશક્તિ રૂપી દીવાને સંકોરવા ના પાડે છે. તેઓ તેમની એ મનોદશા દરમિયાન, બ્રહ્મની જ્યોત જોઇ શકે નહિ; કારણ, વિચારશક્તિની જ્યોત એ બ્રહ્મની જ્યોતનું પ્રતિબિંબ છે.

વિચારશક્તિમાં એક પ્રકારનું દોહન કરવાનો ગુણ છે, જે

ગુણની એક બાજુએ આસુરીવૃત્તિ અને બીજી બાજુએ દૈવીસંપત્તિ રહેલી છે, અને તેને બરોબર ઉપયોગમાં લીધી હોય તો તે આસુરીવૃત્તિના અંધકારમાંથી દૈવીસંપત્તિના પ્રકાશમાં લઇ જાય છે. વિચારશક્તિ આસુરીકાર્યોમાં વપરાય છે ખરી, પરંતુ તે તો તેના અયોગ્ય યા એકતરફી ઉપયોગનું પરિણામ છે. તેની યોગ્ય ખિલવણી થાય તો આપણામાંથી સ્વાર્થી પ્રકૃતિ નીકળી જાય છે અને જીવાત્માને પરમાત્મા સાથે તે છેવટે જોડી દે છે.

જે મનુષ્ય પોતાના આધ્યાત્મિક બળથી **પરમાત્માની** ખોળ કરવા તજવીજ કરે છે તે ઘણી વખત આડેમાર્ગે ચડી જાય છે એમ કહેવાય છે, તેનું કારણ તેની વિચારશક્તિ નહિ, પરંતુ તેની કોઇ કોઇ ક્ષુદ્રવાસના છોડવાની નામરજી એ છે. જે મનુષ્ય પોતાના વિચારશક્તિરૂપી દીવાનો ઉપયોગ બ્રહ્મની ખોળ માટે કરશે તે અજ્ઞાન રહેશે નહિ. એક મહાત્માએ કહ્યું છે કે, 'આવો, આપણે ભેગા મળીને વિચારશક્તિથી બ્રહ્મનું શોધન કરીએ. તેમ કરવાથી તમારાં પાપ ગમે તેવાં ઘોર હશે તો પણ તેમાંથી તમે મુક્ત થઇ જશો.'

ઘણાં સ્ત્રીપુરૂષો પોતાની **વિચારશક્તિનો ઉપયોગ કરતા નહિ હોવાથી** અસંખ્ય દુઃખો ભોગવી, આખરે પાપ કરતાં કરતાં જ મરી જાય છે. તેનું કારણ એ છે કે, વિચારશક્તિરૂપી દીવાના એક ઝાંખા કિરણથી તેમની ભ્રમણાઓ દૂર કરી શકાય તેમ છે, તોયે તેઓ તેમને વળગી રહે છે. જેઓ પાપ તથા દુઃખરૂપી કાળા પોષાકને બદલે સુખશાંતિરુપી ઊજળો પોષાક ધારણ કરવા ઇચ્છતા હોય

તેમણે પોતાની વિચારશક્તિનો છૂટથી, પૂર્ણરીતે, અને શ્રદ્ધા રાખી ઉપયોગ કરવો જોઇએ.

વિચારશક્તિ વચલા માર્ગે ચાલે છે, અને તે ઉત્તમ શાંતિ મેળવી આપે છે. તે માર્ગે ચાલવા આપણે મનુષ્યોને સમજાવીએ છીએ, તેનું કારણ આ બ્રહ્મવાકયોની ખાતરી આપણને થઇ ચૂકી છે, અને તે આપણે સમજ્યા છીએ. વિચારશક્તિ ચલાવવાથી મનુષ્ય મોહમાયા ને સ્વાર્થનો ત્યાગ કરી, શ્રદ્ધા રાખવાના ને ક્ષમાશીલ થવાના શાંત ને મધુર માર્ગ તરફ વળે છે. બધી બાબતોનો વિચાર કરીને, જેમાં સદાચાર દેખાય તે ગ્રહણ કરવું એવી જે આજ્ઞા, તેને જે મનુષ્ય સંપૂર્ણરીતે વળગી રહે તે આડે માર્ગે જાય નહિ, અથવા અંધ ગુરુઓને અનુસરે નહિ. જેઓ વિચારશક્તિનો સદુપયોગ કરતા નથી તેમને આત્મા-બ્રહ્મનો માર્ગ મળતો નથી.

અનીશ્વરવાદ સાથે વિચારશક્તિને કોઇ રીતે જાણે કે ઘાડો સંબંધ હોય એવી વિચિત્ર ભ્રાંતિ ઘણા લોકોમાં છે. તેનું કારણ એ છે કે ઇશ્વર નહિ હોવાનું જે લોકો સાબિત કરવા યત્ન કરે છે, તે લોકો વખતોવખત બોલે છે કે, અમે અમારી વિચારશક્તિ યા બુદ્ધિ અનુસાર ચાલીએ છીએ; અને જેઓ ઇશ્વર હોવાનું કહે છે તેઓ પોતાની શ્રદ્ધાને અનુસરે છે એવું કહે છે. આ જાતનો વાદવિવાદ કરનારાઓ બુદ્ધિ કે શ્રદ્ધાને નહિ અનુસરતાં ઘણુંખરૂં વહેમમાં જ તણાય છે, કારણ તેમનું લક્ષ્ય આત્મા-બ્રહ્મને ખોળી કાઢવા તરફ નથી, પરંતુ તેમના બંધાઇ ગયલા મતનો બચાવ કરી તેને પુષ્ટિ આપવા તરફ હોય છે.

વિચારશક્તિને ક્ષણિક અનુમાનો સાથે નહિ, પરંતુ સિદ્ધ થયલી બાબતો સાથે સંબંધ હોય છે, અને જેનામાં નિર્મળ અને ઉચ્ચ વિચાર કરવાની બુદ્ધિ છે તે વહેમમાં તણાશે નહિ, અને તેની ખોટી કલ્પનાઓને નકામી ગણી દૂર કરશે. અમુક વસ્તુ સાબિત કરવા યા નહિ કરવા યત્ન નહિ કરતાં, તે સામસામી બાબતોની તુલના કરી, વિરૂદ્ધ પક્ષમાં દેખાતી સર્વ બાબતો પર એકસરખી નજર નાંખી, શાંતચિત્તે ને સંભાળપૂર્વક લક્ષમાં લઇ તે પર વિચાર કરશે, અને એ રીતે સત્યને-બ્રહ્મને પહોંચશે.

જે સઘળું નિર્મળ અને નમ્ર, વ્યવહારુ અને વાજબી છે તે સાથે જ બુદ્ધિનો મેળ હોય છે. જુલમી મનુષ્યને 'બુદ્ધિ વગરનો,' દયાળુ અને ડાવકાને 'વિચારશીલ યા વિવેકી,' અને ગાંડાને તેનામાં 'બુદ્ધિ નહિ હોવાનું,' આપણે કહીએ છીએ. આ ઉપરથી જણાય છે કે, 'બુદ્ધિ' શબ્દ ઘણેભાગે બહુગ્રાહી-વ્યાપક અર્થમાં જાણે અજાણે વપરાય છે; અને તેમાં કંઇ ખોટું નથી. કારણ, વિચારશક્તિ એ કાંઇ પ્રેમ, પરિપકવ વિચાર, વિવેક કે અક્કલહુંશિયારી નથી, પણ તેનામાં દૈવીગુણો તરફ દોરી જવાની શક્તિ છે, અને ઉપલા દૈવીગુણો સાથે તેનો એવો નિકટ સંબંધ છે કે તેમનાથી તેને પૃથક્ વિચારના કારણ સિવાય છૂટી પડાય તેમ નથી.

મનુષ્યમાં રહેલી અમીરાઇ અને કુલીનતા તેની બુદ્ધિનું સારું-નરસું સમજવાની અક્કલનું માપ દર્શાવી આપે છે. એનામાં ને પશુમાં ફરક એટલો છે કે, પશુ તેની પાશવ-વૃત્તિને અંધરીતે અનુસરે છે. મનુષ્ય જે પ્રમાણમાં વિચાર-

શક્તિ-બુદ્ધિને નહિ અનુસરતાં પોતાની વાસનાને અનુસરે છે તે પ્રમાણમાં તે મૂર્ખ-જાનવર જેવો કહેવાય છે.

ઉપર કહેલા સઘળા વિવેચનથી સમજાશે કે, સત્ય-ધર્મ-ઇશ્વરીનિયમ-નો સમાવેશ 'વિચારશક્તિ' યા 'વિવેકબુદ્ધિ' શબ્દમાં થઇ શકે છે.

જે મનુષ્યની બુદ્ધિ ખીલી નથી, અને જેનું મન ઉદાર નથી તેવો મનુષ્ય શબ્દોના અર્થ સારૂ મારામારી-વાદવિવાદ કરે છે; પરંતુ જેમજેમ મનુષ્ય પોતાનું દિલ મોટું કરે, અને બુદ્ધિને ખિલવે તેમ તેમ એજ શબ્દોના ઉમદા ને વ્યાપક અર્થ તે કરે છે. શબ્દો સંબંધી મૂર્ખવાદવિવાદ છોડી દો, વિચારશીલ મનુષ્યોની માફક સિદ્ધાંતની શોધ કરો, અને જેનાથી સલાહસંપ થાય તેવું વર્તન આચરો.

૧૫

મનોનિગ્રહ

સંયમ રાખતાં શીખે નહિ ત્યાં સુધી મનુષ્યે જીવી જાણ્યું નથી; તે ફક્ત હસ્તીમાં છે-જીવે છે-હાલે ચાલે છે. તેવો મનુષ્ય તેની તૃષ્ણાઓને જાનવરની માફક સંતોષે છે, અને તેનું મન જ્યાં જ્યાં દોડે ત્યાં ત્યાં તે જાય છે. જે જાતનું સુખ જાનવર ભોગવે છે તેવું તે ભોગવે છે, કારણ, પોતાનું શું ગુમાવે છે તેનો તેને ખ્યાલ નથી. દુઃખ માટે શા ઇલાજ લેવા એ તે જાણતો નહિ હોવાથી જાનવર જેવું દુઃખ પણ તે ભોગવે છે. તેનું જીવન શા સારૂ છે તે ઉપર બુદ્ધિપૂર્વક તે વિચાર ચલાવતો નથી, અને ચોક્કસ ધ્યેય અથવા સિદ્ધાંત પાછળ લક્ષ આપવાને બદલે તેના જીવનમાં લાલસા અને મુઝવણભરી મનોદશા દેખા દે છે. જે મનુષ્યની આંતરદશા-મનોદશા આવી બેકાબૂ અને અવ્યવસ્થિત હોય તે તેના સાંસારિક બાહ્યજીવનમાં આભલોભાભલો દેખાય તેમાં નવાઇ નથી. તૃષ્ણાના પ્રવાહમાં તણાતો, તે જીવનના સુખ-ભોગની વસ્તુઓ ઓછા વત્તા પ્રમાણમાં કદાચ મેળવે, તો પણ એકે કાર્યમાં તે ખરી સિદ્ધિ મેળવી શકશે નહિ. જે માનસિક બળો વડે બાહ્યજીવન ઘડાય છે તે બળોને વ્યવસ્થિત

રીતે ચલાવી શકતો નહિ હોવાથી, તે મોડો વહેલો ભારે ખોટમાં યા સંકટમાં આવી પડશે.

સંસારમાં લાંબી મુદત ટકે એવું એકે કાર્ય કોઈપણ મનુષ્ય કરી શકે તે પહેલાં તેણે પોતાના મન ઉપર થોડો-ઘણો કાબૂ મેળવવો જોઇએ. "બે ને બે ચાર જ થાય", તેના જેવો આ કોયડો છે, કારણ, "જીવનનો વિકાસ હૃદય દ્વારા થાય છે." મનુષ્ય પોતાના અંતરના વેગો ઉપર કાબૂ રાખી શકે નહિ તો તેના બાહ્યજીવન અને કાર્યો ઉપર લાંબો વખત દૃઢ અંકુશ રાખી શકે નહિ. એથી ઊલટું, મનુષ્ય પોતાના મન ઉપર જેમ જેમ કાબૂ મેળવતો જાય છે તેમ તેમ સંસારમાં ઉચ્ચ અધિકારની, પરોપકારની અને સિદ્ધિ પ્રાપ્ત કરવાની પાયરીઓ ઉત્તરોત્તર ચઢતો જાય છે.

જાનવર અને બેલગામ-નિરંકુશ માણસના જીવન વચ્ચે માત્ર ફરક એ છે કે, મનુષ્યની તૃષ્ણાનું ક્ષેત્ર વિશાળ છે, અને તેથી તેને દુઃખ પણ વિશેષ પ્રમાણમાં ખમવું પડે છે. આત્મસંયમ, શિયળ (બ્રહ્મચર્ય), ધૈર્ય અને એવા એવા ઉમદા ગુણો જે દરેક જીવમાં હોવા જોઇએ તે તેનામાં નહિ હોવાથી, આવા મનુષ્ય માટે એમ કહેવાય છે કે, તે મુઆ જેવો છે. આવા મનુષ્યના અંતર્જ્ઞાનમાં આત્મા સુવેલો છે-દબાઈ ગયો છે; તે સજીવન થતાં પામર દુઃખી જીવને ચેતન આવે છે, અને આ દુનિયામાં જન્મમરણનું કારણ શું છે તેનું તેને જ્ઞાન થાય છે*

* सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा
सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।
अन्तःशरीरे ज्योतिर्मयो हि शुभ्रो
यं पश्यन्ति यतयः क्षीणदोषाः ॥

મનુષ્ય પોતાના ઉપર કાબૂ રાખવા માંડે ત્યારથી તે ઉચ્ચ જીવન ગાળવાની શરૂઆત કરે છે, કારણ, તે પછીથી જ "આ કરૂં કે તે કરૂં" એવા ગૂંચવાડાને દૂર કરવા, તથા દૃઢ નિશ્ચય ઉપર આવવા તૈયારી કરે છે. તેનું મન ખેંચી જાય ત્યાં નહિ જતાં, મનકામના રૂપી ઘોડાની લગામ તે હાથમાં રાખે છે, અને બુદ્ધિ તથા વિવેક અનુસાર જીવન ગાળે છે. હાલ સુધી તેનું જીવન ધ્યેય વગરનું અને નિરર્થક હતું, પરંતુ હવે તે પોતાનું ભાવિ ઘડવા સારૂ ખરા દિલથી કોશિશ કરે છે, તે "યોગ્ય અધિકારી-સંસ્કારી થયો છે, અને તેનું મન સુવ્યવસ્થિત થયું છે."

મન ઉપર કાબૂ રાખવા માટે આત્મસંયમ, હૃદય શુદ્ધિ, અને ત્યાગ એવી ત્રણ ભૂમિકાઓ છે.

હાલ સુધી જે વિકારો તેને ગાંડો બનાવતા તે ઉપર કાબૂ રાખી, તે પોતાની જાતને સુધારવા મથે છે. લોભ-મોહને તે પત કરતો નથી, અને કર્મેન્દ્રિયોની સરળ તથા સ્વાભાવિક વાસનાઓ તૃપ્ત કરવામાં, પ્રથમ મશગૂલ રહેતો તે મુજબ તેમાં ફસાવું પડે નહિ તે માટે, હવે સાવધ રહે છે. ભૂખ ઉપર તે કાબૂ રાખે છે, અને જીભના સ્વાદને વશ થઇને શરીરની અધોગતિ નહિ આણતાં, આહારની પસંદગી તથા પ્રમાણ અક્કલપૂર્વક અને નિયમિત કરે છે, જેથી તેનો દેહ-તેનું શરીર એક હથિયાર રૂપ બને, અને તે દ્વારા

* આત્માની પ્રાપ્તિ હંમેશાં સત્યથી, તપથી, સારી અથવા સંપૂર્ણરીતે પ્રાપ્ત કરેલા જ્ઞાનથી, અને બ્રહ્મચર્યથી થાય છે. પોતાના અંતઃકરણમાં નિષ્કલંક અને પ્રકાશમય રહેનારા આત્માને પાપરહિત થયલા પ્રયત્નશીલ લોકો જોઈ શકે છે.

ઉપનિષત્ સ્મરણમ્ [આશ્રમ ભજનાવલિ]

એક મનુષ્યને છાજે તેવું જીવન ગાળે અને તેવાં કર્મો આચરે. પોતાની વાણી ઉપર, મિજાજ ઉપર, અને ટૂંકમાં કહીએ તો પોતાની દરેક ક્ષુદ્ર વાસના ને વલણ ઉપર તે અંકુશ રાખે છે, અને આ સઘળું શુભ પરિણામ તેની અંદરની કોઇ ગૂઢ શક્તિ દ્વારા થઈ શક્યું છે અને થાય છે એમ તે કહે છે.× ઇન્દ્રિયો ને મન ઉપર અંતરાત્માનો અમલ ચાલે છે, અને નહિ કે મન તથા ઇન્દ્રિયો (પહેલાં મનસ્વીપણે વર્તતાં તેમ) અંતરાત્માને ઢાંકી દે, તેવી રીતે તે વર્તે છે. હવે એક ધ્યેયની કલ્પના કરી, હૃદયના પવિત્ર એકાંતવાસમાં તેનું સ્થાપન કરી, તેની આજ્ઞા તથા ઇચ્છા મુજબ તે વર્તે છે.

તત્ત્વજ્ઞાનનો એક સિદ્ધાંત છે કે સૃષ્ટિના દરેક રજકણમાં તેમજ રજકણના દરેક જથ્થાના ભીતરમાં એક **સ્થિરબિંદુ** છે, જે સૃષ્ટિની બધી પ્રવૃત્તિઓને (મૂળની પેઠે) પોષે છે. આ બાબત જે હશે તે ખરૂં, પરંતુ એ તો સાચું છે કે દરેક સ્ત્રીપુરુષના હૃદયમાં એક **વિદેહી બિંદુ** છે, જેના વગર બાહ્યશરીર હોઇ શકે નહિ, અને તેના તરફ દુર્લક્ષ રહેવાથી દુઃખ અને અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. આ વિદેહી બિંદુની ભાવના મનની અંદર સંપૂર્ણ ત્યાગ અને નિષ્કલંક-કેવળ શુદ્ધ સત્વતાના પરિપૂર્ણ રૂપમાં બંધાય છે, અને તે મેળવવા દરેક મનુષ્યે ઇચ્છા રાખવી જોઇએ. મનુષ્યને તેની ક્ષુદ્ર વાસના અને મોહમાયાના તોફાનમાંથી હંમેશ બચાવી લેનાર બિંદુ આ જ છે. સર્વ મનુષ્યમાં દિવ્ય અને અમર એવો જે **રામ** રમી રહ્યો છે તે આ

× જુઓ—નરસિંહ મહેતા—

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે.

છે, અને યુગો વીતી ગયા છતાં તે જ્યાંનો ત્યાં સ્થિર (નિરંજન, નિરાકાર, નિષ્ક્રિય) છે.

મનુષ્ય જેમ જેમ પોતાના મન ઉપર કાબૂ રાખતો જાય છે તેમ તેમ તેની અંતર્દૃષ્ટિ ખીલતી રહે છે—તેના શિવસ્વરૂપનું તેને ભાન થતું જાય છે.× શોક તથા મોહ, તેમજ સુખ ને દુઃખની અસર તેને કમી થતી જાય છે, અને માણસાઇને છાજે તેવાં દઢતા તથા ધૈર્ય બતાવીને તે એકસરખું સદ્‌ગુણી જીવન ગાળે છે. વિકારો ઉપર કાબૂ રાખવો એ મન ઉપર કાબૂ રાખવાનું પહેલું પગથિયું છે, અને તે પછી તુરત જ મનને શુદ્ધ કરવાની ક્રિયા થવા માંડે છે. જ્યારે તેના મનમાં કોઇ વિકાર ઉદ્‌ભવે ત્યારે તેને ફક્ત અટકાવીને બેસી નહિ રહેતાં, તેનો ઉદ્‌ભવ થવા પામે નહિ એવી રીતે તે તેને દાબી દે છે; અરે, વિકાર ઉદ્‌ભવે ત્યારે તેને દાબી દીધા ઉપરાંત તેની જડ કાઢી નાંખી પોતાની શુદ્ધિ કરે છે. વિકારો ઉપર ફક્ત અંકુશ રાખવાથી મનુષ્યને કદી શાંતિ મળવાની નથી, કે તેનો ઉચ્ચ આશય પાર પડી શકવાનો નથી; તે સારૂ તો તેણે તે તે વિકારોને નિર્મળ કરવા જોઇએ—તેમની દિશા બદલવી જોઇએ.

ભીતરના ધ્યેયબિંદુ આત્મા ઉપર અટલ લક્ષ રાખીને, અને લોભ મોહને નિર્બળ તથા નિરર્થક બનાવી દઇને, મનુષ્ય તેની આસુરી પ્રકૃતિને નિર્મળ કરી શકે છે, અને એ રીતે અભય તથા દૈવી બને છે. આ હૃદયશુદ્ધિ સંભાળપૂર્વક કરેલા વિચારથી, ખરા દિલના ચિંતનથી, તથા નિર્મળ આકાંક્ષા રાખેથી થાય છે; અને જ્યારે સિદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે દેહ ઉપરનું મમત્વ જતું રહે છે, તેનું

× **જીવ શિવ એક છે રે, જો જાણે જીવની જાત–અખાભગત**

મન શાંત થાય છે, અને તે અસંસારી પારલૌકિક જીવન ગાળે છે.

ક્ષુદ્ર વાસનાઓ અલોપ થઇ જતી નથી, પરંતુ તે માનસિક તથા આધ્યાત્મિક શક્તિના રૂપમાં ફેરવાઇ જાય છે, એટલે એ હૃદયશુદ્ધિદ્વારા નૈસર્ગિક બલ, ઐશ્વર્ય અને અને કાર્યસાધકપણું ઉદ્ભવે છે. વિચાર અને કર્મ (મનસા, વાચા, કર્મણા) શુદ્ધ જીવન એ સંયમી જિંદગીનું પરિણામ છે. અનીતિમય જીવનથી (ભલે કુકર્મો ના કરો પરંતુ કુવિચાર થતા હોય તેનાથી) × શક્તિ ઘટે છે. નીતિવાન મનુષ્ય વધુ શક્તિવાળો હોય છે, અને તેની ધારણા પાર ઊતારવામાં અનીતિવાન મનુષ્ય કરતાં વધુ લાયક નીવડે છે. જ્યાં અનીતિવાન મનુષ્ય પાછો પડે છે ત્યાં નીતિવાન મનુષ્ય આગળ જઇને કાર્યસિદ્ધિ મેળવે છે, કારણ તે પોતાની શક્તિઓને વધુ શાંત મનથી, વધુ ચોકસાઇથી, અને વધુ સંકલ્પબળથી દોરે છે.

નીતિમાં સુધારો વધારો થવાની સાથે મન જેમ જેમ શુદ્ધ થતું જાય છે તેમ તેમ, માણસાઇનું ખમીર બતાવનાં સદ્ગુણવાળાં દ્રવ્યો [તત્વો] ક્રમેક્રમે શક્તિરૂપે ખીલતાં જાય છે. મનુષ્ય પોતાની આસુરીવૃત્તિને જેટલા પ્રમાણમાં વશ કરી તેને પોતાની મરજી મુજબ દોરવે છે તેટલા પ્રમાણમાં

× જુઓ–ગીતા અધ્યાય ૩–શ્લોક ૬

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥

કર્મેન્દ્રિયોને સંયમન કરીને ઇન્દ્રિયોના વિષયોનું મન વડે જે પુરૂષ સેવન કરે છે તે પાપાચારવાળો કહેવાય છે.

તે પોતાના જીવનના બાહ્યસંજોગો ઘડી શકે છે, અને બીજાઓનાં મન લોકહિતનાં કાર્યો કરવા તરફ વાળી શકે છે.

હલકી વાસનાને તથા અનીતિના અયોગ્ય વિચારોને મનમાંથી કાઢી નાંખવા, અને તેમને ફરીથી દાખલ થવા નહિ દેતાં મરી જવા દેવા, એ મન ઉપર કાબૂ રાખવાની ત્રીજી ભૂમિકાને ત્યાગ કહે છે. મનુષ્ય જેમ વધુ નીતિવાન થતો જાય છે તેમ તેના લક્ષમાં આવતું જાય છે કે, તેના તરફથી પુષ્ટિ મળે નહિ ત્યાંસુધી, સઘળી પાપવાસના નિર્બળ છે, અને તેથી તે તેમના તરફ દુર્લક્ષ રહી પોતાના જીવનમાંથી તેમને દૂર કરે છે. મન ઉપર કાબૂ રાખવાનો આ માર્ગ પકડવાથી જ મનુષ્ય દૈવીમાર્ગે ચઢી તેવું જીવન ગાળે છે, અને જ્ઞાન, ધૈર્ય, ખામોશ, દયા અને પ્રેમ જેવા ખાસ દૈવીગુણો દર્શાવે છે. જીવનની સઘળી અસ્થિરતા ને સંશયોની પાર જતાં, અને જ્ઞાનમય તથા અચળ શાંતિવાળું જીવન ગાળતાં, મનુષ્યને અમર થવાનું જ્ઞાન થાય છે તે સ્થળ અહીં છે—આ સ્થિતિમાં છે, એવું તે સમજે છે.

મન ઉપર કાબૂ રાખવાથી મનુષ્ય પૂરેપૂરો સદાચરણી ને પવિત્ર થાય છે, અને અખિલ બ્રહ્માંડમાં જે ચેતન રહેલું છે તે જ તેનામાં છે, એવી ભાવના અનુભવતો તે છેવટે પરમેશ્વરનો પવિત્ર અંશ-ચિદ્—અંશ બને છે.

મન ઉપર કાબૂ રાખ્યા સિવાય મનુષ્ય જાનવર જેવી નીચી પાયરીએ ઊતરતો જાય છે, અને તેનાં કાળાં કર્મોરૂપી કીચડમાં એક રખડેલ જીવની પેઠે હલકું જીવન ગાળે છે. મન ઉપર કાબૂ રાખવાથી મનુષ્ય સન્માર્ગે ચઢતો રહે છે, લગભગ દેવને દરજ્જે પહોંચે છે, અને છેવટે પોતાના પુણ્ય-

પ્રકાશથી પવિત્ર થતો, દૈવીસંપત્તિ દાખવતો, જીવનમુક્ત સ્વરૂપે તે રહે છે. જે મનુષ્ય તેના મન ઉપર કાબૂ રાખશે તેનું જીવન સફળ થશે; કાબૂ નહિ રાખે તો તેની પાયમાલી થશે. જેમ કોઇ ઝાડનાં ડાળાંને સંભાળપૂર્વક છાંટીને તે ઝાડને ઉછેરવામાં આવે તો તેનું સૌંદર્ય, ભરાવો, અને ફાલ જેમ વૃદ્ધિ પામે છે, તેમ મનુષ્ય તેના મનમાંથી દુષ્ટ વાસના રુપી ડાળાંઓને છાંટી નાંખે, અને અચૂક સતત પ્રયાસ વડે સદાચારને પોષી તેની સતત વૃદ્ધિ કરતો રહે તો તેનું જીવન સુંદર અને આબરુ આપે એવું (મન પ્રસન્ન કરે એવા ગુણ દાખવતું) થશે.

જેમ કોઇ મનુષ્ય તેના ધંધામાં રોજના મહાવરાથી હોશિયારી મેળવે છે, તેમ સાચા દિલનો મનુષ્ય સદાચારમાં અને જ્ઞાનમાં હુશિયાર થતો જાય છે. મનુષ્યો સંયમી થતાં પાછા હઠી જાય છે, કારણ, મન ઉપર કાબૂ રાખવો એ શરૂઆતમાં દુઃખદાયક અને ત્રાસદાયક છે, અને મનને તેની વાસના મુજબ-સ્વચ્છંદ-વર્તવા દેવું એ પહેલાં તો મજાનું લાગે છે, અને તેમ કરવાનું મન પણ થાય છે. પરંતુ, વાસનાનું પરિણામ અજ્ઞાન ને દુઃખ છે; એથી ઊલટું, સંયમી જીવનથી અમરપણું અને શાંતિ મળે છે.

૧૬

સંકલ્પ

મનુષ્યના ઉન્નતિક્રમમાં સંકલ્પ યા મનનો નિશ્ચય તેને પ્રેરણા આપતું એક પ્રત્યક્ષ બળ છે. તેના વગર એક સંગીન કાર્ય પાર પડી શકશે નહિ. કાંઇપણ નિશ્ચય વગરનું જીવન એ લક્ષ્ય વગરનું જીવન હોવાથી, અને લક્ષ્ય વગરનું જીવન એ આમતેમ ઊડતી રેતી જેવું હોવાથી, મનુષ્યના જીવનમાં એક નેમ-એક નિશાન હોય નહિ ત્યાંસુધી તેના અંતર્જ્ઞાનમાં ઝડપી વધારો થશે નહિ.

હલકી વાસના સંતોષવા સારૂ પણ મનુષ્ય નિશ્ચય કરી શકે; પરંતુ નિશ્ચય યા સંકલ્પ તો મોટેભાગે ઉચ્ચાશયી ને પુણ્યલક્ષી ભાવના માટે જ હોય છે, તેથી તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું વિવેચન અહીં કરૂં છું.

મનુષ્ય અમુક નિશ્ચય કરે છે ત્યારે તેને તેની ચાલુ સ્થિતિ પસંદ નથી એમ સમજાય છે, અને તેથી મનના જે *દ્રવ્યોએ તેનું હમણાંનું ચારિત્ર્ય અને જીવન ઘડયાં તે માનસિક દ્રવ્યો વડે આથી વધુ સુંદર કારીગરીનો નમુનો તૈયાર કરવાનું તે માથે લે છે. જેટલી એકનિષ્ઠાથી તે પોતાના

* દ્રવ્ય=મૂળ તત્વ.

નિર્ણયને વળગી રહેશે તેટલા પ્રમાણમાં તે પોતાનું કાર્ય પાર પાડશે.

સાધુ પુરુષોના ઉચ્ચ સંકલ્પ તેમની કોઇ સ્વાર્થી વાસના ઉપર વિજય મેળવવા સારુ હોય છે. મહાત્માઓએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ તથા દૈવી ગુરુઓના યશસ્વી દિગ્વિજયો અડગ નિશ્ચય કરવાથી જ પાર પડયા હતા.

હાલ સુધી જે માર્ગે ગયા તે કરતાં વધુ ઉચ્ચ માર્ગે જવા સારૂ એક ચોક્કસ નિર્ણય ઉપર આવવામાં મોટી મુશ્કેલીઓ ખડી થાય છે, અને તેમને વટાવવી પડે છે એ ખરું, પરંતુ તે માર્ગે જઇ શકાય છે, અને અડગ નિશ્ચયરૂપી પ્રકાશ વડે અંધકાર દૂર થતાં કાર્યસિદ્ધિનો માર્ગ ખુલ્લો થઇ જાય છે.

લાંબો વિચાર કર્યા બાદ, ઘણી મુદ્દત સુધી લંબાવ્યા કરેલા પ્રયાસ પછી, યા ઉત્સાહ ભરેલી પરંતુ નિષ્ફળ નીવડેલી આકાંક્ષા બાદ પાકા નિર્ણય ઉપર અવાય છે. એ કામ જેવું તેવું નથી; મનમાં બુટ્ટો ઊડયો અથવા કોઇ ઊડતી ઇચ્છા થઇ તેના જેવું એ નથી; પરંતુ જે ઉચ્ચ કાર્ય કરવા ધાર્યું તે પાર પાડયા સિવાય પ્રયાસ બંધ કરવો નહિ અથવા વિશ્રાંતિ લેવી નહિ એવો-ફેરવાય નહિ તેવો-એ દઢ પવિત્ર સંકલ્પ હોય છે.

ડગુમગુ મનથી અને કાચે પાયે કરેલો નિર્ણય એ નિર્ણય કહેવાય નહિ; તે તો પહેલી કસોટી વખતે જ તૂટી જાય છે.

અમુક નિર્ણય પર આવવા માટે કોઇએ ઉતાવળિયા થવું નહિ. તેણે પોતાની ચાલુ સ્થિતિ સારી રીતે તપાસવી

જોઇએ, અને અમુક નિર્ણય ઉપર આવવાથી કેવા સંજોગો ને મુશ્કેલીઓ ઊભાં થશે તે બાબત લક્ષમાં લઇને, તેમનો ભેટો કરવા સંપૂર્ણ રીતે લાયક થવું પડશે. મારા નિશ્ચયનું સ્વરૂપ હું પૂર્ણ રીતે સમજ્યો છું, હું છેવટના નિર્ણય પર આવ્યો છું, અને મને તે બાબતમાં જરાયે શંકા અને ભય નથી, એવી તેની ખાતરી થવી જોઇએ. આવી રીતે મન તૈયાર થાય તો, જે નિર્ણય ઉપર અવાય છે તેમાંથી કદી ચસકાતું નથી, અને તે નિર્ણયની મદદથી હરકોઇ મનુષ્ય, યોગ્ય સમયે, પોતાનો દઢ સંકલ્પ પાર પાડી શકશે.

ઉતાવળિયા નિશ્ચયો નિષ્ફળ નીવડે છે. જે કાંઇ આવી પડે તે સહન કરવા મનને મજબૂત બનાવવું જોઈએ.

ઉન્નત માર્ગે જવા નિશ્ચય કર્યો કે તરત જ માયાનાં બળો કસોટી કરવા માંડે છે. વધુ ઉન્નત અને ઉમદા જીવન ગાળવાના નિર્ણય ઉપર મનુષ્ય આવે છે ત્યારે તેમના માર્ગમાં માયાદેવી એવાં પ્રલોભન-લાલચો અને મુશ્કેલીઓ લાવી દે છે કે, શું કરવું એ સૂઝતું નથી; એ સ્થિતિ તેમનાથી સહેવાતી નથી, અને આ કારણને લીધે ઘણા મનુષ્યોએ પોતાનો નિર્ણય જતો કર્યો છે, એવું આપણે જાણ્યું છે.

પરંતુ પુનરુદ્ધારનું-આત્મોન્નતિનું જે કાર્ય કરવા માટે મનુષ્ય સંકલ્પ કરે છે તે કાર્યમાં માયાનાં પ્રલોભનો ને કસોટીઓ મુખ્ય ભાગ ભજવે છે, અને તેથી જ જે નિર્ણય કર્યો હોય તે પ્રમાણે જેમણે કાર્ય કરવું હોય તેમણે, તે તે પ્રલોભન ને કસોટીને મિત્રની માફક આવકાર આપવો, અને હિંમત રાખીને તેમનો સામનો કરવો. સંકલ્પ કરવાનો ખરો હેતુ શો છે? અમુક પ્રકારના વર્તનને એકદમ બંધ

કરીને તદ્દન નવા માર્ગે જવા યત્ન કરવો, એ સિવાય બીજું શું હોઈ શકે ? જોરમાં વહેતા ઝરા અથવા નદીના પ્રવાહને, તેનો માર્ગ બીજી દિશા તરફ વાળવા કોઇ ઈજનેર શું કરશે, તેનો વિચાર કરો. તે પ્રથમ નવી ખાડી ખોદશે, અને એ કાર્ય નિષ્ફળ જાય નહિ તે સારૂ દરેક સાવચેતી લેશે; અને જ્યારે તે પ્રવાહને નવી ખોદેલી ખાઈમાં વાળવાનો જોખમી ને જરૂરી પ્રસંગ આવે છે ત્યારે. તે પ્રવાહનો જોસ જે કેટલોક કાળ થયાં એક સરખી રીતે–એક માર્ગે વહ્યા કરતો હતો તે કાબૂમાં ન રહે તેવો થઈ જાય છે ત્યારે, તે કાર્ય પૂર્ણરીતે પાર પાડવા માટે, ઈજનેર તેના સઘળાં ધૈર્ય કાળજી ને ચતુરાઇ વાપરશે. તે જ પ્રમાણે જે મનુષ્ય પોતાનું વર્તન બીજી ઉન્નત દિશા તરફ વાળવા નિર્ણય કરે છે તેણે વર્તવાનું હોય છે. નવી ખાડી ખોદ્યા પછી, એટલે પોતાના મનને પાત્ર બનાવ્યા પછી, માનસિક બળોનો જે પ્રવાહ હાલ સુધી અટકાવ વગર–સ્વચ્છંદ વહ્યો જતો હતો, તેને બીજી દિશા તરફ વાળવાનું કાર્ય તેણે કરવાનું છે. આ કાર્યની શરૂઆત થાય છે એટલે માયાની કસોટીઓ, જે આજસુધી ગુપ્ત ને શાંત પડી રહી હતી તે તેના પૂરા રૂપમાં પ્રકટ થાય છે. આવી સ્થિતિ ઊભી થાય એ જરૂરનું છે, કારણ, જે નિયમ પાણીના પ્રવાહમાં કાર્ય કરે છે, તે જ નિયમ મનમાં પ્રવર્તે છે. કોઈ પણ મનુષ્ય જગતના નિર્ણયાત્મક નિયમમાં સુધારો વધારો કરી શકે નહિ. તેમાં વાંધા કાઢવાને બદલે, અથવા "આમ નહિ પણ તેમ હોત તો ઠીક" એવી ઈચ્છા કરવાને બદલે, તે નિયમ મનમાં ઠસાવતાં તેણે શીખવું જોઈએ. જે મનુષ્ય પોતાના મનના પુનરુદ્ધાર માટે–પોતાને શુદ્ધ કરવા માટે જે જરૂરનું હોય તે ગ્રહણ કરે,

તે મનુષ્ય સંકટોને વધાવી લે છે;× કારણ, તે પસાર થયેથી જ તેને દઢતા અને હૃદય શુદ્ધિ પ્રાપ્ત થઈ શાંતિ મળશે એવું તે જાણે છે. પાણીના પ્રવાહને વધુ સરસ અને પહોળી ખાડીમાં (કદાચ ઘણી ભૂલો કરીને અને નિષ્ફળતા પછી પણ) વહેવરાવવા, જેવી રીતે પેલા ઈજનેર ફતેહમંદ થાય છે, અને પાણીનું તોફાન બંધ પાડી બધા બંધોને ખસેડી દે છે તેવી રીતે, નિશ્ચયાત્મક મનુષ્ય, જે સરસ ને ભવ્ય માર્ગે જવા ઈચ્છા રાખે છે તે માર્ગે, તેના વિચારો ને કાર્યોને વાળવા છેવટે ફતેહમંદ થાય છે, કસોટી કરનારા માયાના પ્રસંગો તે વેળા દૂર થાય છે, અને તે દઢ આત્મબળ તથા અચળ શાંતિ મેળવે છે.

જે મનુષ્યનું મન તેની અંતઃપ્રેરણા મુજબ કામ કરતું નથી, અને જે હવે પછી તેના મન તથા વર્તનને અમુક દિશા તરફ વાળવા માટે આતુર છે, તેણે જે નિર્ણય કરવો હોય તે પ્રથમ પાકો વિચાર કરીને, પોતાનું આત્મબળ સમજીને કરવો. છેવટના વિચાર ઉપર આવ્યા પછી, તેણે પોતાનો નિર્ણય ઘડવો, અને તે પછી હરકોઈ સંજોગમાં એ નિર્ણયને તેણે વળગી રહેવું અને પાછા હઠવું નહિ. તેમ કરેથી તે તેની ઉચ્ચ નેમ પાર પાડવા સિવાય રહેશે નહિ. કારણ, મનુષ્યનાં પાપ ગમે તેવાં ઘોર–ભારે હોય, અથવા તેણે ઘણી ઘણી ભૂલો ને ઠોકરો ખાધી હોય તો પણ, જેણે ઉન્નત માર્ગે જવા ખરા દિલથી નિર્ણય કર્યો છે તેનું રક્ષણ પરમાત્મા પોતાની મહાન શક્તિથી કરે છે+ અને જે કંઈ નડતરકર્તા હોય છે તે, આવા મનુષ્યના પાકા અને અડગ નિર્ણય આગળ ખસી જાય છે.

× ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.
નરસિંહ મહેતા

+ નાથ કેસે ગજકો બંધ છોડાયો.

૧૭

ઉત્કૃષ્ટ કાર્યસિદ્ધિ–મોક્ષ

અહંભાવ ઉપર જય મેળવેથી જ બ્રહ્મને પામી શકાય છે.

આસુરીવૃત્તિઓને–ક્ષુદ્રવાસનાઓને દૂર કરવાથી જ આનંદ પ્રાપ્ત થાય છે.

બ્રહ્મના માર્ગમાં મનુષ્યનો દેહભાવ આડખીલીરૂપે છે.

મોહમાયા અને વિકારો મનુષ્યને (તેના ઉન્નતિક્રમમાં) પ્રતિબંધ કરનારા હોવાથી તે જ તેના દુશ્મનો છે.

મનુષ્યને જ્યાંસુધી આ બાબતનું જ્ઞાન થાય નહિ, અને તે તેના હૃદયને નિર્મળ કરવા માંડે નહિ ત્યાંસુધી, જે માર્ગે જ્ઞાન અને શાંતિ મળે છે તે માર્ગ તેને જડશે નહિ.

જ્યાંસુધી માયાની પાર જવાય નહિ ત્યાંસુધી બ્રહ્મનું જ્ઞાન થતું નથી; આ દૈવી નિયમ છે.

મનુષ્ય માયામાં પડ્યો રહે અને સાથે સાથે બ્રહ્મને પણ પામે એવું બને નહિ. ×

× જગત તણી આશા છે જ્યાંહાં લગી, જગત ગુરુ, તું દાસ,
મન તણો ગુરુ મન કરશે તો, સાચી વસ્તુ જડશે.
કવિ દયારામ

સ્વાર્થનો જડમૂળથી નાશ થયો નથી ત્યાંસુધી માયા વળગેલી રહે છે.

દેહભાવને દૂર કરવામાં કોઈ ગુપ્ત નિયમોનો અમલ થતો નથી; એ તો ખરેખરી સિદ્ધ અમલમાં મૂકાયલી બાબત છે.

દેહભાવ ઉપર થોડો થોડો પણ જય મેળવવો હોય તો, અડગ શ્રદ્ધા રાખી, નિર્મળ રહીને, તે ક્રિયાનું (દેહભાવ ઉપર જય મેળવવાનું) પાલન રોજ ને રોજ ઘડિયે ને પળે થવું જોઈએ.

ઝાડ જેમ ક્રમેક્રમે વધે છે તેમ તે ક્રિયામાં ક્રમવાર ભૂમિકાઓ રહેલી હોવાથી તેની પ્રગતિ પણ નિયમિત રીતે થતી રહે છે; અને ઝાડને સંભાળપૂર્વક તથા સબૂરી રાખી કેળવ્યાથી જ ફળ આવે છે તેમ, શુદ્ધ વિચાર અને વર્તનનો વધારો કરતા રહીને, મનને ચોક્કસ રીતે ને ખંત રાખી કેળવ્યાથી સાધુજીવનના–પરમાર્થજીવનનાં નિર્મળ અને મધુર ફળો મળી શકે છે.

મનોવિકાર, જેમાં બધી ખરાબ આદતોનો અને ખોટા કૃત્યોનો સમાવેશ થાય છે, તેને દબાવવા માટે નીચે લખેલી પાંચ ભૂમિકાઓ છે—

(૧) શમદમ, (૨) તિતિક્ષા–સહનશીલતા, (૩) ઉપરતિ [સર્વ પ્રપંચોથી નિવૃત્તિ], (૪) જ્ઞાન, અને (૫) સમાધાન.

મનુષ્યો પોતાના પાપકર્મને દૂર કરી શકતા નથી, તેનું કારણ એ છે કે, તેઓ ખોટે છેડેથી શરૂઆત કરે છે. તેઓ પ્રથમની ચાર ભૂમિકામાંથી પસાર થયા સિવાય, સમાધાન એટલે મોક્ષની છેલ્લી ભૂમિકામાં એકદમ જવા માંગે છે. વાડીવાળો–બાગવાન તેના ઝાડોની ચાકરી ને કેળવણી કર્યા

સિવાય તેમને સારાં ફળ લાગે એવી ઇચ્છા રાખે, તેના જેવા તે મનુષ્યો હોય છે !

શમદમ એટલે ખોટાં કામો [જેવાં કે મિજાજ જવો, વગર વિચારની યા કડવી વાણી બોલવી, દેહના ક્ષુદ્ર ભોગ-વિલાસ ભોગવવા] તેમનો અટકાવ કરીને મન ઉપર કાબૂ રાખવો, અને તેમને આગળ વધવા દેવા નહિ.

પરંતુ આત્મસંયમ માટે શમ–દમ કરવો એ તો પ્રથમ પગથિયું છે. મનની–હૃદયની શુદ્ધિ નહિ કરતાં, વ્રત વગેરે આચરીને શરીરને દમવું એ તો છળભેદ કહેવાય; એ તો પોતાનો ખરો ખવાસ છૂપાવીને, પોતે હોય તે કરતાં બીજાની દૃષ્ટિએ વધુ સુંદર ગણાવવા કોશિશ કરવી એના જેવું છે; આ પ્રમાણે કરવું એ ખોટું છે–અનિષ્ટ છે.× પરંતુ સંપૂર્ણ હૃદયશુદ્ધિ કરવા માટે શમદમનો પ્રથમ પગથિયા તરીકે ઉપયોગ કરવામાં આવે તો તે સારૂં ગણાય. એ મુજબ

× જુઓ—કવિ નરભેરામ.

નથી રામ વિભૂતિ ચોળ્યે, નથી ઊંધે શિર ઝોળ્યે,
નથી નારી તજી વન જાતાં, જ્યાં લગી આપ ન ખોળે.

આ સંબંધમાં નરસિંહ મહેતાનું જ્ઞાન અને વૈરાગ્યનું પદ સારી રીતે બંધબેસતું આવે છે, અને સુંદર પ્રકાશ પાડે છે. તે પૈકી અહીં ફક્ત છ લીટી ઊતારી છે—

જ્યાં લગી આતમા તત્ત્વ ચિંત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષ દેહ તારો, એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લોચંન કીધે.
શું થયું તપ ને તીરથ કીધા થકી, શું થયું માલ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગજળ પાન કીધે.

દરરોજ વર્તવાથી તિતિક્ષાની બીજી ભૂમિકામાં જવાય છે. એ સ્થિતિમાં બીજાઓનાં અમુક કાર્યો અને વર્તનથી તેને જે દુઃખ થાય છે તે તેણે મૂંગે મોંડે સહન કરવું પડે છે. આ ભૂમિકા સિદ્ધ થાય એટલે આત્મસંયમ આદરનાર મનુષ્ય સમજે છે કે, જે સઘળી મનોવેદના તેને થાય છે તે તેની પોતાની નબળાઈના કારણે છે, અને બીજાઓના ખોટા વ્યવહાર સાથે તેને કંઇ સંબંધ નથી; વળી સામાપક્ષનું વર્તન તેની ભૂલો ઉઘાડી પાડવામાં ને તેની દૃષ્ટિ ખોલવામાં સાધનભૂત થયું હતું એમ પણ તે સમજે છે. આવી રીતે પોતાના વર્તનની ખોડ ખામીના અપજશમાંથી તે બીજા-ઓને ક્રમેક્રમે મુક્ત કરે છે, પોતાની જાતને જ દોષ દે છે, અને જે લોકો તેની ભૂલો તથા ખોડખામીઓ આવી રીતે ખુલ્લાં કરે છે તેમની ઉપર પ્રીતિ રાખતાં શીખે છે.

આત્મદમન કરવાની આ બે ભૂમિકામાંથી પસાર થયા બાદ તે મુમુક્ષુ ત્રીજી ભૂમિકામાં પ્રવેશ કરે છે. એ ભૂમિકામાં ખોટું કામ કરવા માટે ખોટો વિચાર આવે કે તરત જ તેને મનમાંથી દૂર કરવામાં આવે છે. આ ભૂમિકામાં દાખલ થનારને દુઃખના સ્થાને અંતર્જ્ઞાનની દૃઢતા ને નિર્મળ આનંદ પ્રાપ્ત થવા માંડે છે. તેનું મન પ્રથમ કરતાં વધુ શાંત થયલું હોવાથી, તે પ્રયત્નશીલ મનુષ્ય તેના મનનું સ્વરૂપ ઊંડી નજરે જોવા શક્તિવાન બને છે, અને એ રીતે પાપની ઉત્પત્તિ, વૃદ્ધિ અને ક્રિયાને સમજવા લાગે છે. આ ભૂમિકા જ્ઞાનની છે.

પૂર્ણજ્ઞાન મળેથી છેવટે દેહભાવ ઉપર વિજય મેળવાય છે. એ વિજય એવો સંપૂર્ણ હોય છે કે, મનમાં પાપ

સંબંધી જરાપણ વિચાર કે ભાવ થવા પામતો નથી. કારણ, પાપનું પૂર્ણ સ્વરૂપ, તેના મનમાં અંકુર ફૂટવાની શરૂઆતથી તે છેવટના તેના કર્મ ને પરિણામ સુધી સારી રીતે સમજાય છે ત્યારે, તેને (પાપને) જીવનમાં કોઇ સ્થાન મળતું નથી, અને તેનો સદાકાળ ત્યાગ કરવામાં આવે છે. તે પછી મન શાંત થાય છે. તે મુમુક્ષુના મનમાં બીજાઓના અનુચિત વર્તનથી દુઃખ થતું નથી, કે અપકાર કરવા તે પ્રેરાતો નથી. તે આનંદી, શાંત ને જ્ઞાની થયો હોય છે. તે પ્રેમરૂપ થયો હોય છે, અને તેના રૂંવેરૂવામાં આનંદ પ્રવર્તી રહ્યો હોય છે. દેહભાવ ઉપર પૂર્ણવિજય–સ્થિતપ્રજ્ઞની સ્થિતિ તે આ છે.

૧૮

શુભ કાર્યમાં સંતોષ

હવી સંપત્તિના અમુક સદ્‌ગુણ અથવા સિદ્ધાંત સાથે તામસી પશુવૃત્તિના દુર્ગુણને હમણાંના ઘણા યુરોપિય લેખકો ભેળસેળ કરે છે; અને તે વેળા ટીકાખોર ને નિન્દાભર્યું વલણ ધારણ કરવામાં જે કીમતી મનોબળનો વારંવાર દુરુપયોગ કરે છે, તેને બદલે જરાયે શાંત ચિત્ત રાખી વિચાર કર્યો હોત તો, તે પ્રશ્નો પર સારો પ્રકાશ પાડીને તેઓ ઉદાર દિલે કામ લઈ શક્યા હોત.

પ્રેમના શિક્ષણ ઉપર–બોધ ઉપર એક વેળા મેં સખત ટીકા વાંચી, જેમાં લેખકે આવા શિક્ષણને બાયલું, બેવકૂફાઈભર્યું, અને દંભી યા ઢોંગી ગણ્યું હતું. ખરી વાત તો એ છે કે, જે 'પ્રેમ'ની તે નિન્દા કરતો હતો તે સાચા પ્રેમની નહિ પરંતુ સુકુમારપણાના ખોટા વેશ ને પાખંડની હતી.

'સાલસપણા'ને દૂષણ ગણતો વળી બીજો એક લેખક સમજતો નથી કે, જેને તે સાલસપણું કહે છે તે તો બાયલાપણું છે. વળી બીજો એક જે 'શિયળ'ને 'જાળ' યા 'પાશ' કહે છે તે લેખક, મહાકષ્ટે પાળેલા

દંભી સંયમને શિયળના સદ્‌ગુણ સાથે ગૂંચવી નાંખે છે. વળી થોડા દિવસ ઉપર એક લાંબુલચક ચર્ચાપત્ર મને મળ્યું જેમાં, ‘સંતોષ’ એ દુર્ગુણ છે, અને તે ઘણા દુઃખોનું મૂળ છે એવું બતાવવા તેમણે નાહક વખત બગાડયો છે.

મારો ચર્ચાપત્રી જે ‘સંતોષ’ને દોષ દે છે તે દોષ પશુના જેવી બેફિકરાઇને જરૂર ઘટે છે. આવી બેફિકરાઇ ઉન્નતિના માર્ગને અનુકૂળ નથી. એથી ઊલટું સંતોષ તો ઉદ્યોગની, ખરા સુધારાની, અને વિકાસની પરિસીમા બતાવે છે. બેફિકરાઈની સાથે સુસ્તી વળગેલી હોય છે, જ્યારે સંતોષ વડે ઉમંગથી શીઘ્ર કાર્ય થાય છે.

(અનુકૂળ તથા પ્રતિકૂળ) બધી બાબતોમાં જે દયામય કાયદાનો અમલ થાય છે તે સમજવા સારૂ મનને, અને તે અનુસાર વર્તવા માટે હૃદયને કેળવવામાં આવે તો, સંતોષ એવો સદ્‌ગુણ છે કે તેનો ક્રમેક્રમે વિકાસ થાય છે, અને છેવટે એક દૈવી ગુણ બને છે.

સંતોષી થવું એટલે પ્રયાસ કરવો છોડી દેવો એવો ભાવાર્થ નથી, પરંતુ **પ્રયાસ કર્યા પછી તેની પાછળ જીવ ના બાળવો**- તેનું શું પરિણામ આવશે તેની ઈંતેજારી ના રાખવી એ છે. વળી પાપ, અજ્ઞાન, અને જડબુદ્ધિમાં- તે તે અવસ્થામાં સંતોષ માની બેસી રહેવું એવો પણ તેનો અર્થ નથી, પરંતુ પોતાની ફરજ બજાવીને તથા કાર્ય પૂરૂં કરીને શાંતિથી-સ્વસ્થ ચિત્તે બેસવું એવું તે સૂચવે છે.

અધમ જીવન ગાળે, અજ્ઞાની અને દેવાદાર પડી રહે તેવા મનુષ્યને સંતોષી કહેવો એ યોગ્ય નથી. ખરી રીતે જોતાં એવો માણસ તેનું કર્તવ્ય બજાવવામાં, આ દુનિયાનું

ઋણ પતાવવામાં, તેમજ તેના જાતિભાઇઓ પ્રત્યેની ફરજ અદા કરવામાં બેફિકર રહ્યો છે. તેનામાં સંતોષનો સદ્‌ગુણ છે એમ કહેવાય નહિ. જે નિર્મળ ને શાશ્વત આનંદ પ્રવૃત્તિવાળાં કાર્યો કરવાથી મળે છે તેનો અનુભવ તેને થતો નથી. તેની સનાતન પ્રકૃતિ–તેનો સ્વધર્મ જોતાં તો તે સમજશે કે તેનો જીવાત્મા નિદ્રાવશ થયેલો છે–બેદરકાર રહ્યો છે. તેથી તેના ઉપર જ્યારે ભારે વિપત્તિ આવશે ત્યારે તે વહેલો મોડો જાગશે, અને એવા દુઃખમાંથી પસાર થયા બાદ તેને માલમ પડશે કે, સાચો સંતોષ એ તો ખરા દિલના પ્રયાસ અને શુદ્ધ જીવનનું ફળ છે.

ત્રણ બાબતોમાં મનુષ્યે સંતોષ માનવો-(૧) જે વખતે જે બનાવ બને તેમાં, (૨) પોતાના મિત્રો અને માલમત્તામાં, અને (૩) પોતાના નિર્મળ વિચારોમાં.

જે જે બનાવ બને તેમાં સંતોષ માનવાથી તેને ખેદ થતો નથી; તેના મિત્રો ને માલમત્તામાં સંતોષ માનવાથી તે ચિન્તા ને લાચારીમાંથી મુક્ત થાય છે, અને નીતિના વિચારોમાં સંતોષ માનવાથી તે અનીતિનાં મલિન કાર્યો કરી ઊંધા પડવા તથા દુઃખ ભોગવવા ફરીથી મન કરતો નથી.

ત્રણ બાબતોમાં મનુષ્યે સંતોષ માની બેસી રહેવું નહિ-(૧) પોતાના વિચાર, (૨) પોતાની વર્તણુક, અને (૩) પોતાની આધ્યાત્મિક સ્થિતિ.

પોતાના વિચાર ખરા હોવા બદલ સંતોષ માની બેસી નહિ રહેવાથી, તે પોતાની બુદ્ધિમાં-જ્ઞાનમાં સતત વધારો કરતો જશે, પોતાની વર્તણુક ઉત્તમ પ્રકારની છે એવો સંતોષ માની નહિ રહેવાથી તે તેના આત્મબળમાં

અને સદ્‌ગુણમાં સતત વધારો કરતો રહેશે; અને પોતાની આધ્યાત્મિક સ્થિતિથી સંતોષ નહિ માનતા રહેવાથી તે દરરોજ વધુ વિશાળ જ્ઞાન અને વધુ પરમ આનંદ મેળવતો રહેશે. સારાંશ, મનુષ્યે સંતોષી થવું એ ખરું, પરંતુ (જન્મમરણનું ઋણ પતાવવાની જવાબદારી વાળો) તે ચિદ્‌અંશ હોવાથી તેણે તેના આત્મવિકાસ માટે–જ્ઞાનદૃષ્ટિ ખુલે તે અર્થે ખેપરવા રહેવું નહિ.

ખરો સંતોષી મનુષ્ય ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક કાર્ય કર્યા કરે છે, બધાં પરિણામો સ્વસ્થ ચિત્તે અંગીકાર કરે છે, અને જે થાય છે તે સારા સારૂ જ હશે એવો વિશ્વાસ શરૂઆતથી રાખે છે. અને તેનામાં જ્યારે જ્ઞાનનો પ્રકાશ પડે છે ત્યારે તે સમજે છે કે, તેણે જેવા પ્રયાસ કર્યા હશે તેવું જ તેમનું પરિણામ આવવાનું છે. જે જે સ્થૂળ વૈભવો તેને આવી મળે છે તે લોભથી, ઉચાટથી અને કજિયાથી નહિ, પરંતુ ખરા વિચાર, વિવેકી કાર્ય અને શુદ્ધ બુદ્ધિથી કરેલા પ્રયાસ વડે મળે છે.

૧૯

ભ્રાતૃભાવનું મંદિર

મનુષ્યજાતિનું સર્વોત્કૃષ્ટ ધ્યેય ભ્રાતૃભાવ વધારવા તરફ છે, અને એ ધ્યેય તરફ દુનિયા ધીમેધીમે પણ અચૂક રીતે જાય છે.

આ ધ્યેય સંગીન ને વ્યવહારોપયોગી થાય તે માટે હોંશીલા સ્ત્રીપુરુષો હાલમાં જેવી તનતોડ મહેનત કરે છે તેવી મહેનત પ્રથમ કોઇ વખત થઇ ન હતી. ભાઇચારાની સંસ્થાઓ ઠેકાણેઠેકાણે ઊભી થાય છે અને આખી દુનિયાનાં છાપાઓમાં ને સભાઓમાં પરસ્પર ભ્રાતૃભાવ રાખવા સંબંધી વિવેચનો થાય છે.

આવા સઘળા પ્રયત્નોમાં નિઃસ્વાર્થ સેવાભાવી મનુષ્યોની અસર મનુષ્યજાતિ ઉપર ખસુસ થશે, અને તેઓ તેને ઉત્તમ લક્ષ્યબિંદુએ જરૂર પ્રેરણા કરશે. પરંતુ હજીસુધી એવી ઉચ્ચ ભાવનાવાળી–પરિપૂર્ણ સ્થિતિએ કોઇપણ સંસ્થા પહોંચી હોય એમ જણાતું નથી, કારણ, ભ્રાતૃભાવની સ્થાપના સારૂ જે જે મંડળો ઊભાં થયાં છે, તે તે મંડળો માંહોમાંહેના કુસંપને લીધે વારંવાર તૂટી ગયલાં જોવામાં આવ્યાં છે.

મનુષ્યજાતિ જે ભાઇચારા માટે વલખાં મારે છે તેને તેના ખરા રૂપમાં મૂકવામાં જનસમાજ **પોતે જ** આડો આવે છે. અરે, એટલું જ નહિ પરંતુ, જે લોકો ખરા ઉમંગથી તેને શકય બનાવવા ઇચ્છા રાખે છે, તેઓ જ તેને તોડી પાડવા તૈયાર થાય છે. આનું કારણ એ છે કે, ભાઇચારાનો નિર્મળ પારલૌકિક આત્મૈકય ગુણ તેઓ જોઇ શકયા નથી, અને તેવી પૂર્ણ ઐકયતા—સમદષ્ટિ પામવા સારૂ કેવાં કેવાં તત્વોની જરૂર છે તે, તથા તે સારૂ પૃથક-પૃથક મનુષ્યનું વલણ કેવું હોવું જોઇએ એ કોઇના સમજવામાં આવ્યું નથી.

જે સ્ત્રીપુરુષો આવા કાર્ય માટે એકત્ર થાય છે, તેમના હૃદયમાં જ્યાંસુધી સ્વાર્થભાવના રમી રહી હોય ત્યાંસુધી મનુષ્યજાતિમાં ભાઇચારો સ્થાપવાની એકે સંસ્થા ટકી શકશે નહિ; કારણ, આવો સ્વાર્થ વિશ્વપ્રેમની અખંડ-અભેદ ભાવનાને અંતે તોડી નાંખશે. ભ્રાતૃભાવ સારૂ સ્થપાયલી સંસ્થાઓ મોટે ભાગે નિષ્ફળ નીવડી છે એ ખરું, પણ જે દૈવીગુણો ભ્રાતૃભાવ પ્રગટાવવા સારૂ જરૂરના છે, અને જે વગર ભ્રાતૃભાવ એક મનઃકલ્પના, મત, અગર તરંગી વિચારરૂપે રહે છે, તે દૈવીગુણો પ્રમાણે જો મનુષ્ય વર્તે, પોતાના મગજમાંથી કજિયાકંકાસનાં મૂળ કાઢી નાંખે, અને તે પોતે પ્રેમાળ, નિર્દોષ, તથા વિવેકી થાય તો ભાઇચારાને તેના સાચાસ્વરૂપમાં તે જોઇ શકે, અને તેની ખૂબી તથા વ્યાપકપણું-વિશ્વાત્મૈકય ભાવ-અનુભવી શકે.

ભ્રાતૃભાવ એ મૂળથી જ આધ્યાત્મિક ભાવના છે, એટલે તેનું બાહ્યસ્વરૂપ દુનિયાના વ્યવહારમાં પણ દેખાવું જોઇએ.

એક આધ્યાત્મિક મનુષ્ય તરીકે તેને દરેક મનુષ્યે પોતાના સ્વાર્થ સારૂ ખોળી કાઢવી જોઈએ, અને તે એક જ સ્થળે, જ્યાં આધ્યાત્મિક વસ્તુઓ દૃષ્ટિગોચર થાય છે ત્યાં, **તેના અંતરમાં** તેને મળશે. તેનો સત્કાર કરવો યા તેને તરછોડવી એ દરેકની મુનસફીની વાત છે.

ભાઇચારાનો નાશ કરે એવી ચાર વૃત્તિઓ મનુષ્યમાં રહેલી છે. જે આ ભાવનાની ખરી ખૂબી સમજવા દેતી નથી. આ વૃત્તિઓ તે (૧) ગર્વ (૨) મમત્વ (૩) ધિક્કાર અને (૪) તિરસ્કાર છે.

આ વૃત્તિઓ જ્યાં હોય છે ત્યાં ભાઈચારાનો ઉદ્ભવ થઇ શકે નહિ. જે કોઇ મનુષ્યના હૃદયમાં આ વૃત્તિઓ હોય ત્યાં એકસૂર હોતો નથી, અને ભાઇચારો મેળવી શકાતો નથી. કારણ, એ વૃત્તિઓના મૂળમાં અજ્ઞાન અને સ્વાર્થ છે, જે ભંગાણ ને નાશનાં કારણો છે. આ ચાર વૃત્તિ-ઓમાંથી ખોટાં કાર્યો ને ખોટી પરિસ્થિતિનાં ઝેરી ગૂંચળાં ઊભાં થાય છે, જે મનુષ્યનું મન ભ્રષ્ટ કરે છે, અને દુનિયાને દુઃખ તથા કલેશથી ભરી દે છે.

ગર્વની વૃત્તિમાંથી અદેખાઇ, ક્રોધ ને આપમતિયાપણું ઉદ્ભવે છે, ગુમાની મનુષ્ય બીજાઓની મહત્ત, વગવસીલો, અને સજ્જનપણાની અદેખાઇ કરે છે. તે એમ ધારે છે કે, "હું ફલાણા પુરુષ યા સ્ત્રી કરતાં વધુ મહત્વ ધરાવું છું;" તે બીજાના કૃત્યો વિરુદ્ધ બોલવાની તક સાધ્યા કરે છે, અને કહે છે કે, 'મને બોલવા દીધો નહિ,' 'મારું અપમાન કર્યું;' વળી તે બીજાના સદ્ગુણો તરફ નજર નહિ કરતાં પોતે જ ઉત્તમ બુદ્ધિનો ભંડાર હોવાનું સમજે છે.

આત્મપ્રીતિ યા મમત્વમાંથી અહંભાવ, અધિકાર સારૂ લાલસા, નિન્દા, ને તિરસ્કાર ઉદ્‌ભવે છે. એવો મનુષ્ય પોતાની જાતના વખાણ કર્યા કરે છે. 'હું' અને 'મારું' જેની હયાતી જ નથી, અને જેની સત્યતા સ્વીકારવી એ અજ્ઞાન અને ખોટી ભ્રમણા છે,× તેના વખાણ કરવામાં અને ગુણ ગાવામાં તે તલ્લીન થઇ જાય છે. તે પોતાને બીજા કરતાં ચઢિયાતો જોવાની ઇચ્છા રાખે છે, અને મનમાં ધારે છે કે, 'હું મહાન છું,' 'મારામાં બીજા કરતાં વિશેષતા છે.' વળી તે બીજાઓને પોતા કરતાં હલકા ગણે છે, અને તેમના તરફ તિરસ્કાર દર્શાવે છે; પોતાના ગુણગાનમાં ગરકાવ થઇ જવાથી તે બીજાના કાર્યોની ખૂબી જોઇ શકતો નથી.

ધિક્કાર યા દ્વેષભાવની લાગણીમાંથી નિન્દા, ઘાતકીપણું, બદબોઇ યા કૂથલી, અને ગુસ્સો ઉત્પન્ન થાય છે. એક ભૂલનો બચાવ તે બીજી ભૂલથી કરવા મથે છે, અને કહે છે કે, 'આ માણસ મારું ભૂંડું બોલ્યો, તેથી હું તેના વિરુદ્ધ વધારે ભૂંડું બોલી તેને ઠેકાણે આણીશ–તેને ચૂપ કરીશ.' માયાભાવ બતાવવાને બદલે કડકાઇ વાપરવાની તે ભૂલ કરે છે, અને જે મિત્ર તેને સારે માર્ગે દોરવા યત્ન કરે છે તેની નિન્દા કરવા પ્રેરાય છે. કડવા ને ગુસ્સો ઉત્પન્ન કરે તેવા વિચારોથી તે તેના ક્રોધાગ્નિને પોષતો રહે છે.

તિરસ્કારની વૃત્તિમાંથી ખોટાં આળ ચઢાવવાં, ખોટી

× તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો,
વગર સમજ્યે કહે મારું મારું.
—નરસિંહ મહેતા

સહાનુભૂતિ બતાવવી, અને ખોટાં અનુમાન બાંધવાના વિચારો ઉદ્‌ભવે છે. ભલું કરવાનું તો તેને સૂઝતું જ નથી, અને ભૂંડું કરવાના વિચારમાં તે રમ્યા કરે છે. તેની આંખમાં શનૈશ્વર-કમળો હોવાથી, દરેક બાબતમાં ને દરેક મનુષ્યમાં તે તેવું જ જુએ છે. બીજાઓ માટે ખરાખોટાનું કલ્પિત ધોરણ તે ઊભું કરે છે, અને એમ ધારે છે કે, 'હું જે કરાવવા માંગું છું તે પ્રમાણે આ માણસ કરતો નથી, તેથી તે મનુષ્ય ખરાબ છે, હું તેનો ફિટકાર કરીશ.' તિરસ્કાર-વૃત્તિ એવી આંધળી છે કે, તેવી વૃત્તિવાળો મનુષ્ય પોતા માટે સારાસાર વિચાર કરી શકતો નથી, અને તેમ છતાં આખી દુનિયાનો પોતે ન્યાયાધીશ હોય એમ વર્તે છે.

ઉપર દર્શાવેલી ચાર વૃત્તિઓમાંથી ભ્રાતૃભાવનો ઉદય થઇ શકે નહિ. એ ચાર તો પ્રાણઘાતક માનસિક ઝેર છે, અને જે મનુષ્ય તેમને તેના મનમાં ઘૂસવા દે છે તે, સલાહ-શાંતિના જે થાંભલા ઉપર ભ્રાતૃભાવ ટકી રહે છે તેને જોઈ શકતો નથી.

ભ્રાતૃભાવ ઊભો કરવા સારૂ ચાર દૈવીગુણોની જરુર છે, જે તેના પાયાની ગરજ સારે છે. તે ચાર પાયા નીચે મુજબ છે. (૧) વિનય (૨) આત્મત્યાગ [સાલસાઇ] (૩) પ્રેમ, અને (૪) દયા.

આ ચાર ગુણો જ્યાં હોય ત્યાં ભ્રાતૃભાવ ટકી રહે છે. જે મનુષ્યના દિલમાં આ ગુણો વસે છે તે જ મનુષ્ય ભ્રાતૃભાવ રાખવાનું પૂરેપૂરૂં સમજે છે. કારણ, તેવા ગુણ-વાળો મનુષ્ય કુદરતી રીતે નિઃસ્વાર્થ હોય છે, અને તેની

જ્ઞાનદૃષ્ટિમાં સત્યનો પ્રકાશ પડયો હોય છે, તેના હૃદયમાં મેલ હોતો નથી. વળી એ ગુણોનો પ્રકાશ એવો પ્રબળ હોય છે કે, મલિનવૃત્તિઓ તેમની સામે ટકી શકતી નથી, એટલું જ નહિ, પરંતુ તેવી વૃત્તિઓ દૂર થઇ જઇ નાશ પામી હોય છે.

એકસંપી કરાવે અને માણસ માણસમાં તથા સમગ્ર-સૃષ્ટિમાં આનંદ પ્રવર્તાવે તેવાં દૈવી કાર્યો અને પરિસ્થિતિઓ આ ચાર ગુણોમાંથી ઉદ્ભવે છે.

વિનયના ગુણમાંથી શાંતિ ને મૃદુતા ઉદ્ભવે છે, આત્મત્યાગ યા સાલસાઇના ગુણમાંથી ખામોશ, શાણપણ ને સારાસાર બુદ્ધિ પ્રગટે છે, પ્રેમના ગુણમાંથી માયાભાવ, આનંદ ને એકસંપી પ્રગટે છે, અને દયાના ગુણમાંથી નમ્રતા ને ક્ષમા ઉદ્ભવે છે.

આ ચાર ગુણો જેનામાં રમી રહ્યા હોય છે તે દૈવી-જ્ઞાનવાળો હોય છે. મનુષ્યોનાં કાર્યો કયાંથી ઉદ્ભવે છે અને તેમનું વલણ કઇ તરફ છે એ તે મનુષ્ય સમજે છે, અને તેથી મલિનવૃત્તિઓ તરફ તે તણાયો જતો નથી. દ્વેષ, અદેખાઇ, કડવાશ, કજિયોકંકાસ અને તિરસ્કારની વૃત્તિ-ઓમાંથી મુક્તિ, એ જ ભ્રાતૃભાવનું પૂર્ણ સ્વરૂપ છે એવું તે સમજ્યો હોય છે. આસુરી પ્રકૃતિને અનુસરતા હોય તેઓ, અને દૈવીગુણો પ્રમાણે વર્તતા હોય તેઓ, [પાપાચારી ને સદાચારી] સૌ કોઇને તે ભાઇઓ લેખે છે. કારણ, તે જાણે છે કે, જ્યારે સત્યના પ્રકાશની ખૂબી ને ભવ્યતા તેઓ સમજતા થશે, ત્યારે તેમના મનમાંથી મલિન વૃત્તિઓ

જતી રહેશે. તે મનુષ્યનું વલણ બધા તરફ એકસરખું-શુભેચ્છાનું હોય છે. *

ચાર મલિન વૃત્તિઓમાંથી દ્વેષ ને કજિયો થવા પામે છે; ચાર દૈવીગુણોમાંથી શુભેચ્છા ને શાંતિ ઉદ્ભવે છે.

પહેલી ચાર વૃત્તિઓ ધારણ કરવાથી મનુષ્ય કજિયા-ખોર થાય છે; બીજી ચાર પ્રમાણે વર્તવાથી તે સલાહશાંતિ આણે છે.

સ્વાર્થવૃત્તિઓના અજ્ઞાનમાં-અંધકારમાં-ડૂબ્યા હોવાથી મનુષ્યો એમ માને છે કે, લઢાઇ સિવાય શાંતિ મળશે નહિ બીજાને મારીને જ જીવી શકાય, નુકસાનનો બદલો સામાને નુકસાન કરેથી જ મલી શકે, ધિક્કાર રાખેથી પ્રેમ સજીવન કરી શકાશે, અથડાઅથડી કરેથી એકસંપી થશે, ક્રૂરતા દર્શાવી માયાભાવ પ્રગટ કરાવાશે, અને (આ જાતના) તેમના કાલ્પનિક વિચારો [જે છેવટે તો નજીવા-માલ વગરના ગણી તેઓ પોતે જ ફગોટી દેશે] તેનાથી ભ્રાતૃભાવ સ્થાપન કરી સર્વત્ર વાહવાહ મેળવી શકાશે !

વિનય, આત્મત્યાગ, પ્રેમ અને દયારૂપી ચાર પાયા મનુષ્યોના હૃદયમાં મજબૂત રીતે સ્થપાય તો દુનિયામાં ભ્રાતૃભાવનું મનમાનતું મંદિર ઊભું થઇ શકે. કારણ, ભ્રાતૃ-ભાવનો અર્થ એ છે કે, દરેક મનુષ્યના હૃદયમાંથી પ્રથમ સ્વાર્થ દૂર થવો જોઇએ, અને તે પછી-તેના પરિણામરૂપે માણસ માણસ વચ્ચે એકસંપી થશે.

* જુઓ ગીતા અધ્યાય ૫, શ્લોક ૧૮

विद्या विनय संपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥

આત્મજ્ઞાની પુરુષ ઊંચનીચના તુચ્છ ભેદભાવ ભૂલી જાય છે, અને સૌની સેવા સહાયતા સમદૃષ્ટિથી કરતા રહે છે.

ભ્રાતૃભાવની સ્થાપના કરવા માટે યોજનાઓ ને કલ્પનાઓ ઘણી છે, પરંતુ ભ્રાતૃભાવ એવી વસ્તુ છે કે જેમાં કોઈ કાળે ફેરફાર થતા નથી; તે નિર્વિકારી છે. પોતામાં રહેલા અહંભાવનાં તથા કજિયાકંકાસનાં મૂળ કાઢી નાંખી, બધા તરફ શુભેચ્છા અને શાંતિ પ્રસારવાં એમાં જ ભ્રાતૃભાવ રહેલો છે. **ભ્રાતૃભાવ એ આચારમાં મૂકવાની વાત છે; એ વાતો કરવામાં રહેલો નથી.** આત્મત્યાગ અને શુભેચ્છા તેના દૈવી રક્ષકો છે, અને શાંતિમાં તેનો વાસ છે.

જ્યાં એકની વિરુદ્ધ બીજો પોતાના મતને વળગી રાખવા જીદ કરે છે ત્યાં અહંભાવ અને રાગદ્વેષ દેખા દે છે, એટલે એવા સ્થળે ભ્રાતૃભાવનું દર્શન ક્યાંથી થાય ?

જ્યાં એકબીજાને મદદે આવવા, એકબીજાના દોષ ના જોવા, કાર્ય કરવા માટે અને નહિ કે કાર્ય તોડવા માટે, તૈયારી હોય ત્યાં અલૌકિક પ્રેમ અને શુભેચ્છા દેખાય છે, અને ખરો ભ્રાતૃભાવ ત્યાં વસે છે.

જે અભિમાની જીવ નમતું આપતો નથી, તેના નસીબમાં ભંગાણ અને લઢાઇઓ હોય છે. જ્યાં અહંભાવ રહ્યો નથી ત્યાં શાંતિ, એકસંપી, એકસૂર દેખા દે છે.

જેનું હૃદય આખી દુનિયા સાથે મળેલું હોય—તદ્રૂપ છે તે જ ભ્રાતૃભાવ સમજે છે, અને આચારમાં મૂકી શકે છે.

૨૦

શાંતિનાં સુરમ્ય ક્ષેત્રો

જે મનુષ્ય પોતાને તથા મનુષ્યજાતિને સુધારવા આકાંક્ષા રાખે છે તેણે પોતાના મનને એવી શુદ્ધ–ઉચ્ચતમ સ્થિતિમાં લાવવા સતત પ્રયાસ કરવો કે જેથી બીજા મનુષ્યોની સ્થિતિ તે સહૃદય ભાવે સમજી શકે. એ સ્થિતિ આવશે એટલે બીજાઓ માટે જે ભૂલભર્યા ને કડક વિચારો તેના મનમાં ઘોળાયા કરતા, અને જેથી બીજાઓનું હિત તો તે કરી શકતો જ નહિ ને પોતે જાતે દુઃખી થતો, એ બંધ થશે. ઉપરાંત, બીજાની સ્થિતિ, તેમની ખાસિયત, તેમના સ્વભાવ ને ગુણદોષ સમજવા તે પ્રયત્ન કરશે, અને તેમના સુખદુઃખનો સહભાગી બનશે.

મનને આવી સ્થિતિમાં લાવતી વેળા વહેમ એક નડતર રૂપ છે; અને જ્યાંસુધી એ નડતર દૂર થઇ નથી ત્યાં સુધી, બીજાઓ તરફથી જે સદ્‌ભાવ મેળવવા આશા રાખીએ તેવો સદ્‌ભાવ બતાવવાની શક્તિ [આત્મૌપમ્ય બુદ્ધિ] આપણામાં આવે એ અશક્ય છે.

વહેમ એ માયાભાવ, દયા, પ્રેમ, અને સારાસાર વિચારનો ઘાતક છે, અને વહેમનું બળ જેટલું વધારે થશે તે

પ્રમાણમાં તે બીજાઓ તરફ ક્રૂરતા ને કડકાઇ બતાવશે; કારણ, વહેમ અને ક્રૂરતા એકબીજાથી જુદાં નથી.

વહેમી મનુષ્યોમાં સારાસાર બુદ્ધિ હોતી નથી, અને જ્યાં એક વખત વહેમનો ઉદ્‌ભવ થયો કે તરત જ તેની બુદ્ધિ મારી જાય છે, અને ઉદ્ધતાઇ, ક્રોધ, તથા મારફાડ કરવા તરફ તે વળે છે. પોતે શું બોલે છે તેનો તે વિચાર કરતો નથી, અને જેમના સંબંધમાં વહેમ ભરાયો છે તેમની માગણી તથા છૂટ યા સ્વાતંત્ર્યની દરકાર રાખતો નથી. તે વખતે તે પોતાની માણસાઇ ખોઇ બેઠો હોય છે, અને એક અવાચક પ્રાણીની પંક્તિમાં ઊતરે છે.

મનુષ્ય જ્યાંસુધી પોતાના પ્રથમ કલ્પી રાખેલા મતને અંતર્યામીના જ ઉદ્‌ગારો સમજી વળગી રહે, અને બીજાની સ્થિતિ વિષે શાંત ચિત્તે વિચાર કરવા ના પાડે, ત્યાંસુધી તેનામાંથી ધિક્કારની લાગણી દૂર થવાની નથી, અને આનંદ મેળવી શકાવાનો નથી.

જે મનુષ્ય સજ્જનપણું મેળવવા કોશિશ કરે છે ને બીજાઓ માટે નિઃસ્વાર્થપણે કાર્ય કરવા આકાંક્ષા રાખે છે તે મનુષ્ય, તેની ઉગ્રચિત્તવૃત્તિ અને નજીવા મતમતાંતરને પોતામાંથી દૂર કરશે, અને બીજાઓના વિચાર યા મત તથા લાગણી સમજી લેવા ક્રમેક્રમે લાયક થશે; વળી તેમની સમજશકિત કે અજ્ઞાન તે ધ્યાનમાં લેશે, અને એ રીતે તેમનાં અંતર તથા બાહ્યજીવન લક્ષમાં લઇને તેમની સાથે સહાનુભૂતિથી વર્તશે, અને તેઓ જે સ્થિતિમાં મૂકાયા હશે તે સ્થિતિ-તેનું ખરૂં સ્વરૂપ સમજી લેશે.

આવો મનુષ્ય બીજાના વહેમોમાં પોતાના વહેમોનો ઉમેરો કરવાનું માંડી વાળી, દયા તથા પ્રેમ દર્શાવી, વહેમનું

નિવારણ કરવા યત્ન કરશે. દુર્જનતાને ટેકો નહિ આપતાં, તે ભૂલી જવા માટે, તથા સજ્જનતાની તારીફ કરી તેને અનુસરવા આગ્રહ કરશે, અને એ રીતે મનુષ્યના અંતરમાં જે સદ્‌વૃત્તિ રહી છે તે બહાર આણવા કોશિશ કરશે. બીજા મનુષ્યોની કામ કરવાની રીત પોતાના કરતાં તદ્દન જુદી હોય તોપણ, તેમના નિઃસ્વાર્થ પ્રયત્નોમાં તે સજ્જનતા જોશે, અને એ રીતે ધિક્કારની લાગણી દૂર કરી પોતાના હૃદયને પ્રેમ ને આનંદથી ભરી દેશે.

જ્યારે બીજા માટે કડક વિચાર કરવા અને તેમને હલકા પાડવાનું વલણ કોઇને થાય ત્યારે તેના પોતાનામાં શી ખામી છે તે બદલ તેણે ચોકસાઈ કરવી જોઇએ. એના પોતાના માટે શરૂઆતમાં બીજાઓને ખોટા વિચાર અને ખોટી સમજ થયાં હતાં, તે વખતે તેને તેથી જે દુઃખ થયું હતું તે વખત તેણે યાદ કરવો, અને પોતાને જે કડવો અનુભવ તે વેળા મળ્યો હતો તે ઉપરથી શાણપણ અને પ્રેમદૃષ્ટિ ખીલવીને, જે દુઃખી મનુષ્યોનું કોઇ નથી, જેઓ તદ્દન બિનસમજ છે, અને જેમને સાચો બોધ મળ્યો નથી, તેવાઓ વધુ દુઃખી ના થાય તે બદલ તેણે સતત લક્ષ આપવું, અને તે વેળા કડવા ઘૂંટડા ગળવાના પ્રસંગ આવે તોયે તેમ કરતાં ખંચકાવું નહિ.

આપણા કરતાં જે વધુ શુદ્ધાચારી ને જ્ઞાની હોય છે તેવાઓને આપણી દયાની જરૂર હોતી નથી, માટે તેમના તરફ દયા બતાવવી વૃથા છે. તેવાઓ તરફ તો માનની નજરે જોવું, અને તેમની શુદ્ધ સ્થિતિએ પહોંચવા પ્રયત્ન કરવો. એ રીતે તે વિશાલ-વિકસેલું-ઉદાત્ત જીવન ગાળવા ભાગ્યશાળી થશે. જે મનુષ્ય પોતાના કરતાં વધુ ડાહ્યો છે

તેને તે પૂર્ણ રીતે કળી શકશે નહિ, તેથી તેને હલકો પાડવાનો યત્ન કરતાં અગાઉ તેણે પોતાના મનને ખરા ભાવથી પૂછવું કે, જેના વિરુદ્ધ હું કડવી લાગણી દર્શાવું છું તેના કરતાં હું સારો છું કે નહિ ? જો પોતે સારો હોય તો તેણે તેના તરફ દયા દર્શાવવી; જો તે પ્રમાણે ના હોય તો તેના તરફ માનની લાગણીથી જોવું.

હજારો વર્ષોથી ઋષિ મહાત્માઓ દાખલા દલીલો આપી, તથા તેવું જીવન ગાળી કહેતા આવ્યા છે કે, **સજ્જનતાથી જ દુર્જનતા દૂર થઇ શકે;** અને તેમ છતાં, મનુષ્ય-જાતિનો મોટો ભાગ એ બોધપાઠ શીખ્યો જ નથી. એ બોધપાઠ એક સૂત્રરૂપે અતિ સરળ છે, પણ ગળે ઉતારવો મુશ્કેલ છે, કારણ, મનુષ્યો પોતાના અહંભાવની ભ્રમણામાં અંધ થયા હોય છે. હજુયે મનુષ્યો પોતાના જાતિભાઇઓની ભૂલોનું વેર લેવામાં, તેમને હલકા પાડવામાં, અને તેમની સામે લડવામાં રોકાયલા જોવામાં આવે છે. તેમ કરીને તેઓ પોતાના મનના ખોટા ભ્રામક વિચારોનો, અને દુનિયાના દુઃખ-દારિદ્રનો વધારો કરે છે. જ્યારે તેમને સમજાશે કે, વેરભાવની જડ કાઢી નાંખી તેને બદલે પ્રેમ દર્શાવવાની જરૂર છે ત્યારે, પોષણની ખામીને લીધે દુર્જનતા આપોઆપ નષ્ટ નશે.

'ગુસ્સે ભરાયલા મન અને ધિક્કારથી ભરેલા હૃદયવડે, હું સાંજે ને સવારે, રાત્રે ને દિવસે મારૂં નુકસાન કરનારની શોધમાં રહેતો, અને સ્વપ્નામાં તથા જાગૃતદશામાં તેને 'મારુ' 'મારુ' એવા વિચાર આવ્યા કરતા. મારી દૈવી-પ્રકૃતિએ તે વેળા પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રકટાવ્યું, અને

આસુરીપ્રકૃતિ પ્રેમના રૂપમાં પલટાઇ ગઈ. શાંતિરૂપી શરદ પૂનમની ચાંદનીએ ઘણે દૂરથી મારા હૃદય ઉપર પ્રકાશ પાડયો, અને નુકસાન કરનાર પર પ્રેમનાં કિરણો નાંખ્યાં. તેથી તેનામાં રૂંવેરૂંવે પરોપકારબુદ્ધિ–ભૂતદયા ઉદ્દભવી, અને તેણે જીવતાં સુધી નમ્ર રહીને બીજાઓના દુઃખમાં સમભાવ બતાવ્યો.'

નાપસંદગી બતાવવી, વેર વાળવું અને બીજાને હલકા પાડવા એ ધિક્કારનાં જુદાં જુદાં રૂપો છે. એ બધાંની જડ હૃદયમાંથી કાઢી નાંખી નથી ત્યાંસુધી દુર્જનતા જશે નહિ.

બીજાએ મને નુકસાન કર્યું એવા વિચારો મનમાંથી કાઢી નાંખવા, એ ડહાપણ આવ્યાની–જ્ઞાનદૃષ્ટિ ખુલ્લવાની શરૂઆત છે. એ કરતાં વધારે ઉચ્ચ અને સારો રસ્તો તો એ છે કે, નુકસાનની વાતો ભૂલવાના પ્રસંગો આવે તેને બદલે તેમાંની એકે સ્મરણપટ ઉપર આવે નહિ એ રીતે પોતાના હૃદયને નિર્મળ કરવું ને મનને કેળવવું; કારણ, બીજાનાં કાર્યો અને વલણથી કોઇને યે દુઃખ થતું હોય તો તે આપણા પોતાના ગર્વ અને અહંભાવ સિવાય બીજા કોઇને નથી. માટે જે મનુષ્ય પોતાના હૃદયમાંથી ગર્વ અને અહંભાવને ફગોટી દેશે તેને એવો વિચાર કદી નહિ આવે કે, 'ફલાણાએ મને દુઃખ દીધું,' અથવા 'અમુકે મને નુકસાન કર્યું.'

જેનું હૃદય નિર્મળ થયું છે તે બધી બાબતોને તેમના ખરા સ્વરૂપમાં સમજી લે છે, અને આવી ખરી સમજણમાંથી શાંતિવાળું, ક્લેશ ને કંકાસ વગરનું, વિવેકજ્ઞાની, અને

ધાંધલ વગરનું જીવન ઉદ્‌ભવે છે. જે મનુષ્ય એમ સમજે છે કે, ‘ ફલાણા માણસે મને નુકસાન કર્યું’, ’ તે મનુષ્યમાં સત્યનો–જ્ઞાનનો પ્રકાશ પડ્યો નથી; જે દુર્જનતાને જડ-મૂળથી ઉખેડી નાંખવી જોઈએ તે દુર્જનતા બાબત તેના ભ્રામક વિચારો જે જ્ઞાનથી દૂર થાય છે તેવા જ્ઞાનની તેનામાં ખામી છે. બીજાનાં પાપો માટે જે શોક ને ચિન્તા કરે છે તે મનુષ્ય આત્મસ્વરૂપથી ઘણો દૂર છે; જે પોતાનાં પાપો માટે બેચેન રહે છે ને સંતાપ પામે છે, તે વિવેકજ્ઞાન –આત્મજ્ઞાનના દરવાજા નજીક પહોંચ્યો છે. જેના હૃદયમાં વેર વાળવાની હોળી સળગેલી રહે છે, તે શાંતિ શું છે એ સમજી શકશે નહિ, અને આત્માને ઓળખી શકશે નહિ. જે પોતાના હૃદયમાંથી વેર વાળવાનું દૂર કરશે તે જ તેને સમજશે ને ઓળખશે.

જેણે પોતાના હૃદયમાંથી દુર્જનતા દૂર કરી છે તે કદી વેર વાળે નહિ, અથવા બીજાના તેવા વર્તન વિરૂદ્ધ વર્તે નહિ; કારણ, દુર્જનતાનાં મૂળ અને પ્રકાર તેના સમજવામાં આવ્યાં છે, અને તેથી બીજાઓનું ગેરવર્તન તેમની અણ-સમજની ભૂલો પ્રમાણે લેખે છે. જ્ઞાનનો વધારો થતાં પાપ કરવું અશક્ય બને છે; જે પાપ કરે છે તે અણસમજુ છે; જે સમજે છે તે પાપ કરતો નથી.

જે અણસમજુ લોકો પુણ્યશાળી મનુષ્યને નુકસાન કરવા ધારે છે તેમના તરફ તે સાધુપુરુષ પોતાનું મૃદુ વર્તન ચાલુ રાખે છે. બીજાઓના ખોટા વલણથી તેને દુ:ખ થતું નથી; તેનું હૃદય દયા અને પ્રેમથી ભરેલું શાંત સ્વસ્થ રહે છે.

કોઈએ તેને નુકસાન કર્યાનું જેને યાદ નથી, કોઈનું ભૂંડું કર્યા બદલ જેણે પશ્ચાતાપ કરવાનો નથી, જેના નિર્મળ હૃદયમાં બીજાને માટે દ્વેષી વિચાર મૂળ ઘાલી વિસ્તાર પામતો નથી, તે સુખી છે.

જેઓ ખરૂં જીવન ગાળવા ઇચ્છા રાખતા હોય, જેમને પરમેશ્વર વહાલા હોય, તેમણે બીજાઓની વિરુદ્ધ જઇ ક્રોધે ભરાવવાનું બંધ કરવું, અને શાંતચિત્તે તેમનાં દૃષ્ટિબિંદુ સમજવા યત્ન કરવો. આવું વર્તન આચરવાથી તેઓ પોતાના મન ઉપર કાબૂ જમાવશે; બીજાઓ તરફ સદ્‌ભાવ બતાવતી વેળા દયાની દેવીના શીતળ પ્રક્ષાલનથી તેમના જીવાત્માને પોષણ મળતું જશે, અને શાંતિનાં સુરમ્ય ક્ષેત્રો ચરતું તેમનું હૃદય મજબૂત બનીને બમણા તેજથી પ્રકાશશે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

श्रेयश्च प्रेयश्च मनुष्यमेत-
स्तौ संपरीत्य विविनक्ति धीरः ।
श्रेयो हि धीरोऽभिप्रेयसो वृणीते
प्रेयो मन्दो योगक्षेमाद्वृणीते ॥

શ્રેય (કલ્યાણ) અને પ્રેય (પ્રિય) બન્ને મનુષ્યો આગળ આવીને ઊભાં રહે છે. ડાહ્યો પુરુષ બન્નેની ઘટતી પરીક્ષા કરીને તેની વચ્ચે વિવેક કરે છે. ડાહ્યો પ્રેય કરતાં શ્રેયને જ પસંદ કરે છે. મૂર્ખ મનુષ્ય યોગક્ષેમ (ઐહિક સુખોપભોગ)નું સાધન જાણી પ્રેયને સ્વીકારે છે.

ઉપનિષત્સ્મરણમ્ (આશ્રમ ભજનાવલિ).

ENTERED

SHML-BK
BK3104

BJ
1581
.A5T4
એલન, જેમ્સ.
દુનિયાની દુગ્ધાથી દૂર

Signature | Issue Date

BJ
1581
.A5T4

BJ
1581
.A5

BK-3104